પ્રાણ-લક્ષ્મી.

ભાગ ૨.

લેખક.

લીહાસ પરમાણંદદાસ ભૂતા

રાજુલાકર.

કીમત રૂ. ૧-

શ્રી

મનુષ્ય યત્ન–ઇશ્વર કૃપા

એ

કહેવત ઉપરથી

કન્યા વિક્રયની અનહદ ક્રૂરતા દર્શાવનારૂં

પ્રાણ–લક્ષ્મી

નાટક

ભાગ ૧.

રચનાર

તથા

મુંબઈમાં પ્રસિદ્ધ કરનાર,

લક્ષ્મીદાશ પરમાણંદદાસ ભૂતા,

રહેવાશી રાજુલા.

(સ્ટેટ ભાવનગર–કાઠીઆવાડ.)

પ્રથમ આવૃતિ.

પ્રત ૧૦૦૦

સન ૧૯૧૧. સંવત ૧૯૬૭.

કીમ્મત રૂ. ૧-૮-૦

આ પુસ્તક કાલબાદેવી રોડ પરના કાલબાદેવી પ્રીન્ટીંગ પ્રેસમાં નાનચંદ માણેકચંદ
મહેતાએ માલેકને માટે છાપ્યું છે.

પ્રસિદ્ધ કરનારનું ઠેકાણું.
બારભાયા મોહોલ્લો-મુંબઇ.



શ્રીયુત

ગાયકવાડ મહારાજા શ્રી સયાજીરાવ.

"અર્પણ પત્રિકા."

કન્યા વિક્રય રૂપી ક્રૂરી વૃક્ષ પર પ્રાપ્ત થએલાં કુંમળાં ફૂળોને બચાવી લેવા અને તે ક્રૂરી વૃક્ષનું મૂળ ચ્છેદન કરવા સુદંતર પ્રયાસ જારી રાખી અનેક દુઃખી અને નિરાધાર અબળાઓનો આશીરવાદ મેળવનાર, ઉચ્ચથી તે નિચ વર્ણ પર્યંતમાં સમસ્ત જ્ઞાતીના દરેક બાળકો તથા બાળકીઓપર એકજ દ્રષ્ટીથી સરખી રીતે વિદ્યાનું દાન અર્પણ કરી તેમના ભાગ્યને ઉજવળ બનાવનાર; પ્રજાને પુત્ર તરીકે લેખી તેમનું સર્વ પ્રકારથી રક્ષણ કરતાં પ્રજાની ઉન્નતિનો માર્ગ સદોદીત શોધવામાંજ તમામ **રાજયનું અને જીંદગીનું સાફલ્ય ઇચ્છિનારા એવા** શ્રીયુત શ્રીમંત ગાયકવાડ **સરકાર સયાજીરાવ મહારાજાશ્રીને** હું આ **પ્રાણ-લક્ષ્મી** નાટક ભાગ ૧ પુસ્તક રૂપે પ્રદર્શિત કરી મારો શરૂઆત પ્રયત્ન સફળ માની આપને અનંત સ્નેહ ભાવે પ્રેમપૂર્વક ભેટ કરું છું, એજ વિનંતી.

લી.

શુભ ચાહક

મુંબઈ,

તા. ૧-૫-૧૯૧૬

સોમવાર.

લક્ષ્મીદાસ પરમાણંદદાસ ભુતા

રાજુલાકરના.

વિનય પૂર્વક નમન.

" પ્રબોધ વાચક "

" સાહસ કર્મ કર્યા થકી
" થાય હર્ષનો નાશ.

પણ

" નિતી વર્તન આચરે
" પામે કદી ઉલ્લાસ

" વિનાશ કાળે વિપરિત બુદ્ધિ
" થતાં ન રહે ચિતની શુદ્ધી

તો પણ

" ધિરજના ફળ મીઠાં છે

એટલુંજ નહિ પરંતુ

" કોઇ વખત મોઠાં પણ છે.

મુખ્ય પાત્રોના નામ.

પુરૂષ વર્ગ.

ખીમદાસ શેઠ—મુંબઇમાં લક્ષાધિપતિ વણીક વ્યાપારી સ્વજ્ઞાતીના નગરશેઠ સરકાર તરફથી 'સર'

પ્રાણલાલ— તેનો પુત્ર અને "બારીસ્ટર."

મુનીમ—શેઠનો સાળો. (પ્રાણલાલની ઓરમાન માતુશ્રીનો ભાઇ.)

જગો ઢેઢી—કન્યા વિક્રય કૃત્ય કરવામાં અગ્રેસર.

કીશોર—તેનો પુત્ર અને પ્રાણલાલનો બાળ સ્નેહી.

પ્રભુદાસ—રાજ્યનગરનો દિવાન.

રાજકુમાર
રાજસિંહ } રાજ્યનગરનો પાટવી કુંવર.

સ્ત્રી વર્ગ.

શેઠાણી— ખીમદાસ શેઠની સ્ત્રી પ્રાણલાલની ઓરમાન મા.

હરખ— જગા ઢેઢીની સ્ત્રી.

લલીતા— તેની મ્હોટી પુત્રી.

લક્ષ્મી — તેની નાની પુત્રી.

કમળાવંતી— પ્રભુદાસની પુત્રી-મેટ્રીક થએલી

એ સિવાઇ નાટકમાં જોઇતાં અનેક પરચુટણ પાત્રો.

પ્રાણ—લક્ષ્મી

નાટક

ભાગ ૧.

પ્રવેશના ક્રમો

મંગળાચરણ.

૧ પિતા સામે પુત્રનું વ્યાજબી તોફાન.

૨ ભાઇ બ્હેનનો વિયોગ.

૩ **મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા**

૪ પ્રાણલાલ તથા લક્ષ્મીની મુલાકાત.

૫ **કન્યા વિક્રયની ક્રૂરતા.**

૬ પ્રાણલાલને બંગલે લક્ષ્મીનું આગમન. પ્રાણલાલે લક્ષ્મીને આઠ હજારની હીરાની વીંટી ભેટ કરવી.

૭ વિઘ્ન સંતોષી મુનીમનું નિમકહરામી પણું.

૮ રાજ્ય નગ્રના દીવાન પ્રભુદાસને માન આપવા મળેલી મીટીંગ.

૯ **પ્રાણ–લક્ષ્મીનો** અચાનક મેળાપ. પ્રાણલાલે **ઇશ્વર આજ્ઞા અને સત્ય પ્રતિજ્ઞા** પૂર્વક પ્રતિજ્ઞા લેવી.

૧૦ આંખના આંધળા અને કાનના કાચા શેઠનો વફાદાર પુત્ર પ્રત્યે વૃથા કોપ. છતાં પણ વિદ્વાન્ પુત્રની પિતા પ્રત્યે લાયકાત વફાદારી

૧૧ પ્રાણલાલનું ઘર તજી વિદાય પણું શેઠનો અનહદ પશ્ચાતાપ.

નાટકના સંબંધનો પૂર્વ વૃતાંત

અદ્રષ્ય દેખાવ

લલિતાને સતર અને લક્ષ્મીને ચૌદ વર્ષ થયાં છે છતાં પણ હજુ સુધી તેઓનું વેવીશાળ પણ કર્યું નથી જાણી. વીસ વર્ષની ઉમરે પહોચેલો–લગ્ન ઉપરાંત ઉમ્મરની થએલી તો પણ પોતાના અજ્ઞાન પીતાના અકૃત્યથી રીબાતી પીડાતી કન્યા કાળ વ્યતિત કરતી બન્ને નિરદોષ કન્યાઓનો ભાઇ કીશોર પોતાના પીતાને પોતાની બન્ને બહેનોના લગ્ન સંબંધી અતિશય કાળજી દર્શાવે છે પરંતુ દીકરીનું વેચાણ કરી તેના પૈસા લેવામાં છતી આંખે આંધળો થએલો જગા દેઢી અને તેનાં મતને મળનારી તેની પત્ની. એ બન્નેની અંધ ચક્ષુ જાગૃત થતી નથી છેવટે ગામમાંથી અત્યંત ખાસડાનો માર મળવાથી તેમજ પોતાની જ્ઞાતિમાં અવનવી બાબતોમાં અનહદ ચર્ચા ચાલવાથી છેવટે મુંબઇમાં પોતાની જ્ઞાતીમાંથી પોતાના મન માંનતા પૈસા આપનાર કોઈ સખી જન નહી મળવાથી કંટાળી જઇ નિરાશ થતો મુંબઇથી ઇનજીન ગાડીને રસ્તે વીશ કલાકને છેડે રાજ્ય નગ્ર નામના શહેર પાંસે કુન્દપુર નામના ગામડામાં જઇ તેમાં વસતા મરણને કીનારે આવી પહોંચેલા પરંતુ પોતાની જ્ઞાતી માંહેના સાઠ વરસના ડોસા સાથે રૂ. ૫૦૦૦) રોકડા લઇ લલિતાનુ વેવિશાળ કરે છે અને માહા વદ ૧૩ ને રવીવારના લગ્ન નિરધારી. મુંબઇમાં આવતાં તુરતજ લીધેલા રૂપીઆ પાંચ હજાર મુંબઇ બેંકમાં પોતાના નામથી જમા કરાવ્યા પછી

ઘરે જઇ પોતાના સગા વ્હાલ ઓમાં તેમજ જગતમાં પોતાની દીકરીને માટે યોગ્ય સ્થળ લાયક વર અને ઉમ્મર વરસ વાલ્લાના છે આપણે કાંઇ લીધું નથી. વાગેરે "ગપાષ્ટમ" નામનું હોકા પંત્ર ચલાવી પોતાના ઘરમાં પુત્ર પુત્રી પત્ની સર્વને જ્ઞાજવાના જળનો દેખાવ દર્શાવી આનંદ સહિત લગ્નની તૈયારી કરવા માટે માટુંગા રોડપર બે દીવસને માટે કોઇ સારો ભાડુતી બંગલો ખરીદે છે આજે મહા વદ ૧૩ અને રવીવારના રાત્રીના સાત વાગ્યા ઉપરાંત નો સમય થવા આવ્યો છે અને તોરણે સાઠ વરસનો બુઢો વર કુન્દનપુરથી ધામધુમ સહિત લલિતા નામની કન્યાને પરણવા આવ્યો છે જાનમાં આવેલી જાનડીઓ બુઢા વરના સારા નરસા શબ્દોમાં ગીત ગાય છે એવા હાસ્ય ભરેલા દેખાવમાં **પ્રાણ-લક્ષ્મ!** નાટકની શરૂઆત થાય છે.

નાટકનો પ્રારંભ

ઈશ્વર સ્તુતિ.

મંગળા ચરણ.

દિનદયાળ દિનના નાથ સકળ અકળ વિશ્વનાથ
કષ્ટ કાપી સુખ સ્થાપી ભકત જનોની ભીડ ભાંગી
નાટકનો શુભ સાર ગ્રહવા, પ્રેક્ષકોને પ્રેરજે-દીનદયાળ

પ્રાણ-લક્ષ્મી.

નાટક.

પહેલો અંક.

પ્રવેશ પહેલો.

સ્થળ—મુંબઈ પાસેના માટુંગા રોડપર ભાડુતી બંગલો.

દેખાવ—લગ્ન મંડપમાં બાજોઠપર સાઠ વરસનો બુઢો વર લાકડીના આધારથી ડગમગતો ઉભો છે. વરને પોંખવા વરની સાસુ આવી નથી જાણી જાનુમાં આવેલી જાનડીયો ગીત ગાય છે.

સમય—લગ્નની તીથી—માહા વદ ૧૩ સુર્યવાર, રાંત્રીના સાત વાગ્યાનો.

ગાયન.

જાનડીયો— (૧)

“ વરને પોંખો તમે વહુની માડીરે,
“ આવ્યા તેને લ્યો તમે વધાવીરે,
“ ઘરડા વર ઉભા રહી થાકેરે,
“ નથી ઉભું રહેવાતું તેનાથીરે,
“ માટે જલદી આવો વહુની માડીરે,
“ લાડકડા વરને સોંપો લાડીરે.

એટલું ગવાય છે તેટલામાં અંદરથી વરની સાસુ લક્ષ્મીને સાથે લઇ હાથમાં ત્રાંબાનો કળશો, શ્રીફળ વીગેરે વરને પોંખવાના સાહિત્યો સહિત આવે છે તેવામાં સામેથી ગભરાએલા આવેશમાં ઉતાવળો ઉતાવળો પોતાની માતાનો હાથ પકડીને—

કીશોર—માતા, માતા, દગો !

હરખ—દીકરા, શેનો દગો ?

કીશોર—(વર તરફ આંગળી બતાવીને) જુઓને બહેનને પરણવા આવનાર કોઇ સાઠ વરસનો

ઉંધો જણાય છે. આ બાબતમાં મારા પીતાજીએ શું તોફાન કર્યું છે તે હું કંઇ પણ સમજી શક્તો નથી.

હરખ—હા. મને પણ એમંજ લાગે છે.

લક્ષ્મી—પણ ભાઇ કીશોર, પીતાજી જ્યારે બેન લલીતાનું વેશવાળ કરીને આવ્યા ત્યારે તો એમ કેહેતા હતા કે બેનનો વર વીસ વરસનો છે.

કીશોર—હા, બહેન, તેથીજ હું પણ અજબ થાઉં છું કે આ બાબતમાં પીતાજીએ સમ્પૂર્ણ ઠગાઈ કરી છે. પણ પીતાજી કેમ જણાતા નથી.

લક્ષ્મી—જો ભાઇ સામેથી પીતાજીજ આવતા જણાય છે. (જગો ડેઠી અંદરથી આવે છે.)

કીશોરં—પીતાજી! પીતાજી! આ શું છે ભવાઇ—બ્હેનની તમે કોની સાથે કરેલી છે સગાઇ!!

જગો—(જરા શરમાતે ચહેરે પણ હીમ્મતથી)

આ તારા બનેવી સાથે કરેલી છે સગાઇ,
તેમાં ઉછાછળો થઇ પૂછે છે શું ભાઇ.

કીશોર—આ સામે ઉભેલો, મરણને કીનારે પહોંચેલો સાઠ વરસનો બુઢણુજી—એ શું મારો બનેવી? નર્કના દરબારમાંથી મોકલેલું યમદુતનું ઘરાક—એ શું મારી બ્હેનનો વર? અફસોસ! અરે પીતાજી પીતાજી તમે તો આજે સત્યાનાશ વાળી નાંખ્યું છે.

જગો—દીકરા રૂ. ૫૦૦૦) રોકડા લીધા છે. તેમાં સત્યાનાશ શું વાળ્યું છે.

કીશોર—અરે પીતાજી રૂ. ૫૦૦૦) રોકડા લેતાં–કન્યા વિક્રયરૂપી ક્રુર કૃત્ય કરવાં જતાં તમારૂં હૃદય ચિરાઈ કેમ ન ગયું. કન્યા વિક્રય નામના પાપના પોટલાં બાંધવા જતાં તમારા દેહનો અંત કેમ ન આવ્યો.

જગો—(રોષથી) કીશોર કીશોર, વધુ બોલતી તારી

જીભને અટકાવ, આ બાબતમાં તારો મ્હોટો લાભ સમાએલો છે.

કીશોર—(આતુરતાથી) મારો લાભ એટલે શું ?

જગો—એટલે એકે લીધેલા રૂપીઆથી તને વરાવવો અને પરણાવી તારો સંસાર સુખી કરવો.

કીશોર—આહા! (કાનપર હાથ મુકીને) આ હું શું સાંભળું છું? અરે! ગરીબ જેવી ગાય અને નિરપરાધી બાળકીને દુઃખના દરીઆમાં ડુબાડી દઇ, અરે તેની સુવર્ણમય સુખી જીંદગીને અઘોર સંકટના ખાઓંચીયામાં રગદોળી નાંખી તેના વેંચાણ તરીકે લીધેલા પૈસાથી પોતાના પુત્રને પરણાવવાની ઇચ્છા રાખનારા તમારા જેવા ઘાતકી પીતાઓને લાખો ફીટકાર છે. અને પરણવાની અભિલાષ રાખનારા બાયલા પુત્રોને કરોડો ધિક્કાર છે. અરે પીતાજી પીતાજી–

"કન્યા વિક્રય જે કરે ધન લઇ ધિક્કાર તો તેને ઘરો,
"ધનને લોભે વર ન જૂએ એ પાપી પુરો ખરો.

"દ્રવ્ય લઇને દીકરીનો જે (તેનો) સ્વાર્થ સાધે નહીં.
"તે અધમ પાપી નર્કનો છે નકી .અધીકારી સહી.

જગો—અરે છોકરા. તારા બાપદાદાઓ તો દીકરીના પૈસા લઇ લઇને થાકી ગયા. અને આજે તું મારે પેટ પડયો છે એટલે બહુ હુશીઆર થઇ ગયો કેમ?

કીશોર—શું બાપદાદાએ દીકરીના પૈસા લીધા હોય, તેથી શું પુત્રે પૈસા લેવા? બાપદાદાએ હરામીપણું કર્યું હોય તેથી શું પુત્રે હરામીપણું કરવું. બાપદાદા મુર્ખ અડબંગ વ્યસની જુગારી વ્યભિચારી—ચોર વીગેરે અનેક દુર્ગોણોથી ભરપૂર હોય, તેથી શું પુત્રે તેવું વર્તન આદરવું? નહીં નહીં, પીતાજી નહીં. બાપદાદા હલકી ચાલના હોય તો પુત્રે તે ચાલ સુધારવા પ્રયત્ન કરવો. છતાં ન સુધરે તો તેને પ્રદર્શિતમાં લાવી બને તેટલા ખાસડાનો માર મારી સુધારવો.

જગો—અરે દીકરા, તું બોલતાં એકદમ. વધી ન જા.

હજારો માણસોમાં મારી આબરૂપર પાણી ન ફેરવ.

કીશોર—પીતાજી, જ્યારે આબરૂની દરકાર હતી, ત્યારે આ સાંમે ઉભેલા-સમશાનમાં જવા માટે આપણની શોધ કરવા આવેલા મુડદા સાથે બેનનું વેશવાળ કરવા જતાં વિચાર નહોતો આવ્યો? પીતાજી, હજુ પણ આબરૂની અને નાકની દરકાર હોય તો આ સાંમે ઉભેલા શબને રજા આપો. અને લીધેલા પૈસા પાછા આપી કોઇ લાયક વર સાથે બહેનને પરણાવો.

જગો—કીશોર, એ કદી પણ બની શકનાર નથી.

કીશોર—પીતાજી નહીં બની શકનાર બનાવવું પડશે અને નહીં બને તો તેનું મોટું વિપરીત પરિણામ આવશે.

લક્ષ્મી—આ અઘટીત બનાવ મારાથી જોઈ શકાતો નથી માટે હું તો અહીંથી ચાલી જાઉં.

(જાય છે.)

જગો—કીશોર આ બાબતની વચમાં પડવાનું તારે જરા પણ કારણ નથી. મારી પુત્રીનું હું ગમે તેમ કરવાનો સતાવાન છું. કારણ કે તારી બહેનનો અને તારો હું પીતા છું.

કીશોર—તું પીતા છો. (મર્યાદા ત્રોડે છે.) નહીં નહીં તું પીતા નથી પણ અજાનો ગયા ભવનો કોઈ ઘાતકી શત્રુ છો. અરે જે પારાધી એટલે જે કસાઈ કહેવાય છે તે પણ પારકા જીવની હીંસા કરી તેનું લોહી પીયે છે પણ પોતાના પ્યારા બચ્ચાંને માટે તો સદા પ્યાર અને પ્યારાજ રાખે છે. માટે પીતા, તું પારાધી કરતાં પણ વધારે નીચ ઠર્યો.

જગો—(એકદમ ગુસ્સેથી) અરે હરામી છોકરા, તું મારાથી વિરૂદ્ધ થઈ જાનમાં આવેલા માણસોમાં મારી બદબોઈ કરવા બેઠો છે. પણ યાદ રાખજે કે પાછળથી તને બહુ પસ્તાવાનો વખત આવશે. બસ જા તું હમણાંને હમણાં મારા ઘરમાંથી નીકળી જા.

કીશાર—પીતા જે ઘરમાં કન્યા વિક્રયરૂપી ક્રુરી પૈસાનો જન્મ થયો છે અરે, જે ઘરમાં દીકરીના રકતનો—લોહીનો પૈસો પ્રાપ્ત થયો છે. તો તે ઘરનું અન્ન અને જળ મારે હરામ થઈ ચુકયું છે, માટે પીતાજી તોરણે આવેલા વરને રજા આપો એટલે હું પણ અહીંથી ચાલ્યો જાઉં.

જગો—તોરણે આવેલા વરને તો હું તારી બહેન સાથે પરણાવીનેજ મોકલીશ.

કીશાર—અરે પીતા, તું વરને પરણાવીને મોકલીશ. તો હું બહેનને પરણાવવા પહેલાં તારૂં ખુન કરીશ. પણ મારી વ્હાલી બહેનને બચાવીશ. બચાવીશ.

જગો—શું તારા બાપને ઘરે રાજ આવી ગયું છે કે તું મને મારી નાંખીશ. હમણાંજ સીપાઇને બોલાવી પકડાવી દઉં છું અને પછી જોઉં છું કે તું મારૂં કેમ ખુન કરીશ. (દોડે છે.)

કીશોર--પાછળથી પકડીને-બહાર જતો અટકાવીને)
અરે સીપાઇને બોલાવવા ન્હાસી જનાર બાયલા પીતા મને પકડાવ્યા પહેલાંજ તને નર્કનો અધિકારી બનાવી દઉં છું.
(ખીસામાંથી ચપ્પુ કહાડે છે અને ચપ્પુ ઉઘાડી પોતાના પીતાને પકડી પોતાના પગના ગોડણુપર જોર જુલ્મથી સુવરાવતાં.)

"અરે કુરીના કુરી પીતા અકુરી.
"વેચી બાળાને તું બન્યો પ્રૌઢ સુરી.
"લઇ પુત્રીના પૈસાથી સુખ માંણે,
"કરૂં ખુન તારૂં હવે આજ ટાંણે.

[એટલું બોલી ચપ્પુ પેટમાં મારવા જાય છે તેટલામાં]

હરખ—(પાછળથી એકદમ કીશોરનો હાથ મજબુત પકડી રાખી] હું હું કીશોર! સબુર કર તારા પીતાપર એકદમ જુલમ ન કર.

કીશોર--માતા, માતા મને છોડીદે મારા દુષ્ટ પીતાને ઠાર કરી મારી વ્હાલી બહેનને બચાવા દે.

હુરખ—કીશોર, કીશોર, તું જો મારા પેટનોજ પુત્ર હો તો એક શબ્દ પણ બોલ્યા સિવાય તારા પીતાને છોડી દે.

કીશોર—(ચપ્પુ ફેંકીદઇ) હાય અફસોસ !

પડદો પડે છે.

પ્રવેશ પહેલો સમાપ્ત.

પ્રવેશ બીજો.

માહા વદ ૧૪ ચંદ્રવાર સહવારના આઠ વાગ્યાનો સમય.

(અફસોસ અને નિરાશ ચહેરે કીશોર અંદરથી બોલતો આવે છે.)

ગાયન ૨.

રાગ કવીતાનો.

"હતી જે અતી પ્રાણથી પુત્રી પ્યારી.
"કરી દુઃખી તેને હવે શત્ર ધારી,
"પીડા તેની પેખી ઝરે અશ્રુધારા,
"તજો ક્રુર આ ચાલ ઓ દેશી મારા.

"નથી ભુત પીશાચણી એ બીચારી
"નથી બાપ દાદા હણી થૈ હત્યારી,

"કહો વાંક તેણે કર્યાં જે તમારા
"તજો ક્રુર આ ચાલ ઓ દેશી મારા.

"ઘણાં દુઃખથી તે તજે અન્ન પાણી
"ગયાં રૂપને રંગ અંગે સુકાણી,
"તથાપિ કરો દુઃખમાં કાં વધારા,
"તજો ક્રુર આ ચાલ ઓ દેશી મારા.

"પછી દુઃખ જ્યારે શકે ના ખમાઈ
"પડે કુપમાં કાં મરે વિષ ખાઇ,
"હણી નીજ પુત્રી બન્યા છે હત્યારા,
"તજો ક્રુર આ ચાલ ઓ દેશી મારા.

"જુઓ મુર્ખતા કેવી આ દેશી લોકો
"રડો દુઃખતી આંખમાં મારી ઝોંકો,
"કહો કેમ આવે પછી દુઃખ આરા
"તજો ક્રુર આ ચાલ ઓ દેશી મારા.

માયાના મોહમાં મોહાઈ જઇ માણસો, કેવાં અકૃત્ય કૃત્યો કરે છે તેનો દાખલો આજે મેં મારે ઘરેજ જોયો: અરે પીતા, એ દુષ્ટ પીતા ! તું પાંચ હજાર રૂપીઆના લોભમાં લોભાઇ જઇ બહેનની આખી જીંદગાની ધુળધાણી કરી નાંખી, પણ પીતા યાદ રાખજે કે આ હરામી આવેલો પૈસો હરામી રસ્તે ચાલ્યો જશે, સાથે હકનો-ઘરનો પસો પણ માટી સાથે મળી જશે.

" હરામી પસો હરામમાં, હરામ થઇ ચાલ્યો જશે,
" હકનો પૈસો સાથે મળશે, તે પણ હરામો થઇ જશે,
" માટે સમજી સજ્નો, આ ફંદમાં પડશો નહી,
" બાળ વેચી પૈસા લઇને, સુખ કદી જોશો નહીં,

પીતા સાથે વેર બાંધી પીતાનું ઘર તો તજ્યું અને રાત્રીએ મિત્ર પ્રાણલાલને પત્ર પણ લખ્યો. તે પત્ર અત્યારે પહોંચવામાં હશે. પણ પ્રાણલાલના હૃદયમાં મારા પ્રત્યેનો સ્નેહ હશે. કે કેમ તે બાબતમાં શંકા રહે છે. કારણ કે લક્ષાધિપતિનો બાળક વળી વીલાયત જઇ બારીસ્ટની ઉત્તમ પરીક્ષામાં પાસ થઇ આવેલો તેમજ મારાથી લાંબા વખતથી વીખુટો પડેલો પ્રાણલાલ આ ગરીબ મિત્ર કીશોરને યાદ કરે એમ હું માની શક્તો નથી. હવે ગમે તેમ હોય તો પણ

પત્રના પ્રતિઉત્તરની રાહ જોવા કરતાં અહીંથી સીધું પ્રાણુલાલને બંગલે જવું, પ્રાણલાલને મળી તેનો સાચો પ્રેમ હશે તો રોકાવું નહીંતર પછી પ્રણામ કરી ચાલી નીકળવું. અને પછી આ ભાગ્ય જ્યાં દોરે ત્યાં દોરાવું. પણ હીંમ્મત રાખી એક વખત મિત્ર પ્રાણુલાલની મુલાકાત તો લેવી—

(જાય છે એટલામાં સામેથી)

લક્ષ્મી—અરે ભાઇ ભાઈ, તારી નિરાધાર અને નાની બ્હેનને ટળવળતી મુકી ક્યાં ચાલતો થાય છે

(કીશોરને ગળે બાઝી પડે છે)

કીશોર—કોણ, મારી વ્હાલી બ્હેન લક્ષ્મી. બ્હેન લક્ષ્મી દીલગીર ન થા, ઇશ્વર ઇચ્છા પ્રમાણે જ્યાં સુધી એક બીજાનું અંજળ હોય છે ત્યાં સુધીજ ભેગું રહેવાય છે આજે પીતાને ઘેરથી મારૂં અંજળ સમ્પૂર્ણ થયું છે માટે હું જાઉછું. લક્ષ્મી ખેદ છોડી દે.

લક્ષ્મી—ભાઇ ભાઇ, ખેદ કેમ છોડાય, મોટી બેનને તો દુષ્ટ પીતાએ કુવામાં નાંખી દીધી પણ આ તારી નાની બ્હેન લક્ષ્મીનું શું થશે તેનો ભાઈ, તને કાંઇ પણ વિચાર નથી આવતો?

કીશાર—બહેન વીચાર કેમ ન આવે. વિચાર આવ્યો હતો ત્યારેજ રાત્રીએ માંડવાની તચોવચ્ચ જંગ મચાવી મોટી બહેનની જીંદગી બચાવવાને ખાતર પાપી પીતાનું ખુન કરવા પણ તૈયાર થયો હતો.

લક્ષ્મી—ત્યારે ભાઇ, એ પાપી પીતાને પાર શા માટે ન કર્યો.

કીશાર—શું કરૂં બહેન કહેતાં જીભ ઉપડતી નથી. છતાં કહેવું પડે છે કે રાત્રીએ ખીસામાંથી ચપ્પુ કહાઢી અને પીતાને મારવા ગયો એટલામાં માતાએ મારો હાથ પકડી મને મેણું માર્યું. અને કહી સંભળાવ્યું કે તું મારા પેટનોજ પુત્ર હો, મેં તારો નવ માશ ભાર જીલ્યો એ સફળ કરવા માંગતો હો તો એક શબ્દ પણ બોલ્યા સિવાય તું તારા પીતાને છોડી દે. તો બહેન માતાનું અખંડ સૌભાગ્ય અમર રાખવાને માટે બહેનને સંકટરૂપી સમુદ્રમાં ડુબાડી દેતાં નજરો નજર જોઇ પીતાને જીવતો રાખ્યો છે. "અને

આપણને જન્મ આપનાર માતાનું વચન સત્ય કરી હું ઘર છોડી હમણાંજ ચાલ્યો જાઉં છું.

લક્ષ્મી—ભાઇ, માતા અને પીતા બન્ને વેરી બન્યા તો હવે મારા માટે શું ઉપાય.

કીશોર—બ્હેન, ઉપાય તો એવો સજ્જડ હાથમાં આવ્યો હતો કે એક વખત બ્હેનનું ભાગ્ય સુધારવાને ખાતર હું ફુરી પીતાનું ખુન કરત અને તે ખુનના બદલામાં સરકાર તરફથી ફાંસીએ ચડી દુનીઆમાં એક નવું અજવાળું કરી જાત કે કન્યા વિક્રય નામનો અનિષ્ટ કૃત્યનો અટકાવ કરવાને માટે પુત્રે પોતાના પીતાનું ખુન કર્યું. અને તેના બદલામાં ફાંસીની સજા ભોગવી મૃત્યુને શરણ થયો. પણ લાચાર છું બ્હેન, કે હાથમાં આવેલી બાજી માતાએ બગાડી નાંખી અને માતાએ પોતાનો સ્વાર્થ સાધવા માટે પોતાની પુત્રીનું ભવિષ્ય બગાડી નાંખ્યું,

તો બહેન, "ઘર ફીટે ઘર જાય" એ કહેવત પ્રમાણે મારા એકલાનો શું ઉપાય માટે બહેન લક્ષ્મો, શાન્તી રાખી તારા નિરાધાર ભાઇને આશીરવાદ આપી રજા આપ કે તે કોઇ પણ સ્થળે જઇ સુખી થાય.

લક્ષ્મી—ના ભાઇ ના, હું તને નહીં જવા દઉં. તું ગયા પછી મને કોનો આધાર—અરે દુષ્ટ કૃત્ય કરનાર માત પીતા, તમને તમારી પ્રજા પર જરાપણ દયા નથી આવતી? અરે, દીકરીના પૈસામાં અંધ બની તમારા વીશ વરસના જુવાન દીકરાને પણ ઘરમાંથી કહાઢી મુકોછો. ધિકકાર છે તમારા જેવા હરામી માતપીતાને. અરે પ્રભુ, પ્રભુ, તારે જન્મ આપવો હતો તો આવા નિચ હરામી માત પીતાને ત્યાં શામાટે જન્મ આપ્યો?—ભાઇ, હું તને અહીંથી નહીં જવા દઉં. તું ગયા પછી હું નિરાધારને કોનો આધાર.

(આંખમાં આંસુ આવે છે અને ડચકાં ભરતી ભરતી નીચેનું ગાયન બોલે છે)

ગાયન.

(૩)

રાગ. નરસીંહ મહેતાના ખેલમાં
મુજને તજી નહીં જા પ્યારી એ બહેની.

" મુજને તજી નહીં જા વ્હાલા તું વીરા,
" બહેન મન વીરા ,છે અમુલ્ય હીરા,
" ટળવળતી મુકી ચાલ્યો તું વીરા, મુજને.

" દુષ્ટ પીતાથી હું અકળાઉં,
" વૃદ્ધ પતીના ભયથી મુંઝાઉં,
" તેમાંથી તું બચાવી લે વીરા, મુજને.

(કીશોરની આંખમાં જળજળીઆં ભરાઈ આવે છે)

કીશોર—બહેન, બહેન, હવે મને રોકવાનું ન કર. કારણકે મારો જીવ બહુજ અમુંઝાયું છે, મન મુંઝાય છે, રાત્રીના ભયાનક બનાવથી બહેન પર પડતી વિપતિના વિચારથી મારૂં ચિત્ત ઠેકાણે નથી રહેતું. માટે હવે મને આ પાપી

ઘરમાંથી જવાદે, મારે આજથી આ ઘરનું અન્ન પાણી હરામ થઇ ચુકયું છે.

લક્ષ્મી—પણ ભાઇ તું અહીંથી કયાં જઇશ. તારી પાસે ખાવા પીવાનું કંઇપણ સાધન નથી. અરે અહીંથી મુંબઈ પહોંચવાનું ગાડી ભાડું પણ તારી પાસે નથી. ભાઇ, તું બહુજ દુઃખી થઇશ હો.

કીશોર—બહેન તે બાબતનો તું ખેદ ન કર. ઈશ્વરે જેને દાંત આપ્યા છે તેને ચાવણું આપી રહેશે. માટે તે વિચાર છોડી દઈ તારા નીરાધાર ભાઈને આનંદ સાથે રજા આપ.

લક્ષ્મી—પણ ભાઈ, તું તુરતને માટે હમણાં કયાં જઈ વસીશ.

કીશોર—હાલ તુરતને માટે તો મારો મિત્ર પ્રાણલાલ જે બારીસ્ટરની પરીક્ષામાં પાસ થઇ અઠવા-ડીયું થયાં અત્રે આવેલ છે, તેને મેં રાત્રે પત્ર લખ્યો છે. તે હમણાંજ પહોંચ્યો

હશે. હું અહીંથી ચાલીને તેને બંગલે વાલકેશ્વર જાઉં છું. અને તેનો મારા પ્રત્યેનો બાળ સ્નેહ કાયમ હશે તો ત્યાંજ રહી તેની નોકરી બજાવીશ અને સ્નેહ નહીં જોવામાં આવે તો પછી આ અભાગી ભાગ્ય જ્યાં લઇ જશે ત્યાં જઇશ-રખડીશ–રજળીશ. છતાં પણ આ પાપી પેટ નહીં ભરાય તો છેવટે ફોડી નાંખીશ પણ અહીં કદિ પણ પીતા સાથે નહીં રહીશ. માટે બેન લક્ષ્મી મને રજા આપ એટલે હું મારા મિત્ર પ્રાણ-લાલને મળી હૃદયમાં રહેલી અપેક્ષા સમ્પૂર્ણ કરૂં.

લક્ષ્મી—ઠીક જા ભાઈ, સાધન છે એટલે સીધાવ અને તારી મનની ઈચ્છા પુરી કર. અને સાથે તારી વ્હાલી બ્હેનની આ અલ્પ પ્રસાદી સ્વીકાર (કીશોરના હાથમાં કંઇ આપે છે.)

કીશોર—એ શું છે? બ્હેન. (લેતો નથી)

લક્ષ્મી—રાત્રીએ બ્હેન ચોરીએ ચડી ત્યારે બનેવી

તરફથી આપણી જ્ઞાતિના રીવાજ પ્રમાણે બનેવીનો અંગુઠો થોભવાનો રૂા. ૧) મને મળેલ છે તે તું સાથે લઇ જા. અને અહીંથી રેલમાં બેસી ગ્રાન્ટરોડ ઉતરજે. અને ત્યાંથી વાલકેશ્વર જજે તારા મિત્ર તરફથી તને નોકરી મળે તો ઠીક નહીંતો પછી આ રૂપી-ઓ ચાલે ત્યાં સુધી વીશીમાં જમજે એટલામાં મુંબઈ મ્હોટું શહેર છે તો તને કયાંઇ પણ નોકરી મળી રહેશે.

કીશોર—ના બ્હેન, એ હરામી રૂપીઓ હું સાથે નહીં લઇ જાઉં. હું અહીંથી ચાલીનેજ વાલકેશ્વર જઈશ.

લક્ષ્મી—ના ભાઈ, ચાલીને જવાય નહીં. વળી આ રૂપીઓ હરામી નથી પણ જ્ઞાતિના રિવાજ પ્રમાણે હકનો છે છતાં પણ તું હરામી માન-તો હો, તો પણ તારી નિખાલસ અંતઃકરણની બ્હેનના હાથમાં જે રૂપીઓ આવ્યો છે તે સંકટ સમયે પવિત્ર સમજી સાથે લઇ જા. અને જા ત્હારી પવિત્ર દીલની નાની બ્હેન

લક્ષ્મી પોતાના શુદ્ધ ઉદ્ગારથી આશીરવાદ આપે છે કે અંહીથી આ ઘાતકી ઘર છોડયા પછી તું સુખી થઇશ.

કીશોર—ઠીક બહેન હું જાઊં છું. અને તારા શુદ્ધ અંતઃકરણથી આપેલી અમુલ્ય પ્રસાદી સ્વીકારૂં છું અને તારા ભવીષ્યના સુખનો વીચાર પરમકૃપાળુ પરમાત્માને સોંપું છું.

લક્ષ્મી—(કોચવાતા દીલથી) હા. ભાઇ જા. અને સુખી થા. (કીશોર જાય છે એટલામાં સામેથી)

રામો—કીશોરદાસ જગજીવનદાસ કુઠે રહાતે.

કીશોર—(આશ્ચર્ય પામતો) કેમ ભાઈ શું કામ છે.

રામો— અમચા શેઠની હે પત્ર પાઠવલા આહે.

કીશોર—કોણ તમારો શેઠ ?

રામો—પ્રાણલાલ ખીમદાસ જે વીલાયત જાઉન બારીસ્ટર બનુન આલા હેય તે

કીશોર—(ઉતાવળો ઉતાવળો) હુંજ કીશોરદાસ, લાવ

મારા મિત્રનો પત્ર કયાં છે–ધન્ય ભાગ્ય ધન્ય ઘડી કે મિત્ર પ્રાણુલાલ પર લખેલા પત્રનો ખાસ રામા સાથે પરિઉતર આવ્યો લાવ ભાઇ, લાવ પત્ર જલદો વાંચંવા દે.

રામો--તુમચાજ નામ કીશોરદાસ અસલ તરિજ પત્ર ધ્યા ભળતા ઘેઉ નકા. અમચા શેઠની દુસરાલા પત્ર દ્રીઆલા નાહીં સાંગીતલા આહે.

કીશોર--હા. ભાઈ સત્ય કહુંછુ કે મારૂંજ નામ કીશોરદાસ છે.

રામો—તુમચાં નામ અસલ તર ધ્યાં હે પત્ર.

કીશાર—[પત્ર લઇને] બ્હેન મિત્રનો જવાબ આવ્યો.

લક્ષ્મી—પણ અંદર શું લખ્યું છે તે તો વાંચ.

કીશાર—બ્હેન હવે મને ચોકશ ખાત્રી થાય છે કે મારાપર મારા મિત્રનો સ્નેહ પરિપુર્ણ હોવો જોઇએ.

[પત્ર ફોડે છે]

પ્રિય કિશોર,

ત્હારા તરફનો પત્ર મને હમણાંજ મળ્યો છે. પોસ્ટ દ્વારા, દર્શાવેલા સમાચાર વાંચી વાકેફ થયો છું, ત્હારા લખાણપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે અરસપરસમાં વૃદ્ધી પામેલો બાળ સ્નેહ લાંબા વખતના દુર રહેલા સહવાસ થી પ્રાણલાલ વિસ્મૃત થયો હશે. પણ મિત્ર કીશોર તેમ નથી. સરિતાના નિર માફક શાન્તતાથી વહેતો સ્નેહ પ્રવાહ અત્યારે ત્હારાં પત્ર દર્શનથી સમુદ્રના મોજા માફક ઉછાળા મારે છે અને ત્વરિત મિત્ર દર્શનનો અમુલ્ય લાભ પ્રાપ્ત કરવા અભિલાષા રાખે છે. માટે ત્હારે આ દેખત પત્રએ આ પત્ર સાથે ગાડી લઇ તને તેડવા આવનાર રામા સાથે મારે ત્યાં આવવું. અત્યારે ત્હારે જમવાનું પણ અહિંજ છે. વળી આજે મહા શિવરાત્રીનો મ્હોટો તેહવાર છે માટે સાંજના બાબુલનાથ મહાદેવના દર્શન કરવા જવું છે તેથી તારે વગર વિલંબે આવવા વિચાર રાખી મિત્રના અલ્પ આમંત્રણને વિશેષ માન આપવું. હું બારોસ્ટરની પરિક્ષામાં

પસાર થઇ અત્રે આવ્યા પછી તુરતજ પીતાજી વ્યાપારનો સમસ્ત કારભાર મને સોંપી દઈ દ્વારકા યાત્રા કરવા ગએલ છે અને ત્યાંથી રામેશ્વર તરફ જવા વિચાર રાખે છે તે સેજ જાણવા લખું છુ. એજ

લી.

ત્હારો સદાનો સ્નેહી

પ્રાણલાલ.

તા. ક.

ત્હારા લખવા પ્રમાણે ત્હારે માટે નોકરીની ગોઠવણ ખીમદાસ મીલમાં ગુજરાતી મેનેજર તરીકે માસીક રૂ. ૧૨૫ ના પગારથી આજે દાખલ કરી છે.

દા. પોતાના.

શાબાશ, શાબાશ, રે મિત્ર પ્રાણલાલ આજે તો તેં કીશોરના નિસ્તેજ ભાગ્યનો ઉદય કર્યો છે. અરે 'જેને બાર રૂપીઆના પગારની આશા નહોતી તેને સવાસોની જગ્યા સોંપી તારા મિત્રના અભાગી દેહનો તેં ઉદ્ધાર કર્યો છે. ધન્ય

છે પ્રાણલાલ ત્હારા જેવા મિત્ર વિરલાને—બ્હેન હવે મને મારા મિત્રને ત્યાં જવાની રજા આપ.

લક્ષ્મી—હા ભાઇ, હવે તને રજા છે સુખેથી સીધાવ. પણ આ ત્હારો મિત્ર કયો. અને કેવી જ્ઞાતિનો છે હું તેને કેમ ઓળખતી નથી.

કીશોર—અરે આપણી જ્ઞાતીના નગ્રશેઠ ખીમદાસ શેઠનો પુત્ર.

લક્ષ્મી—કેટલી ઉમ્મરનો છે.

કીશોર—અરે હજુ વેશવાળ પણ કર્યું નથી. બાળપણમાં ગુજરાતી શીક્ષણ અમે બન્ને સાથે લેતા હતા. તેની પાસે પૈસાનું સાધન હોવાથી તેણે વીલાયત જઈ બારીસ્ટરનો વિદ્યા ગ્રહણ કરી. હું સાધન વિનાનો હોવાથી દુષ્ટ પીતાના આશ્રય તળે પડયો રહયો. એટલે આ અવદશા ભોગવવાનો સમય આવ્યો.

લક્ષ્મી—ઠીક જા ભાઇ સુખી થા. અને ત્હારા મિત્રનેત્યાં નિમકહલાલથી નોકરી બજાવી દુષ્ટ પીતાના કલંકીત નામને શુદ્ધ બનાવ.

કીશોર—બ્હેન, તે બાબતની ચીન્તા ન કર પણ બ્હેન લક્ષ્મી ત્હારી આ સુવર્ણમય સુખની જીંદગીના સ્વાર્થ તરફ જરા પણ લક્ષ નહીં પહોંચાડતાં મારા એકલાનોંજ સ્વાર્થ સાધવા હું ચાલ્યો જાઉછું, તેથી ત્હારા અંતઃકરણમાં મારા પ્રત્યેની દુઃખની લાગણી તો પ્રાપ્ત થતી નથી ?

લક્ષ્મી—ભાઇ, દુઃખની લાગણી પ્રાપ્ત થતી હોય તોં તે દુર કરવાને અત્યારે ત્હારી પાસે શું સાધન છે. સાધન થાય તો ગરીબડી બ્હેનની સંભાળ લેજે હાલતો જા અને સુખી થા.

કીશોર—આહા આ પાપી પેટ પોતાના એકલાનોજ સ્વાર્થ સાધવા પોતાની વ્હાલામાં વ્હાલી નાની બ્હેનને તરછોડી ચાલ્યું જાય છે. હે પરમકૃપાળુ પરમાત્મા, મારી નિરાધાર અને રાંકડી બ્હેનના સુખના તરફ વિચાર કરજે. અને મ્હારા દુષ્ટ પીતાના પંજામાંથી બચાવી તેના ભાગ્યનો ઉદય કરજે. ઠીક ભાઈ ચાલ.

(જાય છે).

રામો—હોઇ ચલા શેઠ. બહેન, ભાઉચ્યા દુનીઆ મધી કીતી વાત્સલ્ય પ્રેમ આહે, ત્યાચા આજ મી સમ્પૂર્ણ અનુભવ કેલા. (જાયછે)

લક્ષ્મી—મ્હોટી બહેનના નશીબ પ્રમાણે તેને તેનું ઠેકાણું મળી ચુક્યું. અને ભાઇના ભાગ્ય પ્રમાણે તેને પણ ઠેકાણું મળ્યું. પણ આ અભાગી ભાગ્યનો પરમાત્માએ શું રસ્તો શોધ્યો છે તેની કંઇ પણ સુજ પડતી નથી મોટી બહેનની માફક મર્યાદામાંજ રહીશ અને શરમ છોડી કંઇ પણ ઉપાય કરીશ નહીં તો છેવટે દુષ્ટ પીતા મને પણ પૈસાનાં લોભથી સાઠ વરસના બુઢા સાથે પરણાવી દેશે અને પૈસા આપનાર પણ જાનમાં આવેલા શેઠીઆ માંથી મળી રહેશે, માટે હવે "મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા" એ નામની કહેવત પ્રમાણે પ્રયત્ન કરવો એ સિવાય બીજો આ ભાગ્યને માટે કંઈ પણ ઉપાય નથી. ભાઇ કીશોરને પોંઇટમાં પુછી લેવાથી સમજી શકાયછે કે નગ્ર શેઠનો પુત્ર પ્રાણલાલ હજુ વેવીશાળ વિનાનો

અને આપણી જ્ઞાતીનો છે તેમજ લક્ષાધિપતી નો બાળક તેમજ અત્યારે સ્વતંત્ર છે. માટે તેને કોઇ પણ રીતે મળી મારો દુઃખદાયક સ્થીતીનું ભાન કરાવવું અને દુષ્ટ પીતાને પૈસા અપાવીનેજ પીતાના હાથથીજ મારો સબંધ પ્રાણુલાલ સાથે જોડાવવો એટલે સર્વ પ્રકારથી આનંદ થઇ રહેશે. લોભી પીતાને પૈસા મળશે એટલે એ પણ સંતોષથી પરણા વશે મને પણ મારે યોગ્ય પતિ મળશે એટલે મને પણ આખા ભવની શાન્તી થશે અને ભાઇ કીશોરતો પ્રાણુલાલનો મિત્ર છે. અને વળી હું ત્યાં હોઉં એટલે કીશોરના સુખની પણ સગવડતા કરવાની ઠીક સહેલતા થઇ પડશે. આ સર્વ હવાઇ વિચારમાં મ્હોટો કીલ્લો તો બાંધ્યો પણ પાયાનું મંડાણ ક્યાંથી કરવું એ શોધનની જરૂર છે. હા ઠીક યાદ આવ્યું. આજ સાંજે વરઘોડીયાં બાબુલનાથ દર્શન કરવા જવાનાં છે અને તેની સાથે મારે પણ જવાનું થશે. વળી શિવરાત્રીનો તેહવાર હોવાથી પ્રાણુલાલ તથા કીશોર પણ દર્શન

કરવા આવવાના છે માટે એક પત્ર લખી સાથે લઈ જવો. બને તો પ્રાણુલાલને હથોહથ આપવો નહીંતર પછી તેની બેસવાની ગાડીમાં મુકી દેવો. અને પછી પ્રાણુલાલની મુલાકાત લઇ આ અભાગી ભાગ્યને ફેરવવા પવિત્ર પણાથી મહેનત લેવી એટલે ઇશ્વર પણ સહાય થાય. માટે હે જીવ, પત્ર લખી તૈયાર કર. અને પ્રાણુલાલની મુલાકાત લઇ "મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા" એ કહેવતને સફળ કર.

(જાય છે.)

અણુવર—ચાલો શેઠ, કન્યાને વળાવો. આવતી કાલે તો અમારે અમારા દેશ તરફ પ્રયાણ કરવાનું છે માટે તાકીદ રાખી કન્યાને વળાવો એટલે સાંજના બાબુલનાથ દર્શન કરવા જવાને વરઘોડીઆને તયાર કરીએ.

જગો—(સ્વગત) મારો બેટો શું જાણે છે હજુ. ખબર છે કે રૂ. ૫૦૦૦) બીજા રોકડા લેવા છે.

અણુવર—કેમ શેઠ શું વીચારમાં પડયા.? અત્યારે ચોઘડીયાં ત્રણ સારા છે લાભ, અમૃત, ચળ, માટે તાકીદ રાખો.

જગો--શેઠ રૂપીઆ ૫૦૦૦) રોકડા લઇ આવો અને પછી કન્યાને વળાવવાની વાત કરો.

અણવર—હેં ! બીજા રૂ. ૫૦૦૦) કેવા. એક વખત તો વેશવાળ વખતે આપ્યા છે અને બીજા આજે શેના માગો છો ?

જગો—શેઠ વેશવાળના તો વેશવાળમાં ગયા. અને આતો લગન વખતે લેવાના.

અણવર—લગન વખતે લેવાના ઠરાવના રૂપીઆ ત્રણસે તો ગઈ કાલે રાત્રે આપ્યા.

જગે—એ ત્રણશે તો માંડવા ખરચના આપ્યા.

અણવર—ત્યારે હમણાં માગો છો તે શી બાબતના ?

જગો—લગન વખતે ખુટીને લેવાની બાબતના. હવે સમજ્યા શેઠ.

અણવર—એ કાયદો કયા દેશનો ઘડી કહાઢયો.

જગો—એ અમારા દેશનો.

અણવર—પણ તમારા દેશનું નામ ખરૂં કાંઈ?

જગો—નામ તમારે સાંભળવું છે, તો લ્યો ગણતા આવો મહુવા, રાજુલા, શીહોર, બોથા કુંડલા, તળાજા, ભાવનગર, જાફ્રાબાદ, વધારામાં ગુજરાત, કાઠીયાવાડ અને સૌથી મ્હોટામાં મ્હોટું મુંબઈ. બોલો હજી નામો સાંભળવાં છે.

આણવર—એ કાયદો તમારો કોઇ પણ રીતે ચાલવાનો નથી. અને અમે એક પણ પૈસો આપવાના નથી.

જગો—પસાર થએલા કાયદા પ્રમાણે રૂપીઆ પાંચ હજાર લીધા શિવાય કન્યાને અમો વળાવવાના નથી.

આણવર—સલાહ સંપથી કન્યાને વળાવશો તો ઠીક છે નહીંતર પછી પરણેલી કન્યાને મુકી અમો ચાલ્યા જશું.

જગો—પરણેલી કન્યાને મુકી તમો ચાલ્યા જશો તો વેસવાળ વખતે લીધેલા રૂા. ૫૦૦૦ ના

વ્યાજમાંથી કન્યાને અમો ખવરાવશું. પણ રૂપીઆ લીધા શિવાય કન્યાને નહીં મોકલશું સમજ્યા મારા મહેરબાન.

અણવર—આવી ખબર અમોને પ્રથમથી હત તો તમારા જેવા નાલાયક માણસ સાથે અમો કદી પણ સંબંધ જોડત નહીં.

જગો—તો તમોને કોણ પગે પડવા આવ્યું હતું તમારે ખાદ હતી અને તમે સંબંધ જોડયો તેમાં કહી શું સંભળાવો છો શેઠ, સાઠ વરસના બુઢાને બીજો કોણ તમારો કાકો કન્યા આપતો તો

અણવર—તમારે વધારે કંઈ પણ બોલવું નહીં.

જગો—તો તમારે ગુપચુપ પૅઇસા આપી દેવા.

અણવર—પૈસા આપવામાં બિલકુલ નહીં આવે.

જગો—તો કન્યાને બીલકુલ સોંપવામાં નહીં આવે.

અણવર—પૈસા અહીં ન હોય તો કયાંથી લાવજા.

જગો—મારવાડીને ત્યાં બધી જાનડીઓના દાગીના ગીરવી મુકીને લાવવા.

અણવર—દાગીનો સાથે ન લાવ્યા હોય તો?

જગો—કુન્દનપુરથી પારસલ્ં કરીને મંગાવવો.

અણવર—કુન્દનપુરથી અહીં મોકલનાર કોઇ ન હોયતો

જગો—તો પોતે રેલમાં જઇ લઇ આવવો.

અણવર—પણ કુન્દનપુરમાં પાંચ હજાર પુરા ન હોય તો!

જગો—અધુરા રહે તેની કોઇને ત્યાં ચોરી કરવી.

અણવર—ચોરી કરવી એ મહા ખરાબ કામ છે.

જગો—તો પારકી દીકરીને વહુ કરવી એ પણ મહા મ્હોટું ખરાબ કામ છે.

અણવર—[સ્વગત—અરે ભગવાન) આવા નાગા માણસ સાથે તેં કયાં પાનું પાડયું. આ દુષ્ટ કોઇ પણ રીતે સમજે તેમ નથી) ઠીક શેઠ હવે તમે શું કહેવા માગો છો.

જગો—બસ એજ કે રૂ. ૫૦૦૦) રોકડા આપો અને
કન્યા લઈ ચાલતા થાઓ.

અણુવર—પણ શેઠ કાંઈ તો ઓછા વધુ લેવાના કરો.

જગો—શું વેપાર માંડયો છે. તમે તમારા મનમાં શું
સમજો છો. રૂપીઆ આપવાની સતા હોય
તો રૂપીઆ આપી કન્યાને લઇ ચાલતા થાઓ
અને ન સતા હોય તો જેવા આવ્યા તેવા
મોઢું પોથાલી ગછંતી માપી ચાલ્યા જાઓ
ચાલ્યા, સમજ્યા, વધુ ઘટુ બોલ્યા તો પછી
હું પણ સામો જગો ઢેઢી છું. હજી તમે
મને બરાબર ઓળખતા નથી.

અણુવર—(સ્વગત આ રૂપીયા લીધા સીવાઇ છોડે તેમ
નથી માટે ફોકટ શું ફોતરાં ખાંડવા)
ઠીક ચાલો શેઠ, રૂપીઆ ગણી લ્યો.

જગો—હવે કેમ સમજી ગ્યો. ડાહીમાના દીકરા પહે-
લેથી સમજી ગયો હત સો આ હજારો માણ
સોમાં મારી આબરૂની ફજેતી તો ન થાત.
[જાય છે.]

અંદરથી વરઘોડીયાં તથા જાનડીઓ આવે છે અને બાબુલનાથ દર્શન કરવા જાય છે. અને કન્યા તરફની સ્ત્રીઓ કન્યાને વળાવે છે જાણી નીચેનું ગીત બોલે છે.

ગાયન.

૪.

" મારી રમતીતી માંડવા હેઠ
" ધૂતારો ધૂતી ગયો,
" વૃદ્ધ વરને અમંગળ શંકાઓ.
" પ્રભુ લલિતાનું રાખજો ધ્યાન. ધૂતારો.
" મડા સાથે મિંઢોળ છે બાંધીયું
" રહેજો લલિતાનું અખંડ સૌભાગ્ય. ધૂતારો.

પ્રવેશ બીજો સમાપ્ત.

પ્રવેશ ત્રીજો.

સ્થળ બાબુલનાથનુ મંદીર.

વરઘોડીયા, જાનૈયા—જાનડીઓ, લક્ષ્મી વીગેરે સૌ આવે છે.

રાગ. સૌભાગ્ય સુંદરીના ખેલમાં (ચાલો સાહેલી)

ગાયન.

સ્ત્રી મંડળ—

સર્વે—

"મહા શિવરાત્રીના (૨) ભવ્ય મેળામાં ઉત્સાહથી મીશ્રણ થઇએ.
" હર્ષ વધારી, ઉદવેગ ટાળી, પ્રેમ ધરી દરશન કરીએ.

લક્ષ્મી—

" શિવ પુજનમાં તલ્લીન થઇને એકાગ્ર ચિતે મનન કરીએ.

સર્વે—

"અજરામર વિશ્વ.વિશ્વંભર ભય દુઃખ હરતું નામ લઇએ.
"સ્નેહ ભાવથી પવિત્ર ધ્યાનથી સ્તુતિ કરી પાવન થઇએ.
મહાશિવરાત્રીના.

(સર્વે દર્શન કરવા જાય છે.)

(પ્રાણુલાલ તથા કીશોર ગાડીમાં બેસી આવે છે.)

પ્રાણુલાલ—(ગાડીમાંથી ઉતરી) ચાલો મિત્ર કીશોર. આજના મહાશિવરાત્રીના આનંદી મેળાવડામાં બાબુલનાથના મહાન પરમ પવિત્ર વિશ્વંભરનાથના દર્શન કરી દેહને ભાગ્યશાળી બનાવીએ.

કીશોર—હા ચાલો મિત્ર (દર્શન કરવા બન્ને જાય છે.)

લક્ષ્મી—(હાથમાં કાગળ લઇને) ધારવા પ્રમાણે યુક્તિ તો પાર પડી પણ આ પત્ર પ્રાણુલાલને હથોહથ આપવા કરત્તાં તેની બેસવાની ગાડીમાં મુકી ચાલ્યું જવું એ વધારે સારૂં છે. માટે હે જીવ ચાલ અને ગાડીમાં પત્ર

મુકી મનની ઈચ્છા પુરી કરૂં. (ગાડી પાસે જઈને) હે પરમકૃપાળુ પરમાત્મા "મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા" એ કહેવત અનુસાર મારો જીંદગીનો જે સાચો સ્વાર્થ છે. તે સ્વાર્થ સાધવાને માટે મારા શુદ્ધ અંતઃકરણ પૂર્વક કહેવતમાં દર્શાવેલા "મનુષ્ય યત્ન" એ નામનો આરંભ કરૂં છું હવે તે યત્નને સફળ કરવો એ હે વિશ્વંભરનાથ, તારા હાથમાં છે.

(પત્ર ગાડીમાં મુકી જાય છે.)

પ્રાણલાલ—(દર્શન કરીને આવે છે) કેમ કોચમીન હજુ કીશોર નથી આવ્યો.

કોચમીન—ના સાહેબ [કોચમીન ગાડીનો દરવાજો ઉઘાડે છે અંદર પ્રાણલાલ કીશોરની રાહ જોઈ બેઠા છે તેવામાં લક્ષ્મીએ મુકેલો પત્ર હાથમાં લઈને]

પ્રાણલાલ—અરે આ શું. [ગાડીમાંથી નીચે ઉતરે છે.] અહીં પત્ર કેવો. થોડીકવારમાં આ પત્ર અહિં કોણે મુકયો હશે? કેમ કોચમીન આ પત્રની બાબતમાં તમે કંઇ જાણો છો.

કોચમાન—ના સાહેબ બીલકુલ નહીં.

પ્રાણલાલ—કંઇ પણ સમજી શકાતું નથી. પણ પત્ર પર શિરનામું શું લખ્યું છે તે તો વાંચી જોઉં.

"આ પત્રનો માલેક પ્રાણલાલ"

(હસ્તે ચહેરે) ખરેખર શિરનામુંજ કોઇ વિચિત્ર જણાય છે. આવા આશ્ચર્ય ઉત્પન કરાવનારા શિરનામા વાળો પત્ર કોણે લખ્યો હશે. પણ પરબીડીઆનો અંદર પત્ર છે કે નહીં તે તો બહારથી તપાસ કરૂં (કવરનું સુક્ષ્મ દ્રષ્ટીથી અવલોકન કરી) હા અંદર પત્ર તો સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. પણ આવી અત્પરંગી સ્થીતીમાં પત્ર લખનાર કોણ હશે? શું કીશોરે તો આ પત્ર લખી મારી મસ્કરી નહીં કરી હોય. હા, તેમજ હોવું જોઇએ. (ઉસ્કેરાએલા ચ્હેરે) તેને પુછી ખાત્રી કરૂં અને પછી પત્રમાં શું લખ્યું છે તે વાંચું કીશોર (ગાડીની આસપાસ ઉભો છે. તે આવીને)

કીશોર—જી.

પ્રાણ—આ પત્ર તેં લખ્યો છે.

કીશોર—ના સાહેબ મને બીલકુલ ખબર નથી.

પ્રાણ—ત્યારે આ પત્ર ગાડીમાં બેસવાને સ્થાનકે મુકનાર કોણ?

કીશોર—તે હું શું જાણી શકું.

પ્રાણ— (નમ્ર ચ્હેરે) કીશોર મને તારા પર શંકા રહે છે કે આ પત્ર તેંજ લખ્યો હોવો જોઇએ. માટે આ પત્ર લખવાના કારણનો ખરો ખુલાસો કર.

કીશોર—(અજબ થયાના રૂપમાં) સાહેબ પત્ર શું. વાત શું. ખુલાશો શું. હું કંઇ પણ સમજી શકતો નથી.

પ્રાણ—(જરા ગુસ્સેથી) ત્યારે શું દર્શન કરવા ગયા તેટલી વારમાં આકાશમાંથી આવી પત્ર ગાડીમાં પડયો.

કીશોર—તેને માટે આપ તપાસ કરો

પ્રાણ—[અજબ થાઉં છું કે પત્ર ની બાબતમાં કંઇ ખુલાસો મળી શકતો નથી]. [એકદમ ગુસ્સેથી]

કીશોર કીશોર તું સત્ય કહે છે કે આ
પત્ર તેં નથી લખ્યો.

કીશોર—પ્રાણુલાલ તમારા સોગન ખાઇને કહું છું કે
પત્રની બાબતમાં હું તદન અજાણુ છું.

પ્રાણુ—ઠીક, જાઓ બેસો ગાડીમાં

કીશોર—જેવી આજ્ઞા [સ્નેહના પહેલાજ પ્રસંગમાં
આ શું વિઘ્ન] ગાડીમાં જઇ બેસે છે.]

પ્રાણુ—કીશોર મારા જુઠા સોગન ખાય. પત્ર લખ્યો
હોય છતાં ન માને એમ હું માની શકતો
નથી. કારણુ કે કીશોરને બાળપણુંથી જ
જુઠા પર ધિક્કાર અને સત્ય પર પ્યાર છે.
માટે પત્ર તેણુે તો નહીં લખ્યો હોય હવે ગમે
તેમ હોય પણુ પત્રની અંદર શું લખ્યું છે
તે તો વાંચી માહેતગાર થાઉં.

"બાબુલનાથના તળાવ પાસેના બગીચામાં
હમણાંજ મળો".

"ક્ષખીતંગ એક અભાગી અબળા,,

શાહુબાશ, લખાણ પણ શિરનામા માફક વિચિત્ર પ્રકારનું લાગે છે. ખરેખર આ પત્ર કંઇ કારણસર કીશોરેજ લખ્યો હોવો જોઇએ. માટે હાલ તુરતમાં તો બંગલે જવું અને પછી શાન્તીથી આ પત્રનો ખરેખરો ખુલાશો કીશોર પાસેજ કરાવવો (ગાડીમાં બેસવા જાય છે તોપણ અટકીને). પણ આ પત્રમાં લખેલી બાબત તો જેમની તેમ રહી જશે. કંઇ હરકત નહી પત્ર કીશોરેજ લખ્યો છે એમ મન ચોકસ કબુલ કરે છે તો પછી નાહક તસ્દી લેવા અનહદ ઉચાણપર ચડી બગીચામાં શામાટે જવું [બે ડગલાં ચાલીને] નહીં નહીં કોઇ પણ બાબત પ્રત્યક્ષ અનુભવ્યા શિવાય એક કલ્પના કરી તે પર સમ્પૂર્ણ ભરોસો રાખી ખરી બાબતને જતી કરવી એપણ એક મુર્ખતાનું મ્હોટું લક્ષણ છે. માટે હમણાં તો અહીંથી સિંધુ તળાવ પાસેના બગીચામાં જવું. અને ત્યાંથી કંઈપણ ખુલાસો ન મળે તો પછી ઘરે જઇ કીશોરને પુછી ખુલાસો કરવો [ગાડી પાસે જઇને] કીશોર—તું અહીથી સિધો બંગલે જા હું હમણાંજ દશ વીસ મીનીટને અંતરે આવું છું, કદાચ વધારે ટાઇમ થાય તો તું રાહ જોજે, મારા આવ્યા સિવાય કયાંઇ પણ ન જતો.

કીશોર—બહુ સારૂ જેવી આપની આજ્ઞા

[ગાડીમાંથી ઉતરી ચાલતો થાય છે.]

પ્રાણ—કીશોર તું પગે ચાલતો શામાટે જાય છે.
ગાડી સાથે લઇનેજ જા

કીશોર—ત્યારે આપને માટે?

પ્રાણ—તું જા, હું હમણાંજ ભાડુત ગાડીમાં આવું છું.

કીશોર—આપ કહો તો બંગલેથી ગાડી પાછી મોકલાવું.

પ્રાણ—ના કંઇ પણ જરૂર નથી [જાય છે.]

કીશોર—ઠીક, જેવી આપની ઇચ્છા [ગાડીમાં બેસીને]
જવા દે ભાઇ, સીધી વાલકેશ્વરને બંગલે.

કોચમીન—બહુ સારૂ શેઠ.
[ગાડી ઉપડે છે]

પડદો પડે છે.

પ્રવેશ ત્રીજો સમાપ્ત.



પ્રવેશ ચોથો.

સ્થળ—બગીચાના રૂપમાં પડદો.

પાણુલાલ—પત્રમાં લખેલું ઠેકાણું તો આજ જણાય છે, પણ લખનાર કેમ કોઈ જણાતું નથી. મન ઈચ્છીત કલ્પના સિદ્ધ થઇ શકે છે કે આ પત્ર લખનાર કીશોરજ હોવો જોઇએ. લાંબા વખતથી વિખુટા પડેલા સ્નેહીનું હૃદય તપાસવાને માટે અથવા તો મિત્ર રત્ન તરિકે કંઈ પણ પરિક્ષા જોવાને ખાતર આ પત્ર કીશોરેજ લખ્યો છે: મંદીરમાં મારા ગુસ્સાના આવેશમાં પુછવાથી કીશોર દબાઈ જઇ ગુપ્ત બાબતનો સત્યખુલાસો રીતે કરી શકયો નથી. માટે બંગલે જઈ કીશોરનું મન રાજી રહે તેવા રૂપમાં આ પત્રનો ખુલાસો પુછવો.

(થોડુંક ચાલ્યા પછી ઝબકીને સામે આંગળી બતાવીને)

અરે પણ આ સામેથી કોણ ચાલ્યું આવે છે. કોઈ સ્ત્રી જેવુંજ જણાય છે. અદ્રષ્ય રહી જોઉં તો ખરો કે શું ચર્ચા ચાલે છે.

[એક બાજુ ઉભો રહે છે]

લક્ષ્મી—શું પ્રાણલાલને પત્ર નહીં મળ્યો હોય. પત્ર તો ગાડીમાં બરાબર બેસવાને ઠેકાણેજ મુકયો છે. તેથી મળ્યો તો હશે પણ પ્રાણલાલનું કેમ આવવું નહીં થયું હોય. ઠીક હશે. (નિઃશ્વાસ!) લક્ષાધિપતિનું બાળક છે. મનમાં રૂચે તો આવે અને ન રૂચે તો ન પણ આવે, માટે હવે આશા છોડી દેવી આ ભાગ્ય સારાં હોય તો પછી ગરીબ અને નિચ માબાપને ત્યાં શામાટે જન્મ થાય. માટે હે અભાગી મન હવે મમતા મુકી દે અને પ્રારબ્ધને આધીન થઇ વિધીનું ધાર્યું વેઠી લે.

(જવા ધારે છે.) એટલામાં.

પ્રાણ.—(સ્વગત-પત્ર લખનાર તો આજ અબળા જણાય

છે માટે દ્રષ્યમાન થઇ, પત્ર. લખી મને બોલાવવાનું કારણ પુછ્યું.)
બાળા આ પત્ર તમે લખ્યો છે?

લક્ષ્મી—સ્વગત (અરે પ્રાણલાલ તો અહીંજ જણાય છે. એકદમ શરમાઇ જઇ આઘે જઇ ઉભે છે.)

પ્રાણ—ગભરાઓ નહીં. જેવી રીતે શરમ છોડી પત્ર લખ્યો તેવીજ રીતે શરમ છોડી લખેલા પત્રનો ખુલાસો કરો.

લક્ષ્મી—સ્વગત (આસ્તે આસ્તે)ખુલાસો કરતાં મન કેમ ગભરાય છે)

પ્રાણ.—શું નહીં બોલો.
(સ્વગત.) (બોલતાં જીભ કેમ ઉપડતી નથી)

પ્રાણ—(જરા જોરથી) તમે જાણો છો કે જવાને માટે મને ટાઇમ થાય છે.

લક્ષ્મી—સ્વગત [હવે બોલ્યા સિવાય નહીં ચાલે] [ઘણુંજ ધીમેથી] તમારૂં નામ શું ?

પ્રાણ—મારૂં નામ પ્રાણલાલ.

લક્ષ્મી—પીતાનું નામ?

પ્રાણ—અમારી જ્ઞાતીમાં નગરશેઠ તરીકે અગ્રેસર લેખાતા ખીમદાસ શેઠ.

લક્ષ્મી—ત્યારે શું કીશોર તમારો મિત્ર.

પ્રાણ—[જખકીને ઉતાવળે] હા કીશોર તો મ્હારો મિત્ર, પણ કીશોરને અને તમારે શું સંબંધ છે?

લક્ષ્મી—તે તો કીશોરની હું બ્હેન થાઉં છું.

પ્રાણ—શું ગઇ કાલે લગ્ન થયાં તેજ વસે?

લક્ષ્મી—ના તેનાથી હું નાની.

પ્રાણ—ત્યારે મને અહીં બોલાવવાનું શું પ્રયોજન હતું તેનો જલદી ખુલાસો કરો. આ બાબત કદાચ મારો મિત્ર કીશોર જાણશે તો મારી પવિત્ર મિત્રતામાં મ્હોટી ખલેલ પહોચશે.

લક્ષ્મી—શેઠ મિત્રતામાં ખલેલ નહીં પહોચે, પણ કીશોર જાણશે તો મ્હોટી વૃદ્ધી થશે.

પ્રાણ—વૃદ્ધી, થવાનું કારણ કંઇપણ જોવામાં આવતું નથી. મને અહીં બોલાવવા બાબતનો તાકીદ

ખુલાશો કરો, આવો અનર્થકારક અને મર્યાદા રહીત બનાવ જગતની દ્રષ્ટીએ જોવામાં આવશે તો તમારી અને મારી પ્રતિષ્ઠામાં મ્હોટી ન્યુનતા પહોંચશે.

લક્ષ્મી—શું આપને એમ લાગે છે તો શેઠ લ્યો. [હીંમત રાખી પ્રાણલાલની સામે ઉભી મોટે અવાજે] આપની સાથે મર્યાદા તોડું છું અને શરમ છોડી ખુલાસો કરૂં છું કે મારા દુષ્ટ પીતાએ મારી મ્હોટી બેનના મનમાનતા પૈસા લઇ સાઠ વરસના બુઢા સાથે ગઇ કાલે પરણાવી દઇ તેની આખી જીંદગાનીને ધુળ-ધાણી કરી નાંખી અને ઘરમાંથી મારા ભાઇ કીશોરને કાઢીમુકી મારા વેશવાળની વાત મનમાનતા પૈસા લેવા પાંસઠ વરસના બુઢા સાથે ચલાવે છે તો તે બીકને લઇને મારો સ્વાર્થ સાધવા માટે હું આપની સમક્ષ મર્યાદા છોડી આવી ઉભી છું. અને આપને વિનંતી કરૂં છું કે મારી જીંદગી બચાવવાને ખાતર આપ તન, મન, અને ધનથી પરિ-શ્રમ લેશો. સાંભળવા પ્રમાણે તમો મારો

જ્ઞાતીના, વળી વેવીશાળ વિનાના તેમજ લક્ષાધિપતિના બાળક, સાથે સ્વતંત્ર છો જેથી હું આપને કાલાવાલા સાથે અરજ કરૂં છું કે મારા દુષ્ટ પીતાનું મન મનાવી મારો સંબંધ તમારી સાથે જોડો અને આ રંક અબળાને દુ:ખના દરીઆમાંથી ડુબતી બચાવો. જેથી પરમાત્મા આપનું સદાને માટે વિશેષ શ્રેય કરે અને હું જેવી દુ:ખી અબળા, બળતી અગ્નીમાંથી બચી આપની જીંદગી પર્યંતની શેવા–ઉત્સુકત દાસી બને.

પ્રાણ—શાહુબાશ બાળા, તમારી વાકયચાતુર્યતા અને તમારી શુદ્ધ અંતઃકરણની શક્તિને....

લક્ષ્મી—શેઠ હું શાહુબાશી લેવા નથી આવી. પણ મારા આખા ભવિષ્યનો સ્વાર્થ સાધવાને માટે અહીં આવી છું. માટે કૃપા કરી મારી બાબતમાં લક્ષ પહોંચાડી આ રંક અને નિરાધાર અબળાની જીંદગી બચાવો.

પ્રાણ—તમારૂં કહેવું અક્ષરે અક્ષર સાચું છે અને કીશોરના અને મારા વાતચીતના પ્રસંગ પરથી સિદ્ધ થઇ અત્યારે તમારા બોલવા પર વજન રહી શકે છે. અને હું પણ માની શકું છું કે વેવિશાળ થયા પહેલાં સ્ત્રી અને પુરૂષ બન્ને પોતાના અરસ પરસના શુદ્ધ અંતઃકરણના આકર્ષણથી, અન્યોઅન્ય સ્નેહ સાંકળ જોડી દઇ સામસામા પવિત્ર હૃદયની કસોટીમાં સમ્પુર્ણ રીતે ફતેહમંદ નિવડયા પછી જો તે પ્રેમી જોડાંનો સંબંધ જોડાય, તો તે દમ્પતી જોડું લગ્ન થયા પછી ભવીષ્યના સંસારમાં કેટલે અંશે ભાગ્યશાળી અને સુખરૂપ નિવડે તેનું વર્ણન તો તે સુખી સંસારનો અનુભવાર્થીજ કરી શકે માટે બાળા, આજની અત્યારની આપણી બાબતમાં પણ મારૂં મન પરિપૂર્ણ રીતે આનન્દ સાગરમાં જોકા ખાતુ સંસારના સંપુર્ણ ચિત્રનું અવલોકન કરતું આ ભવ્ય સંસારના સુખ ભોગવવાનું ભાન કરે છે પણ લાચારી સાથે મારે ખુલાસો કરવો

પડે છે કે હું વ્યહુવારીક બાબતમાં લેશ માત્ર પણ સ્વતંત્ર નથી.

લક્ષ્મી—શેઠ આપ મોટા માણુસ છો જેથી કરી ગમે તેમ મન રૂચતું બોલો. છતાં પણ મારે સ્વાર્થને અંગે ફરીથી જણાવવું પડે છે કે જગતની દ્રષ્ટીએ આપ સ્વતંત્ર છો તેમજ લાખો રૂપીઆની દોલત અત્યારે તમારાજ તાબામાં છે તો પણ આપ પરાધિનતા માનતા હો તો આપ મનના માલેક છો. પરંતુ આપને મારે સવિનય વિનંતી સાથે વિજ્ઞપ્તી કરવી પડે છે કે હાલ આ બાબતને માટે પરાધિનતાને એક બાજુ મુકી દઈ સ્વતંત્રતાનો સ્વ અધિકાર સ્વીકારી આ અભાગી અબળાનું સાર્થક સુધારી તેની જીંદગીને સંસારની દષ્ટિમાં અમુલ્યરૂપ પ્રદર્શિત કરો કે જેથી કરી તેનો શુભ બદલો આપને જગત નિયંતા તરફથી અવસ્ય મળે.

મણ—આપના શુદ્ધ પ્રેમની લાગણીના આકર્ષણથી આકર્ષાઈ જઈ આપની સત્યતા, દ્રઢતા અને ભવિષ્યના સુવિચારની આવશ્યકતા વ્યાજબી માની, આપના કોમળ અને પવિત્ર મુખારવિંદના વચનામૃત રૂપી મોહ જાળમાં બંધાઈ જઈ, આપનું શુદ્ધ અંતઃકરણ અને પ્રેમાળ અપ્રિતમ વૃત્તીને તાબે થઈ આપના તરફની અમુલ્ય મંગળરૂપ માંગણી અત્યંત માન સહિત સ્વિકારૂં છું અને અપૂર્વ દ્રઢતા સાથે વિશ્વાસ આપું છું કે મારા પિતાશ્રી યાત્રા કરી એક માસ પછી અત્રે આવવાના છે તો તે આવ્યા પછી તેને સલાહ અને સંતોષની પ્રેરણાથી પરોક્ષ રીતે મારા પીતાજીના અંતરનો અભિપ્રાય લઈ મારો સંબંધ તમારી સાથેજ જોડીશ. જુઓ કે મારા પીતાજી મારા વેવીશાળ સંબંધી સમ્પુર્ણ કાળજીમાં છે છતાં પણ હું આપણી બાબત સફળ કરવા માટે હું પોતેજ લાગણી ભરેલી કાળજી દર્શાવીશ અને મને

પણ સમ્પૂર્ણ ભરોસો છે કે મારી બાબ-
તમાં ગમે તેટલા ધનનો વ્યય થતો હોય
તો પણ મારા પીતાજી જરા પણ હાના-
કાની નહીં કરે. ઠીક હવે મને જવાની
રજા છે?

લક્ષ્મી—શેઠ તમે તો એક માસની મુદત નાંખી
રજા માંગો છો પણ મારો દુષ્ટ પીતા
પૈસાના લોભમાં લોભાઈ જઈ મ્હારી મ્હોટી
બ્હેનના લગ્નમાં આવેલી જાનમાંથી પાંસઠ
વરસના બુઢા સાથે આવતી કાલે સહવારેજ
મારૂં વેવિશાળ કરનાર છે માટે શેઠ કૃપા
કરી આ રંક અબળાપર દયાની દ્રષ્ટી કરી
ફકત મારાજ માટે અનહદ ધનનો વ્યય
કરી તમારા પીતા પ્રત્યેની માનેલી વ્યાજબી
પરાધિનતામાં ખલેલ પહોંચાડી આવતી
કાલેજ આ કામ પતાવો. એટલે એક તો
હું ફરીજીઆત રીતે આપની દાસી બનીશ
અને બીજી રીતે મારા માટે કુદરત તર-
ફનો અન્યાય ભરેલો દીપક બુજાવ્યો જાણી
આપની દાસીની પણ દાસી બનીશ અને

છેવટે પરમાત્માના પવિત્ર દરબારમાં પણ આપના વિશુદ્ધ પ્રેમની અને આભારની પ્યાસી બનીશ.

પ્રાણ—તમે ગુણી છો. વળી જ્ઞાની તેમજ સાથે વિદ્વાન જણાઓ છો તેથી મારે તમોને જણાવવું પડે છે કે આપ એક તરફી સ્વાર્થની દ્રષ્ટીએ ન જુઓ. તમે જાણી શકતા હશો છતાં પણ મારે તમોને કહી બતાવવું પડે છે કે મારા પીતાએ જે આ દેહને જન્મ આપ્યો છે અને જન્મ આપી મારી એકવીશ વર્ષની જીંદગી સુધીમાં મારા માટે પોતે અનેક સંકટો વેઠી દુઃખ શું વસ્તુ છે તે યતકીંચીત માત્ર પણ જાણવવા દીધું નથી અને હજારો રૂપીઆ નો ખર્ચ કરી બારીસ્ટર જેવી માનવંતી અને ઉતમ લેખાતી વિદ્યા પ્રાપ્ત કરાવી મારી જીંદગીને ભાગ્યશાળી બનાવવામાં જરા પણ ન્યુનતા રાખી નથી તો તે પીતાની આજ્ઞા સિવાઈ મારાથી એક પણ ડગલું

કેમ ભરી શકાય, તેનો ખ્યાલ તમે તમારા જ્ઞાની અંતરમાં ઉતારો. કેટલાકો અજ્ઞાની અને વિદ્વાન પુત્રો પોતાની સ્વકમાણીના જોસમાં અંધ બની પોતાનો જન્મ આપનાર માત પીતાની લેશ માત્ર પણ આજ્ઞા પાળતા નથી અને પોતે કમાતાં શીખ્યા એટલે સ્વાર્થ રહિત થયા એમ જાણી વૃદ્ધ માબાપોને અનેક પ્રકારના દુઃખો આપી તેની મરજી વિરૂદ્ધ થઇ તેને કચરા તરીકે લેખી એક બાજુ બેસારી મુકે છે, ખાવા પીવા આપે છે તે પણ મ્હોટો ઉપકાર કરતા હોય એવી માન્યતાં માની જુવાની–મસ્તાની–નાદાનીના અંધકારના અભિમાનમાં અંધ બને છે. તો તેવા અધર્મી દુષ્ટ અને પરમાત્માના દરબારમાં નિચ પંકતીમાં લેખાતા, પોતાના શિરછત્ર તિર્થસ્વરૂપ પુજ્ય માતા પીતાને દુઃખ આપતા અભાગી અને અવિવેકી પુત્રોને હું ધિકકારૂં છું અને મારા માટે હું અભિમાન રાખું છું કે મારા વૃદ્ધ

પીતાની જે કાંઈ પુત્ર તરીકે શેવા બજાવ-
વાની છે તે શેવા બજાવવા હું દ્રઢ વિચાર
રાખી પીતાની આજ્ઞા વિરૂદ્ધ ' એક
પણ અનિષ્ટ કૃત્ય ન થાય તેપર સંમ્પૂર્ણ
કાળજી રાખી પીતાની વૃદ્ધ જીંદગી પુત્ર
સંતોષમાં અહોનીશ નિર્ગમન કરાવી પુત્ર
તરીકેની મારી સુજ્ઞ ફરજ અદા કરીશ, માટે
સુલક્ષણ હૃદયની સુશોક્ષીત બાળા, મારા
પીતાની ગેરહાજરીમાં તેને અસંતોષનું
કારણ આપી મારી આ દુનીઆની નજરે
જોવાતી સદભાગ્ય જીંદગી શરમાંદગી રૂપ
થાય એવી ખેદકારક ભલામણ ન કરો માટે
એ ભલામણ મારાથી સ્વીકારાશે નહીં અને
આવતી જ કાલે વેવીશાળ સંબંધી નકી
ખુલાશો થઈ શકશે નહીં.

લક્ષ્મી—શેઠ તમારા સદગુણ ભરેલા શબ્દોથી તેમજ
જગતને બોધ આપનારા વાકયોથી મને
માત પીતાની શેવાનું ઉતમ ભાન થાય છે
અને તમારા મુખના સુબોધ રત્નમાળા
જેવા શબ્દો મને રૂવે રૂવે પ્રગટી નીકળે છે,

પણ મારા કમનશીબ પીતા પોતાની બાળ-
કીનો અજ્ઞાનતાના અંધકારમાં બગાડતો
સ્વાર્થ, અત્યારે આપના મુખમાંથી નિકળેલા
બોધ દાયક શબ્દોને આ હિણ ભાગ્ય શરી-
રમાં પ્રવેશ કરવા દેતો નથી. અને તે
સ્વાર્થ આપને ફરી ફરી વિનવણી રૂપે
સુચવે છે કે જેવી રીતે મૃત્યુને શરણ
થતી ગાયને જુઠું બોલી કસાઈ ખાનેથી
છોડાવવામાં મનુષ્યો પાપ લેખતો નથી
તેવીજ રીતે આપ મારી સાથે સંબંધ
જોડતાં પીતાના અપરાધી બનો છો તો તે
અપરાધના બદલામાં મુજને કસાઈખાનેથી
છોડાવો છો એમ માન્યતા સિદ્ધ કરી તેમાં
પ્રાપ્ત થતું પુન્ય એ અપરાધ સાથે મિશ્રણ
કરી આ મનુષ્ય અવતારરૂપી ગાયને કસાઈ
ખાનેથી છોડાવો છોડાવો.

(હૃદય ભરાઇ જવાથી આંખમાં આંસુ આવે છે.)

પ્રાણ—ધન્ય છે, ધન્ય છે, અપ્રિતમ પ્રેમની પ્યાસી
પદમણી ધન્ય છે. તમારી જેવી દ્રઢ ટેકના
પરિબળને પામેલી સુશીલ સુંદરીને પરણી

હું કેટલો ભાગ્યશાળી થઈશ તેનો વિચાર નાટકમાં પધારેલા પ્રેક્ષક વર્ગોનેજ સોપું છું. (પીગળી ગયેલા હૃદયથી) બાળા રૂદન ન કરો. અવિશ્વાસ અને દીલગીરી તજી દયો. હું હમણાંજ ઘરે જઈ મારા કુળ ગોરને બોલાવું છું અને પ્રાતકાળે તમારા પીતાને ત્યાં મોકલું છું અને તમારો અને મારો સંબંધ જોડવાની દ્રઢ સુચના કરૂં છું. ઈશ્વર કરશે તો આવતી કાલે 'પ્રાણુલાલના પીતાની અખુટ લક્ષ્મી તેમજ પ્રતાપી બંગલાનું ઐશ્વર્ય ભોગવવા આપ આશાવંત થશો. ઠીક હવે હું જાઉં છું.

લક્ષ્મી--(શાન્તીથી પણ આસ્તે) પણ આશાવંત બાળા નિરાશ ન નિવડે તે બાબતની દ્રઢ પ્રતિજ્ઞા સાથે કાળજી રાખજો.

પ્રાણુ—તે બાબતમાં નિર્ભય રહો. પ્રાણુલાલ જે પોતાના મુખમાંથી શબ્દો બહાર લાવે છે તે વિચારીનેજ સત્ય કરવા માટેજ બોલે છે માટે સ્વસ્ત રહી આપના, કોમળ શરીરને

અનહુદ કષ્ટ આપતી આજની રાત્રી આનંદ સહિત નિરગમન કરો આવતી કાલે આ સમય સુધીમાં તો પ્રાણલાલના વેવિશાળની ખુશાલીમાં સેકડો મણ સાકરો વહેંચાશે.

લક્ષ્મી—મારે પણ સોનાનો સુરજ ઉગશે.

પ્રાણ—ઠીક હવે હું જઈશ.

લક્ષ્મી—હા સિધાવો અને મન ઈચ્છીત કાર્ય સફળ કરો.

પ્રાણ—પણ તમારૂં નામ શું? કારણ કે મારે મારા ગોરને કહી બતાવવું પડશે.

લક્ષ્મી—મારૂં નામ લક્ષ્મી.

પ્રાણ—(શાહબાશ જેવા ગુણ તેવુંજ ઉતમ નામ છે) પણ તમારા પીતા કેટલા રૂપીઆ સુધી વેવિશાળ સ્વીકારશે તેના કાંઈ તમે માહેતગાર છે.

લક્ષ્મી—હા, પાંચ હજાર રૂપીઆ રોકડા લેશે.

પ્રાણ—બસ. એમાં શું મ્હોટી વાત છે.

લક્ષ્મી—આપ તવંગરોના મનમાં લેખામાં નથી પણ ગરીબને મન તો ડુંગરા જેવડા ગણાય છે.

પ્રાણ—કંઈ હરકત નહી. પુરેપુરા પાંચ હજારનો ઑાડર આપી મારા ગોરને તમારે ત્યાં સહુવારે મોકલીશ. (જાય છે.)

લક્ષ્મી—અનહદ પરિશ્રમને અંતે કાર્ય સફળ તો થયું પણ સહુવારે વેવિશાળ નકી થઈ જાય એટલે આનન્દ અને શાન્તી થાય. હે પ્રભુ? મનુષ્ય યત્નના પ્રમાંણમાં ત્હારી કૃપા કંઈક અંશે સફળ નિવડી છે ને હવે પછી તો

ગાયન.

૬.

રાગ—વિક્રમ ચરીત્રના ખેલમાં મને સહાય કરશે મોરારીરે.

" સાહાય થાજો શ્રી મોરારીરે.
" ઉરે ધરજો વિનંતી આ મારી
" વિપતિ વિચારી, દયા દીલ આણી
" સફળ શ્રમ કરજો વનમાળી, સાહાય.

" મુજ પીતાના હરામી પંજામાથી
" લેજો ઉંચાવી ઉગારી.
" સાહાય થાજો વ્હારે ચડજો.
" શ્રી ગોવિંદ ગીરધારી. સાહાય.

પ્રવેશ ચોથો સમાપ્ત.



પ્રવેશ પાંચમો.

સ્થળ—માટુંગાથી જાનને વિદાય કરી મુંબઇમાં ભાડુત તરીકે
 રહેતા જગા ઢેઢીનું પડદા રૂપે ઘર.

માહા વદ ૦)) ભોમવાર સહવારના આઠ વાગ્યાનો સમય.

જગો—(આવે છે.) પાંચને પાંચ, દશ હજાર થયા. પાંચ હજારનું વ્યાજ થયું હતું એ જાન ખાઈ ગઇ. હવે લક્ષ્મીના દશ હજાર લેવા એટલે વીશ હજારની પાકી પુરાંત થાય. એટલે પછી આખી જીંદગી સુધીમાં ક્યાંઇ પણ કમાવા જાવું પડે નહીં. હવે જોઇએ તો છોકરો ભાગી જાય અને જોઇએ તો દીકરી મરી જાય, આપણે આપણો સ્વાર્થ સર્યો.

એટલે જગ જીત્યા. પણ લક્ષ્મીના વેવીશાળ બાબતુ વેશવાળીઓ ગોર ગોવરધન કહેતો હતો કે જાનમાંથી એક વર છે અને વેશવાળ માટે ખાસ અહીં રહેવાનો છે, પણ હજુ મારો દીકરો આવ્યો કેમ નહીં હોય. જો બને અને લક્ષ્મીના વેશવાળ બાબત દશ હજાર આપે તો વેશવાળ તથા લગ્નનો બંધ હમણાંજ વાળી દેવો અને પછી નીરાંતે ખાવું-પીવું, સુવું, ગામમાં ગેલગપાટા મારવા, સાંજના ચોપાટી પર જઇ દરીયાની હવા લેવી અને આખો દીવસ લહેર કરવી. માટે ભાઇઓ જેને મારા માફક લહેર કરવી હોય તેણે મારા જેમ વ્યાપાર આદરવો અને જેને વ્યાપાર કરવા દીકરી ન હોય તેણે "હનુમાન દાદા પાસે જઈ માનતા માનવી કે હે હનુમાન દાદા મારે ત્યાં પુત્રને બદલે પુત્રીનો જન્મ થાય તો દરેક વખતે હું તને દશ મણુ તેલ ચડાવીશ" એટલે હનુમાન દાદા થાશે પ્રસન્ન! અને દર વરસે તમારી ઇચ્છા થાશે પરિપૂર્ણ.

(ઉપલી સર્વ હકીકત એક છોકરો ઉભો રહી સાંભળે છે અને મશ્કરી કરવા સારૂ કહે છે કે]

છોકરો—ત્યારે કાકા તમારે ત્યાં એક છોકરાનો જન્મ કેમ થઈ ગયો?

જગો—(ચીડાઇને પાછળ દોડે છે.) હુત, તારી માનો મારૂં કાફર સાળો ડામીચ છોકરો ક્યાં ગયો.
[છોકરો તથા જગો અંદર જાય છે]
[પાંસઠ વરસનો બુઢો વર તથા ગોર ગોવરધન આવે છે.]

ગોવરધન—જુઓ શેઠ, આ જગા ઢેઢીનું ઘર, તમારી આખી જ્ઞાતિમાં તમારા જેવા વરને માટે તો ઇશ્વરે આ એકજ ઘર ઘડી કાઢ્યું છે, માટે, હવે શું વિચાર છે તે જણાવો.

વર—કન્યા કેટલા વરસની છે?

ગોવરધન—કન્યા ચૌદ વરસની છે, તેના બાપે દુધના કઢા પાઇને ઉછેરી મોટી કરી છે.

વર—ત્યારે તો કન્યા બહુજ સારી હશે;

ગોવરધન—શેઠ, કન્યાની શું વાત કરવી. ઉકરડે રતન પડયું છે.

વર—ત્યારે કન્યાનો બાપ રૂપીઆ કેટલા લેશે?

ગોવરધન—રૂા. ૫૦૦૦) રોકડાં લેશે વીચાર હોય તો હમણાં જ બોલાવી ચાંડલો ચોડી દઉં.

વર—પાંચ હજારમાં કાંઈ પણ ઓછું નહીં લે

ગોવરધન—એક ફુટી બદામની પણ આશા રાખવી નહીં.

વર—ત્યારે બીજે કોઇ પણ ઠેકાણે કન્યા નથી?

ગોવરધન—અરે શેઠ, કન્યાનો કયાં કાળ પડયો છે પણ આવી રૂપાળી ને આવડી મોટી કન્યા બીજે કોઈ પણ ઠેકાણે જોવામાં આવતી નથી. છે પણ ચટણી, મરચું, આદુ, હળદર એવી કન્યા છે. આ કન્યા પ્રમાણે ડોઠાં ને દઇથરાં કયાંઇ નથી.

વર—અરે જાચ્યોને, ચટણી તો ચટણી, પણ રૂપીઆ ઓછા પડતા હોય તો

ગોવરધન-શેઠ, તે વાત કરો નહીં, એ કન્યાના માબાપ પાસે જાઉં અને આ વરની પાંસઠ વરસની વાત કરૂં તો તુરતજ પહેલાં તો મારાંજ હાડકાં ત્યાં ને ત્યાં કુણાં કરી નાંખે અને તમને ગાળોનો વરસાદ વરસાવી તમારા નામનાં છાજીયાં લેવાય એતો નફા ખાતે રહે. માટે કયાંઇ આડું અવળું ધ્યાન પહોચાડશો અને નાણાંનો ફાયદો કરવા રોકાશો તો જેમના તેમ રહી જશો અને આ કન્યાનો જોગ વીખરાઈ જશે તો પછી આ વર સોનાપુર સિવાઇ કયાંઇ નહીં વરશે માટે જો વેશવાળ કરવું હોય તો જલદી ચોકસ કરો, નહીંતર પછી મને મારે કામે વળગવા દયો.

વર—ઠીક જેવું તમારૂં ધ્યાન. કન્યાના બાપને બોલાવી કરો નકકી.

ગોવરધન-હા, નકી તો હમણાં કરૂં પણ જુઓ વચમાં તમારાથી કાંઇ પણ હાનાકાની થાશે નહીં અને રૂા. ૫૦૦૦થી એક પાઈ પણ ઓછી પડશે નહીં. છે કબુલ.

વર—ઠીક જેમ તમો કહો એમ અમને કબુલ છે પણ કન્યા જોયા પછી કબુલ છે.

ગોવરધન—હા. એમાં શું છે? કન્યા બતાવવી અને-પાસ કરાવવી એ આપણે પણ કબુલ છે. બેસો નિરાંતે હમણાં કન્યાના બાપને બોલાવી નકી કરૂં છું. અને કન્યા આપને બતાવું છું. પણ મારા રૂ. ૧૦૦૦) જુદા છે. શેઠ હો.

વર—હેં! તમારા રૂ ૧૦૦૦) શેના?

ગોવરધન—તમને ખબર નથી?

વર—ના.

ગોવરધન—જુઓ સાંભળો, પારકાની ચૌદ વરસની દીકરીને પાંસઠ વરસના વર સાથે એટલે મડા સાથે મીંઢોલ બાંધી આપવાની દલાલીના, હવે સમજ્યા શેઠ.

વર—એ બધું ૫૦૦૦ ની અંદર આવી ગયું સમ-જ્યાનો ગોર.

ગોવરધન—અરે શેઠ, તમે તો રાજા માણસ થઇ ગયા છો. મને મારે કામે વલગવા દયો. મફતના શામાટે હેરાન કરો છે, [ગોર જવા માંડે છે. તેવામાં અટકાવીને]

વર—હું. હું. ગોરં, કબુલ છે રૂ ૫૦૦૦ અને એક હજાર તમારા મળી ૭ હજાર કબુલ છે.

ગોવરધન—હા. તો હું મેહેનત કરૂ. પારકી દીકરીનો ભવ બગાડી નાંખવો એ રૂપીઆ મળ્યા સિ-વાઇ કોઇ માથાકુટ કરે નહીં.

વર—પણ તમારા ૧૦૦૦] કબુલ છે. બસ કરો. કામ ફતે.

ગોવરધન—ઠીક બેસો ત્યારે તમે, હું બોલાવું છું કન્યા-ના બાપને.

[વર બેસે છે. ગોવરધન બુમ પાડે છે.]

કાં જગાભાઇ એ જગજીવનભાઈ અરે જગ જીવનદાશ ભાઈ મારો બેટો સાંભળતો હશે તો પણ હોંકરો નહીં દે, ઠીક પાડના દે મોહોટી

બુમ. અરે જગજીવનદાસ દાસ દાસભાઈ! હોત.

(અંદરથી જગો આવેછે.)

જગો—શું છે શું ? બરાડા શું પાડે છે ?

ગોવરધન—અરે જરા આસ્તે શેઠ, એકદમ રૂવાબમાં ન આવી જાઓ.

જગો—પછી શું કર્યું ઓલી બાબતનું

ગોવરધન—આ વર જોવો હોય તો જોઇ લ્યો પછી બીજી વાત કરીએ.

જગો—વરબર જોવાનું કાંઇ કામ નથી રૂપીઆ આપે એમ છે કે નહીં.

ગોવરધન—કેટલા રૂપીઆ.

જગો—તને ખબર નથી વારે ઘડીએ પુછયા કરે છે તે

ગોવધન—પણ શેઠ જરા કહો તો ખરા.

જગો—રૂ: ૫૦૦૦) વેશવાળ વખતે રૂ. ૫૦૦૦) લગન વખતે ખુટીને હવે સમજયો.

ગોવરધન—અરે આ વર બેઠા છે. ખુટીને લેવાની વાત
હમણાં ન કરો.

જગો—શું વરના બાપની મને ચોરી બોરી છે.

વર—(સ્વગત) ચાલો છ ને પાંચ અગીઆર હજાર
થાવા દયો મારો બાપો કરે.

ગોવરધન—પણ હવે કાંઈક તો ઓછું લેવાનું રાખો.

જગો—તું તો કોઈ ઘેલસફો છે. રૂપીઆ ચાર હજાર
નવશો નવાણું પોણા સોળ આના અને પોણા
ત્રણ પાઇ નહીં.
(ચાલતો થાય છે એટલામાં રોકીને)

ગોવરધન—અરે શેઠ જરા ઉભા તો રહો એકદમ
ગુસ્સે ન થઈ જાઓ.

જગો—ત્યારે શું એક વખત માણસની સાથે વાત
કરી અને ન સમજે તેની સાથે વાત કરવામાં
નવાણું ટકાનો ગહેરલાભ છે.

ગોવરધન—ઠીક બોલ્યું ચાલ્યું માફ કરો. અને કાગળ
લઈ આવો એટલે મુકાબલી લખીએ.

જગો—પણ જો કાગળ લઇ આવ્યા પછી જરા પણ ફેર પડયો તો પછી તારે અને મારે સારા સારી નહીં રહે હો. આ મગજ બહુ ખરાબ છે માટે નકી કરવું હોય એ પહેલેથી કરી લેજે.

ગોવરધન—શેઠ બધું ચોકસ પાયાપર નકી કર્યું છે તમે કાગળ લાવો. અને મુકાબલી લખો એટલીજ વાર છે.

જગો—ઠીક ત્યારે કાગળ લાવું છું.

ગોવરધન—હા. જાઓ લઇ આવો.

જગો—ચાલો દશને દશ વીશ હજારની પુરાંત થઇ. (જાય છે.)

ગોરવધન—જોયું વર રાજા. કેટલો બજાર તેજ છે. આમાં તમારા જેવાનો આશરો લાગે આગે નહીં. પણ એ તો હું તેનો સ્વભાવ જાણી ગયોં એટલે કામ પાર પડયું.

વર—હા ગોર માહારાજ તમારી મ્હોટી મહેરબાની

પણ ગોર કન્યાનો આપતો બહુ ઉતાવળો અને ક્રોધી લાગે છે હો.

ગોવરધન—અરે શેઠ ગજબ જેવો છે. સગા બાપનું કહ્યું માને નહીં. એતો તમારા સારાં ભાગ્ય કે નક્કી થઈ ગયું.

વર—[સ્વગત] [મારો બેટો અગીઆર હજારની વાત ઉભી કરી છે અને હજુ કહેતો જાય છે કે તમારાં સારાં ભાગ્ય પણ કાંઈ હરકત નહીં ગરજને માટે ગધેડાને પણ કાકો કહેવો જોઇએ] પણ ગોર માહારાજ કન્યા તો તમે બતાવી નહીં.

ગોવરધન—(ચીડાઇને રોફથી ઉતાવળે) શેઠ જોગ આવશે તો બતાવાશે બેઠા બેઠા ડાંભો માર્યા કરોમાં વળી કાંઈ નવા જુની પેલો સાંભળશે તો બાજી ચુંથાઇ જશે.

વર—(સ્વગત) મારો બેટો રોફ મારે છે ઠીક તું પણ રૂઆબ મારી લે આજ કાલ તારાં દહાડા છે

જગો—[કાગળ કલમ દોત લઇને આવે છે.) લે ગોર લખ.

ગોવરધન—શેઠ લખતાં આવડતું હોય તો તમારી સાથે આવાં કામ કરૂં

જગો—શું બોલ્યો.

ગોવરધન—કાંઇ નહીં

જગો—ત્યારે કોણ લખશે તારો બાપ

ગોવરધન—તમે લખો બીજું કોણ લખે

જગો—અરે ભગવાન આવો ભાઇ હુશિયાર તો આપણે બેઉ સરખા.

ગોવરધન—ત્યારે વરરાજાને આપો એટલે એ લખે (જગાના હાથમાંથી કાગળ વગેરે લઇ વર પાસે બેસીને) લ્યો વરરાજા કાગળ અને લખો વેશવાળની મુકાબલી

વર—ઠીક લાવો ત્યારે બોલો શું લખવું છે. (કાગળ કલમ પોતાના હાથમાં લઇ ને) પણ ગોર કન્યાને બતાવી નહીં હો

ગોવરધન—હા લ્યો એમાં શું છે શું તમને ફસાવવા બસાવવા છે?

જગો—શું છે ગોર

ગોવરધન—એ તો વર જરા કન્યા જોવાનું કહે છે.

જગો—હવે એનાં કરતાં સારી છે.

ગોવરધન—પણ શેઠ જરા મહેરબાની કરીને બતાવો તો ખરા. (દાઢી પર હાથ નાંખી ખુશામત જેવું કરે છે.)

જગો [ગુસ્સે થતો.] તારા આવાના આવા વાંધા નહીં એટલાં સાંધા આવી બાબતથી હું વધારે કંટાળી જાઉં છું.

ગોવરધન—[પાઘડી ઉતારીને] પણ જરા કૃપા કરીને શેઠ જરા મહેરબાની કરોને.

વર—[સ્વગત] અરે તારીની રૂ. ૧૧૦૦૦) લેતાં કન્યા બતાવવાની ના પાડે છે ઠીક, તારા પણ આજ કાલ દહાડા છે.

જગો—[ગોરની અનહદ ખુશામતના ડોળાથી ફુલાઇ જઇ લક્ષ્મીને બોલાવે છે.

બેન લક્ષ્મી.

લક્ષ્મી—શું છે બાપા [અંદરથી]

જગો—બાપુ એક પાણીનો કળશો લાવજે આપણે ત્યાં મહેમણ આવેલા છે.

•વર—(સ્વગત) [મારો દીકરો રૂ. ૧૧૦૦૦) લેતાં મેમણ બનાવેછે, ઠીક તારી પણ આજ કાલ બલીહારી છે) (એટલામાં લક્ષ્મી પાણીનો કળશો લઇ આવે છે અને જગા સામો ધરેછે.)

લક્ષ્મી—લ્યો પીતાશ્રી.

જગો—આ મહેમણને આપ બાપુ.

લક્ષ્મી—વરને તથા ગોરને જોઇને એકદમ જોંખી પડી જાય છે, વર પાસે કળશો ધરતીપર મુકીને એક બાજુ [સ્વગત] અરે આ શું ગજબ, આ ગોર પ્રાણલાલનો નથી જણાતો આ તો કોઇ નવું કૌતક લાગે છે. અરે પ્રભું, તેં આ શું વિઘ્ન નાંખ્યું, જરા એક

બાજુ ઉભી રહી સાંભળું તો ખરી કે શું
વાત ચીત થાય છે.
[એક બાજુ ઉભે છે,]

વર—[કન્યાને જોતાં બહુજ ખુશી થાય છે અને મનમાં
હરખાતો ઉતાવળો ઉતાવળો.]
બોલો ગોર શું નામ લખું

ગોવરધન—પેલાં તમારૂં નામ લખો.

વર—મારૂં નામ ઠીક.

[કાગળમાં પોતાનું નામ લખે છે.]

લક્ષ્મી—[સ્વગત] ખરેખર આ કોઇ નવીજ વાત છે,
અરે ભગવાન કાંઇક તો મહેર કર.

વર—[પોતાનું નામ લખીને] રૂપાશા નાણાવટી

ગોરધન—શેઠ બાપનું લખો

વર—બાપનું નામ નહીં

જગો—શું બાપ વિનાનો છે [હસે છે]

ગોવરધન—[તાણીને] શેઠ બાપનું નામ લખો

વર—બાપનું નામ આવી ગયું સાથે, તમારે બાપના

નામ સાથે શું કામ છે તમે તમારા પૈસાના ધણી.

લક્ષ્મી—[સ્વગત] બરાબર બાજી બગડી. હે વિશ્વંભર નાથ! આ રંક અબળા પર જરાતો દયા લાવ

વર—[વાંચે છે] રૂપાશા નાણાવટી જોગ—લખીતંગ—બોલો નામ

ગોવરધન—જોગ લખીતંગ લખો શેઠ જગો ઢેઢી

જગો—[ખીજાઇ જઇને] અરે તારી માનો બામણ મારૂં.... જગજીવનદાસ કહેતાં તારી જીભ કપાઈ જાય છે?

ગોવરધન—હા બરાબર બરાબર, શેઠ, ભુલ્યો, લખો શેઠ—શા જગજીવનદાસ
લખીતંગ શા જગજીવનદાસ બોલો ગોર—બાપનું નામ શું.

ગોવરધન—જગજીવનદાસભાઇ—તમારા બાપનું નામ શું

જગો—બાપનું નામ નહીં

વર—[શું બાપ વિનાનો છો મારો સૈયો પાકેલો લાગે છે મેં જેમ કહ્યું એમજ તેણે પણ કર્યું, હરકત નહી]
બોલો ગોર બાપનું નામ શું

ગોવરધન–શેઠ બાપનું નામ કાંઇ નહી

વર—ઠીક બાપનું નામ કાંઈ નહીં [લખે છે]

ગોવરધન–શેઠ એમાં લખાય નહીં

વર—ઠીક ચાલો જવાદયો, બોલો ગોર હવે શું લખવાનું છે.

ગોવરધન–લખો શેઠ જત તમારી સાથે અમારી દીકરી લક્ષ્મીનું વેશવાળ....

લક્ષ્મી [સ્વગત] અરે દીનદયાળ દામોદર! તું આ ત્રણે પાપીઓ પર એક મ્હોટો પહાડ ફેંકી કેમ મારી નાંખતો નથી. હે દુર્ભાગ્ય લક્ષ્મી તારૂં ભાગ્ય આજે ફુટી ગયું છે (પોતાના કપાળે પોતાનો હાથ પછાડે છે આંખમાં આંસુ આવેછે એટલે પોતાની ઓઢણીના છેડાથી પોતાનાં આંસુ લુહે છે.]

ગોવરધન—રૂ. ૫૦૦૦) રોકડા લઇને કરવાનું.

લક્ષ્મી —[સ્વગત] અરે! સત્યના બેલી પરમાત્મા, હજુ પણ મારા વ્હાલા પ્રાણલાલના ગોરને પહોંચાડ. [પ્રભુની સ્તુતિ કરે છે. પળે પળે આંખમાં આંસુ લાવે છે અને તે આંસુ લુહે છે એટલામાં અંદરથી બુમ પાડતો પ્રાણલાલ નો ગોર આવે છે.]

ગોર—જગજીવનદાસ ઢેઢીનું ઘર કયું.?

જગો—(એકદમ ઉભો થઇને અધીરો બની] કેમ ભાઈ શું છે! વારંટ બારંટ તો નથીના?

ગોર—ના શેઠ વારંટ કેવું

લક્ષ્મી—[ખુશી થતી] સ્વગત-ખરેખર કોઇ પ્રાણલાલના ગોર જેવુંજ જણાય છે.

જગો—ત્યારે બહારથી બરાડા શું પાડતા આવો છો, એકદમ માણસને ગભરાવી દયો છો, ઘરમાં આવી આસ્તેથી પુછતાં ન આવડે. આવ્યા

છો મોટા પાઘડનું ફીંડળ કરીને તે તમને જાણ્યા. [બેસે છે] ઠીક જાઓ પછી ભીખ માગવા આવજો હમણાં જરા કામમાં છીએ.

ગોર—(સ્વગત) અરે આતો કોઈ નવાજ પ્રકારનું માણસ જણાય છે. પુછતો નથી ગાછતો નથી અને એકદમ ભીખ માગવા પછી આવજો, એમ કહી રજા આપે છે. શેઠ પ્રાણ-લાલે આવા સસરાને શું પ્રસન્ન કર્યો હશે.

લક્ષ્મી—(પ્રાણલાલનું નામ સાંભળી હસ્તે ચહેરે ખુશી થતી) આવ્યો આવ્યો સત્યનો બેલી પ્રભુ, પ્રાણ-લાલના ગોરની છાતીએ ચડી દુઃખી અબળાની ભાળ લેવા આવ્યો.

ગોર—જગજીવનદાશ શેઠ હું તમારે ત્યાં ભીખ માગવા નથી આવ્યો.

જગો—ત્યારે શામાટે આવ્યા છો?

ગોર—નગ્રશેઠ ખીમદાશ શેઠના પુત્ર પ્રાણલાલ જે હાલ વીલાયત જઈ બારીસ્ટર થઈ આઠ દીવસ

થયાં અત્રે આવ્યા છે તેનું વેશવાળ તમારી પુત્રી લક્ષ્મી વેરે કરવા આવ્યો છું

જગો—ગોર માહારાજ, તમે પોપટની જેમ પઢીતો ગય, પણ તમે સમજો છો કે આપણે ત્યાં બારી-સ્ટર ફારીસ્ટરનું કામ નથી, આપણે જે રૂપીઆ આપે તે બારીસ્ટર, સમજયા ગોર મહારાજ.

લક્ષ્મી—[સ્વગત અધીરી બની] અરે ગોર તું રૂપીઆનું કેમ બોલ્યો નહીં.

ગોર—કેટલા રૂપીઆ લેશો શેઠ.

જગો—હા હવે બેસો.

લક્ષ્મી—(સ્વગત) [હાશ હવે નિરાંત થઈ]

ગોર—[સ્વગત] હે ભગવાન, ક્યાંનું ક્યાં પ્રાણલાલ શેઠ ગોતી કહાઢયું] બેસે છે.]

ઠીક બોલો શેઠ, ત્યારે કેટલા રૂપીઆ લેશો.

[ગોવરધન તથા બુઢાવરના હાજાં ગગડી જાય છે.]

જગો—જુઓ ગોર માહારાજ રૂ ૫૦૦૦) થી તો
હમણાં વેશવાળ નકી થંઇ મુકાબલી
લખાય છે.

ગોર—વર કોણ તે જરા કહેશો.

જગો—[બુઢા તરફ આંગળી બતાવીને] જુઓ આ વર
ન જોયો હોય તો નિરખીને જોઈ લ્યો.

ગોર—[વાહ વરપણ નમુનો છે. સોનાપુરમાં મોકલવા જેવો]
પણ હવે અમારા વરના કેટલા ઓછા લેશો
તે વાત કરોને.

લક્ષ્મી—[સ્વગત] અરે ગોર ઓછાની વાત શું કરવા
કરે છે પુરે પુરા પાંચ હજાર કરી જલદી
બંધ નથી વાળતો અને શેઠનો ફાયદો કરવા
બેઠો છે.

[ગોર તરફ લક્ષ્મી કત્રાતી દ્રષ્ટીએ નારાજ થાય છે.]

જગો—ઓછાની વાત બોલ્યા એ બોલ્યા. વધારાની
વાત હોય તોજ ખોટી થાવું. નહીંતર પછી
હાથમાં ખડીઓ લઈ ચાલતા થાવું

લક્ષ્મી [સ્વગત] જો ગોરે ઓછાની વાત કહી ફાયદો કહાડ્યો, ગમે તેમ પણ બ્રામ્હણની જાત....ના.

ગોર—વાહ શેઠ, તમારો રૂઆબ. પણ હવે નકી કહો કે એટલા રૂપીઆ લેશું એટલે મને ખબર તો પડે.

જગો—રૂ ૬૦૦૦) લેવામાં આવશે.

ગોર—રૂા ૫૦૦૦) આપશું.

જગો—રૂા ૫૦૦૦) માં તો અહીં નકી થઈ ગયું

ગોર—એ વરને અમારો વર સરખો ગણો છો.

જગો—તે વાતની સાથે અમારે સંબંધ નથી.

ગોર—ત્યારે કઈ વાતની સાથે તમારે સંબંધ છે.

જગો—રૂ ૧૦૦૦) વધારે આપે તેની સાથે અમારે સંબંધ છે.

ગોર—મારા શેઠનો પાંચ હજાર કરતાં વધારે આપવાનો મને ઓડર નથી.

જગો--તો તમારા શેઠને છ હજાર સિવાઈ આ કન્યા મળે તેમ નથી.

લક્ષ્મી—[સ્વગત] અરે પ્રભુ વળી તેં ક્યાં વાજું ફેરવ્યું.
[શોકાતુર બને છે.]

ગોર—શેઠ, પાંચ હજારમાં સમજી જાઓ તો ઠીક છે.

જગો--મારી ઘરવાળીને પુછ્યા પછી વાત છે.

ગોર--પાંચ હજાર સામાં આપતાં આ વર નહીં મળે.

જગો--એ તો પછી જોઈ લેવાશે.

ગોર--શેઠ, લક્ષ્મી ચાંડલો કરવા આવે છે તો મ્હોડું ધોવા જાઓ નહીં.

જગો--આપ પારકી બાબતમાં બહુ હુશીઆર થાઓ નહીં.

ગોર—ત્યારે છ હજાર સિવાઈ બીજે વેશવાળ કરશો નહીં.

જગો—એ બાબતની તમારે પંચાત નહીં.

ગોર—ત્યારે પાંચ હજારમાં આ ઘર શું ભુંડું છે.

જગો—તે પુછવાનું તમારે શું જરૂર છે.

ગોર—ઠીક શેઠ ત્યારે પ્રણામ છે.

જગો—હા. અમારા પણ તમને સલામ છે.
[ગોર ખડીઓ ખભે નાંખી જવાની તૈયારી કરે છે એટલામાં)

લક્ષ્મી—[સ્વગત] અરે આ તો ગોર જેમનો તેમ ચાલતો થવા માંગે છે. અરે ગોર ગોર, તું છ હજાર આપવા કેમ કબુલ થતો નથી ત્યાં ક્યાં પ્રાણુલાલને ત્યાં ટોઢોં આવી જાય એમ છે. ખરેખર મારીજ ભુલ થઇ ગઈ કે પ્રાણુલાલને પાંચ હજાર કહેવાઈ ગયા. મોગમ રાખ્યું હુત તો સર્વે સારૂં થઈ જાત.

ગોર—[જવાની તયારીમાં] શેઠ હજીપણ સમજો તો સારૂં છે.

જગો—ગોર છ હજાર સિવાઇ તમારૂં બોલવું તમામ ખાટૂં છે.

ગોર—ઠીક શેઠ, જય શ્રીકૃષ્ણ.

જગો—હા જેગોપાલ.

[ગોર વિદાય થયા પછી પાછળથી લક્ષ્મી એકદમ ગભરાટમાં જાણે દીવાની ન થઇ ગઇ હોય તેવા રૂપમાં.]

લક્ષ્મી—[સ્વગત] અરે આ તો ચાલ્યો ગયો. હે સત્યનારાયણ તું, જગતમાં મ્હોટો દેવ લેખાય છે તારૂં મહાતમ મોટું છે જો તું સત્યનારાયણ સાચો હો અને જગતને છેતરતો ન હો તો હમણાંને હમણાં પ્રાણુલાલના ગોરને સારી બુદ્ધી સુજાડ, હું પ્રાણુલાલને પરણ્યા પછી તારી કથા કરીશ. અને દશ હજાર રુપીઆ ખરચી તારૂં મંદીર ચણાવીશ અને તારૂં નામ જગતમાં અમર રાખીશ.

[પોતાની આશા નૃષ્ટ થઇ જતાં આંખે અંધારા જેવું થઇ જાય છે છતાં. હીમ્મતથી ઉભી છે.]

વર—ઠીક ગોર, હવે આપણે જલ્દી પતાવી લ્યો.

ગોવરધન—હા. તાકીદ રાખો. વાંચો જોઉં શું લખ્યું

જગો—હા. વાંચી અને જલદી રૂપીઆ લાવો. હું હુંડી ખુંટી ત્થા રોકડા અથવા નોટું કંઈ પણ લેવાનો નથી ફકત કુલ ગીની લેવાનો છું.

ગોર—શેઠ ગીની લ્યો તેમાં શું મ્હોટી વાત છે. [વર તરફ] વાંચો જલદી શેઠ આમ ગાભરા શું બની ગયા છો.

વર—કાંઈ નહીં ગોર લ્યો વાંચી સંભળાવું છું.

[વાંચે છે.]

."રૂપાશા નાણાવટી જોગ. લખીતંગ શા. જગજીવનદાસ જત તમારી સાથે અમારી દીકરી લક્ષ્મીનું વેશવાળ રૂ. ૫૦૦૦) લઈ કરવાનું....

(એટલું સાંભળતાં લક્ષ્મી અસ્વસ્થ ચિતમાં)

લક્ષ્મી—અરે સત્યનારાયણ તું જુઠો છો. જગતને ઠગે છે તારી સંર્વ માણસો કથા કરે છે એ શું નિષ્ફળ છે.

[એટલામાં પ્રાણલાલનો ગોર કંઇક વિચાર થવાથી પાછો આવે છે અને

ગોર—[સ્વગત] આમને આમ ચાલ્યો જઇશ અને પાછળથી લક્ષ્મીનું વેશવાળ થઇ જશે તો શેઠ પ્રાણલાલનો પુર્ણ ઠપકો મળશે અને આપણા આખા ભવનો રોટલો ટળી જશે માટે આ પાપી સાથે છ હજાર સુધી વેશવાળ નકી કરી એક દીવશની મુદ્દત પડાવી. આ હરામી બુઢા સાથેનું વેશવાળ ભંગાવી નાંખું.

[ગોર પાછો આવ્યો જાણી લક્ષ્મી ખુશી થતી સ્વસ્થ ચિતથી.]

લક્ષ્મી—[સ્વગત] હા. ગોર તો પાછો આવ્યો. હે. દીન દયાળ સત્યનારાયણ તું દુનીયામાં સાચો છો. ભક્તના કડવા બોલને માન આપનારો તું દીનેશ્વર મ્હોટો છો.

ગોર—શેઠ રૂ ૬૦૦૦) આપવા કબુલ છે પણ આજે વેશવાળ થાય, નહીં કારણ કે આજે અમાસ છે માટે આવતી કાલે રાખો તો આપની મ્હોટી મેહેરબાની.

જગો—એમાં શું છે રૂ ૧૦૦૦) વધારે મળતા હોય તો આંવતી કાલતો શું પણ આવતી પરમ દીવશ સુધી.

ગોર—તો તો આપની બહુ મ્હોટી કૃપા થાય પણ જગજીવનદાશ શેઠ એમાં કાંઈ ગફલત ન થાય હો.

જંગો—ગોર એ શું વાત કરો છો.

[ઉભો થઇને ગોર નો હાથ પકડી વચન આ- પતો આપતો.]

લ્યો હું તમને મારા બાપ દાદાનો કોલ આપું છું કે ફાગણ શુદ્ધ બીજને ગુરૂવાર ના સહવારના નવ વાગ્યા સુધી રૂપીઆ છ હજારમાં આ કન્યા તમારા બારીસ્ટરની. જો એમાં હું ફરૂં તો હું બે બાપનો કહે- વાઊ. બસ હવે થયા ગોર માહારાજ ખુશી.

લક્ષ્મી—(અપૂર્વ આનંદને અનુભવતી અત્યંત ખુશાલી સાથે) [સ્વગત] ધન્ય છે શ્રી સત્યનારાયણ તારી અકળ લીલાને

ગોર—હા હવે ખુશી થયા. ઠીક જગજીવનદાસ
શેઠ હવે હું જઇશ.

જગો—હા ગોર મહારાજ પાછા વહેલા પધારજો.

ગોર--બહુ સારૂં શેઠ (જતો જતો) ચાલો આપણે
તો આપણું કામ સફળ કર્યું. હવે જલદી
શેઠ પ્રાણલાલને મળું. અને છ હજાર કબુલ
કરે કે તુરતજ પાછો આવી વેશવાળ નક્કી
કરૂં (જાય છે.)

[જગો અંદર જાય છે એટલામાં હાથ પકડીને]

ગોવરધન--કેમ શેઠ ચાલવા માંડયું.

જગો—[હજાર રૂપીઆ વધારે મળ્યા જાણી ખુશી થઇને]
ગોર ગોવરધન આજનો સોદો કેનસલ, હવે
આપને પરમ દીવસે આ ટાણે છ હજાર
ઉપરાંત આપવાની મરજી હોય તો આવવું.

ગોવરધનના હાથમાંથી પોતાનો હાથ જોરથી
છોડાવી ચાલ્યો જાય છે]

અને સિલિકમાં ગોવરધન તથા બુઢાવર
ધોએલ મુળા જેવા એકલા ઉભા રહેછે.

અને એક બાજુ અદ્રશ્ય ઉભી રહેલી લક્ષ્મી
•એ પાપીઓને મનમાં ને મનમાં ધિક્કારે છે.

ગોવરધન—(વર તરફ) શેઠ બજારમાં તો મ્હોટી ઉથલ
પાથલ થઈ ગઈ.

વર—હા ગોર એમજ થયું પહેલેથી ઉતાવળ રાખી
હત અને રૂપીઆ ગણી દીધા હત. તો
આમ થાત નંહીં.

ગોવરધન—પણ આપણને શું ખબર કે આમ પ્રાણ-
લાલની હલાં આવશે-

વર—ઠીક જે થયું તે થયું, ગઈવાત ગુજરી ગઇ.

ગોવરધન—પણ હાથમાં આવેલી અને મુકાબલી લખા-
એલી બાજી ચુથાઇ ગઇ.

વર—અરે ગોર મહારાજ કંઈ નહીં, પરમ દીવસે
વાત. સાત હજાર આપી કન્યાને ખરીદશું
પણ ખરીદેલી કન્યાને નહીં જવા દેશું.

ગોવરધન—શેઠ હવે તો નાના શંકરની વાડીમાં જઇ સવા ખાંડીની ખરીદ કરો. સમજયાના શેઠ.

વર—ગોર માહારાજ એમ કેમ બોલો છો.

ગોવરધન—તમે સાત હજાર આપી કન્યાને ખરીદવા માંગો છો પણ સામે પ્રાણલાલ છે. ખીમદાશ શેઠ જાત્રા કરવા ગયા છે. તેથી અત્યારે સ્વતંત્ર છે. સાત લાખ આપતાં પણ આ કન્યા ન જવાદે માટે આપ હવે આશા છોડી દયો.

વર-શું એમ છે ત્યારે તો હવે ભારે થંઇ, પણ આપણે કયાં આ કન્યાપર ભુંગળું ભાગ્યું છે? રૂપીઆને મ્હોઢે હજારો કન્યા.

ગોવરધન—હા, એ વાત બરાબર છે પણ હમણાં તો ઘરે જઈ ગોળનું પાણી પી લ્યો. અને પરમ, દિવસે સવારના સાત વાગે મારે ઘરે આવજો એટલે 'અહીં આવશું', અહીં નહીં અને તો પછી બીજે તપાસ કરશું.

વર—ઠીક ચાલો [જાય છે.]

ગોવરધન—[જતે જતે શાળા રૂ. ૧૦૦૦] આવતા હતા તે હાથમાં આવતા આવતા ચાલ્યા ગયા. ઠીક ચાલો બીજી કોઇ કન્યા વળગાડી દેશું, આપણે તે દલાલભાઇને શું [જાય છે.]

લક્ષ્મી—હે અખીલ વિશ્વપતિ વિશ્વનાથ, સકળ સૃષ્ટી ના સરજનહાર, શ્રી સત્યનારાયણ તેં તો આજે ત્હારા સત્ય ભક્તને પ્રતાપી પરચો બતાવી તારા નામની સદંતર કથા કરનાર તારા ભાવી ભક્તોને અલૌકિક કળાનું દિગ દર્શન કરાવ્યું છે. તો હે સત્યનારાયણ પ્રભુ, અત્યારના મારા માટે દર્શાવેલા ત્હારા ચમત્કાર પ્રમાણે જો તું સાચો હો, અને જગતમાં ત્હારૂં વ્રત કરનાર ત્હારા પ્રેમી ભક્તોને તું ઠગતો ન હો, તેમજ ત્હારા નામ પ્રમાણે આ કલયુગ જમાનામાં ત્હારાં-માં સત્યતાનો ગુણ હોય અને ત્હારા નામની કથામાં કરેલો કથન પ્રમાણે તારા દરેક ભક્તોની સત્ય પ્રમાણે મનકામના સિદ્ધ

કરતો હો તો, હે શ્રી સત્યનારાયણ, હું પણ અત્યારે મારૂં શુભ કાર્ય સફળ કરવાને માટે આકાશમાંના દેવતાઓની સમક્ષ સોગન પૂર્વક વ્રત લઉં છું કે જો તું મને મારા જીવન આધાર પ્રાણલાલની સાથે નિરંવિઘ્ને મારા લગ્ન કરાવી આપીશ અને મારો અત્યારનો દુઃખમય સંસાર સુખી કરવા મ્હોટી કૃપા કરીશ તો હું પરણ્યા પછી પ્રથમ ત્હારા નામની કથા કરીશ અને પછી ટુંક સમયમાં કોઈપણ સારે સ્થળે ત્હારા નામનું મ્હોટું દેવાલય બંધાવીશ અને તને નમવાને માટે બહાર દેશાવરથી હજારો માણસો આવે એવું જાત્રાનું મ્હોટું ધામ બનાવીશ અને અત્યારના મારા મુખમાંથી બોલાએલા દશ હજાર તો નહીં પણ પરણ્યા પછી મારા પ્રિય પ્રિતમ પ્રાણલાલને સમજાવી હે દેવ, ત્હારાં નામનું મ્હોટું મંદીર બાંધવા માટે વીશ થી પચીશ હજારનો મ્હોટો ખર્ચ કરાવીશ, માટે તું ત્હારો ભોગ લેવા નિષ્ફળ ન નિવડતો. એંજ તને મારી

છેલ્લામાં છેલ્લી વિનંતી છે. અરે દીકરીના દુષ્ટ દલાલો તમને તમારૂં પાપી પેટ ભરવા માટે કોઇ પણ ધંધો સુજતો નથી. કે નિરાધાર અબળાઓનો જન્મારો ધુળ મેળવવા ચાહો છો. અરે નફ્ટ નિર્લજ કલંકિત કૃત્યના કરનાર દુષ્ટ પીતા અને તેની સાથે મિશ્રણ થનાર અબળાના લોહીના દલાલ ગોર ગોવરધન, અમો અનેક રંક અબળાઓનો ભવ બગાડી તમો તમારો ભવ સુધારવા માંગો છો. પણ પાપીઓ તેમ કર્યાથી તમારો ભવ કદીપણ નહીં સુધરે. કાં તો તમારો દીકરો મરીજતાં તમો વાંજીઆ થશો.. અને કાં તો જમાઇ મરતાં જુવાન દીકરીનો રંડાપો જોશો અને બન્નેમાંથી તમારે ત્યાં કંઇપણ નહીં હોય તો અનેક કાળાં ધોળાં કરી હજારો રૂપીઆ ખરચી મેળવેલી બાયડી મરીજતાં તમો કુતરાની માફક રજળી વગર મોતે મરી જશો હા બરાબર છે, હું ભણુતી હતી ત્યારે

એક વખતે 'કંપાળ મિત્ર'ના ચોપાનીઆમાં વાચ્યું હતું કે.

દોહરો.

"વેપારી વેપાર કરે સતર આનાનો
"પાલી રળશે માંડ સટો કરશે દાણાંનો.
"સોનું વેચી સરાફ પરાણે પૈસો રળશે
"આખો દીન મજુર રહીને પેટજ ભરશે.
"ઓછી મહેનતથી મળે ધંધો કર્યે કલાલને
"સાવ મુફત જાજુ મળે દીકરીના જ દલાલને.

ઠીક ચાલો આજ સાંજ સુધી પ્રાણુલાલના ગોરની રાહ જોવી. અને આવી વેશવાળ નકી કરી જાય તો ઠીક નહીંતર પછી સાંજના જરાક અંધારૂં થતાં એકદમ ઘરમાંથી નીકળી જવું અને ચોપાટી થઈ બાબુલનાથને રસ્તે પુછતે પુછતે વાલકેશ્વર પ્રાણુલાલને બંગલે પહોંચી જવું અને પ્રાણુલાલ ને મળી અત્યારની બીના નિવેદન કરી આવતી કાલે પ્રાતઃકાળે વેશવાળનો ચોકસ બંદોબસ્ત થાય એમ ભલામણ કરી પાછું તુરતજ ઘરે પહોંચી આવવું. સમીસાંજમાં રસોઇ કરવાને ટાઇમે હું ઘરમાં નહીં હોઉં એટલે માત પીતા

ક્રોધે તો ભરાશે પણ તે ક્રોધ સહન થશે પણ ઘણી અઢા મહેનતે વેશવાળની ગુંથેલી દોરી ટુટી જશે તો તે પાછી આખા જન્મારા સુધી નહીં સંધાશે.

[ગાય છે.]

પ્રવેશ પાંચમો સમાપ્ત.



પ્રવેશ છઠ્ઠો.

દેખાવ—વાલકેશ્વરમાં પ્રાણુલાલને રહેવાનો બંગલો.

સમય—સાંજના છ વાગ્યાનો.

[પ્રાણુલાલ કોટમાંથી પોતાની ઓફીસમાંથી આવે છે.
અને રામાને બોલાવીને]

પ્રાણુલાલ—રામા ટેબલપરની બતી લાવ.

રામો—હોઇ શેઠ. રામો ટેબલપર બતી મુકે છે]

કોચમીન—[પાકેટ ટેબલપર મુકીને] શેઠ ગાડી તબેલે લઇ જાઉં.

પ્રાણુલાલ—હા. લઇ જાઓ, હવે અત્યારે કયાંઇ જવાનું નથી.

કોચમીન—વારૂ શેઠ [સલામ કરી જાય છે.]

પ્રાણુલાલ—કીશોર.

કીશોર—[અંદરથી આવીને] કેમ શેઠ.

પ્રાણુલાલ—ગઇ રાત્રે જે ગોરને બોલાવ્યા હતા તે ગોર હું ઓફીસમાં ગયા પછી મને મળવા આવ્યા હતા?

કીશોર—ના ગોર અહીં આવ્યા નથી.

પ્રાણુલાલ—વારૂ ગોર કદાચ હમણા આવે તો તેને સીધા અહીંજ મોકલજે. કારણ કે મારે તેની સાથે ખાનગી કામ છે.

કીશોર—બહુ સારૂ (જાય છે)

પ્રાણુલાલ—ગોર પણ મ્હોટો આળસુ અને કાળજી વિનાનો લાગે છે સહવારે આઠ વાગતે જવાનું કહ્યું હતું, છતાં સાંજના છ વાગ્યા તો પણ હજુ ગોરનો પતો નથી.

(ટેબલના મધ્ય ભાગની ખુરસી પર બેસે છે

એટલામાં ભટ આવી ટેબલપર ચાહનો પ્યાલો મુકી અને પુછે છે)

ભટ—શેઠ અત્યારે રસોઇમાં શું બનાવવાનું છે?

પ્રાણુલાલ—અત્યારે તો હમેશ થતી ચાલુ રસોઇ બનાવો. મિષ્ટાન બનાવવાનું આવતી કાલે થશે.

ભટ—જેવી આજ્ઞા, (જાય છે)

[પ્રાણુલાલ ચાહ પીઇ રહ્યા પછી રામો પાનની પટી પ્રાણુલાલને હથોહથ આપી ખાલી ચાહનો પ્યાલો લઇ અંદર જાય છે. પ્રાણુલાલ એકલો અનેક વિચારોના તારગમાં મશહુર થયા પછી નિચે પ્રમાણે બોલે છે]

પ્રાણુલાલ—આહા લખીતંગ એક 'અભાગી અબળા' શાહબાશ શાહબાશ, અભાગી અબળા–તેં તો આજે પ્રાણુલાલને નવું ચૈતન્ય આપ્યું છે. પ્રાણુલાલનું હૃદય વિંધી નાંખી તેં ત્હારા હૃદય સાથે જોડી દીધું છે–શું ત્હારા અલ્પ લખાણની ખુબી–કે વાંચતાં ચાતક પક્ષીના

મુખમાં શ્વાંતીના જળનું બિંદુ પડવા જેટલું અંતર શાન્ત થતું હોય-શું ત્હારી બોલવાની છટા! કે જાણે મુખમાંથી અમૃત વૃષ્ટી ની વૃષા થતી હોય—શું સંસારમાં મનુષ્યો પ્રથમ સુખ ઇચ્છે છે તે આજ કહેવાતું હશે.
[એટલામાં કીશોર કામસર આવે છે પણ મિત્રની આવી ચમત્કારી ભરેલી સ્થીતી જોઇ અટકીને]

કીશોર—[સ્વગત] મિત્રતો આજે આનંદમાં મગ્ન થઇ કોઇ હવા સાથે વાત કરતા જણાય છે.

[એવામાં પ્રાણુલાલનું ધ્યાન કીશોર તરફ ખેંચાય છે.]

પ્રાણુલાલ—કેમ કીશોર.

કીશોર—આપને કોઇ રાજકુમાર જેવું મળવા આવેલ છે.

પ્રાણુલાલ—કોણ? રાજકુમાર જેવું કોઈ મળવા આવેલ છે! હા, બરાબર રાજયનગ્રનાં પાટવી કુમાર રાજસિંહ હશે. લંડનમાં અમો બારીસ્ટરનો અભ્યાસ સાથેજ કરતા હતા.

કીશોર—હા, તેમણે પોતાનું નામ પણ રાજસિંહ દર્શાવ્યું છે.

પ્રાણલાલ—ત્યારે તેઓને ક્યાં બેસાર્યા છે.

કીશોર—અત્યંત માન સહિત પેઢી રૂમમાં તેમને બેસારીનેજ હું અહિં આવ્યો છું.

પ્રાણુલાલ—ઠીક ચાલ, કીશોર, હું તેને માન આપવા સામો મળવા જાઉં,

[અંદર જઇ રાજકુમારને સાથે લઇ આવે છે]

કેમ મિત્ર, આપનું અચાનક આગમન થયું? પ્રથમથી આપે મને જણાવ્યું પણ નહી. આપે આવવાના મને તારથી સમાચાર આપ્યા હત તો હું યથાશક્તિ માન આપવા સ્ટેશનપર હાજર થઈ કેટલો કૃતાર્થ થાત. આ બાબતની આપની ભયંકર ભુલને માટે હું કેટલી દીલગીરી જાહેર કરૂં.

રાજકુમાર—ના મિત્ર, દીલગીરી જાહેર કરવાનું કંઇ-પણ કારણ નથી. હું મારૂં પોતાનું અગવડ

ભરેલું કામ પાર પાડવાને માટેજ આપની મુલાકાત લેવા આવ્યો છું

પ્રાણુલાલ—ખુશીથી મારે લાયક કામશેવા ફરમાવો શેવક હાજર છે.

રાજકુમાર—મને રૂ. ૨૦૦૦)ની જરૂર છે. માટે બની શકે તેમ હોયતો આપો, આપનો મારાપર મ્હોટો ઉપકાર થશે.

પ્રાણુલાલ—રાજસિંહ ઠાકોર, આપ રાજવંશી થઇ ગરીબની મશ્કરી કરો છો.

રાજકુમાર—ના પ્રાણુલાલ, હું મશ્કરી કરતો નથી. પણ સત્ય કહું છું કે મને અવશ્ય જરૂર છે. આપના મનમાં મશ્કરી જેવી તુચ્છ શંકા ઉત્પન થઇ, તો તે શંકા દુર કરવાને માટે હું સ્પષ્ટ ખુલાસો કરૂં છું કે આવતા અંઠવાડીઆમાં પહેલી તારીખે હાઇકોરટમાં સેકન્ડ જડજની જગ્યાએ હું દાખલ થવાનો છું અને તેમના ખર્ચને માટે રૂ. ૧૦૦૦૦) ની જરૂર પડી છે. આઠ હજારની રકમ અ-

ત્યારે મારી પાસે તૈયાર છે, પણ મારા પીતાશ્રી લંડન હોવાથી મારે અને દીવાનને ખટપટ હોવાને લઇને રૂ ૨૦૦૦)ના આપની પાસે માંગણી કરવા આવવાની જરૂર પડી છે, માટે તમારાથી બની શકે તેમ હોય તો આપો નહીંતર પછી હું બીજે કોઈ પણ ઠેકાણે જોગ કરી લઈશ. મુંજવણ રાખી કામ કરવાની કંઈપણ જરૂર નથી.

પ્રાણલાલ—અરે એમાં શું બનાવા જેવી અને મુંજવણ જેવી મ્હોટી બાબત છે ?
કીશોર,

કીશોર—(અંદરથી આવીને) કેમ શેઠ,

પ્રાણલાલ—જા મામાશ્રીને કહે કે ચાલુ પુંરાતમાંથી રૂ ૨૦૦૦) ની નોટો લઇ પ્રાણલાલ હમણાંજ તમને બોલાવે છે.

કીશોર—બહુ સારૂં શેઠ (જાય છે.)

રાજકુમાર—મિત્ર પ્રાણલાલ, શું તમે વ્યાપારી લાઇન-

માં જોડાઈ ગયા, આપણી લાઇન તજી દીધી?

પ્રાણુલાલ—હા સાહેબ, આપણી બારીસ્ટર, વકીલ, તેમજ ન્યાયાધીસની લાઇન પર મને પ્રથમ-થીજ તિરસ્કાર છે.

રાજ કુમાર—ત્યારે મ્હોટો ખર્ચ કરી વીલાયત બારી-સ્ટરની પરિક્ષા આપવા જવાનુ શું કારણ હતું ?

પ્રાણુલાલ—એતો પીતાનો અત્યંત આગ્રહ હતો. વળી શીખ્યું કોઇ દીવસ કામ લાગે એમ, ધારી પ્રવાસ કર્યો. બાકી અમો વાણીઆ ભાઇને તો વ્યાપારી લાઇન વધારે વ્હાલી લાગે.

રાજ કુમાર—એ સર્વ મનુષ્યની પ્રકૃતિપર આધાર છે.

પ્રાણુલાલ—હા, એતો પહેલુંજ વળી, તેમાં શું સંદેહ છે.

મુનીમ—હ્યો પ્રાણુલાલ, આ રૂપીઆ કોને ખાતે ઉધારવાના છે ?

પ્રાણુલાલ—[જરા વિચાર કરીને] હાલ તો મારા

મરહુમ માતુશ્રીને ખાતે ઉધારો પછી જોઈ લેવાશે.

મુનીમ--પ્રાણુલાલ, શેઠની ગહેરહાજરીમાં લીટી ખાતે રૂપીઆ ઉપાડો છો તે ઘણુંજ ગહેર વ્યાજબી કામ કરો છો અને આવી રીતે રૂપીઆ આપવાનો શેઠનો મને હુકમ નથી.

[પ્રાણુલાલના હાથમાં નોટો આપતાં આપતાં પોતાનો હાથ પાછો ખેંચીલે છે.]

પ્રાણુલાલ—(એકદમ ગુસ્સે થતાં] મામાશ્રી મામાશ્રી, તમે આ શું બોલો છો ? હુકમ થાય છે તેનો અમલ કરો મારા માત પીતાની લક્ષ્મી સાચવવા તમારા કરતાં મને વધારે કાળજી છે.

[મુનીમ મનમાં ખીજવાતો અનહદ ક્રોધમાં ઉભરાતો આ અપમાનનું વેર વાળવા વિચાર કરતો, તો પણ નિરઉપાયે માલેકના હુકમને તાબે થતો બગલા ભગતની માફક સમયને અનુસરી]

મુનીમ—ક્યે, પ્રાણુલાલ, આપ મારા મુરબ્બી છો

તેમજ માલેક છો મારી ભુલ ક્ષમાં કરો.
[પ્રાણુલાલને નોટો આપે છે]

પ્રાણુલાલ--કંઈ હરકત નહીં મામાશ્રી, તેમાં માફ કરવા જેવી શું બાબત છે.

મુનીમ--ઠીક, હું જાઉ છું, બીજું કાંઇ કામકાજ ?

પ્રાણુલાલ--હા જાઓ, બીજું કંઇ કામકાજ નથી.

મુનીમ--[જતો જતો સ્વગત] અરે મારૂં અપમાન! એ પ્રાણુલાલ પ્રાણુલાલ, હું આ અપમાનનું વેર જાત્રાથી મારી બહેન આવ્યા પછી કેવી રીતેં વાળું છું તે તુ જોઈ લેજે. (જાય છે)

પ્રાણુલાલ--[નોટો બરાબર ગણીને રાજકુમારને આપે છે] લ્યો રાજકુમાર.

રાજકુમાર--મ્હોટો ઉપકાર.
[નોટો જોઇ લઇ ગણીને પાકીટમાં નાખે છે) મિત્ર પ્રાણુલાલ, આ રૂપીઆ હું આપને આજથો સવા મહીને આપીશ. કારણ કે અઠવાડીઆં પછી તો નોકરીની લગામ

હાથમાં આવશે. અને ત્યાર પછી એક મહીને પગાર રૂ. ૩૫૦૦) આવશે,, તેમાંથી પ્રથમ હું આપને રૂ. ૨૦૦૦) વ્યાજ સહિત મોકલી આપીશ.

પ્રાણુલાલ—અરે મિત્ર, એ શું બોલોછો? તમારૂં ધ્યાન પડે ત્યારે મોકલજો તે બાબતમાંતો પ્રાણુલાલના પિતાને ત્યાં ઇશ્વરનો પ્રતાપ છે.

રાજકુમાર—મિત્ર પ્રાણુલાલ, મારા ઉદર નિર્વાહની દોરી જોડવા જતાં અત્યારે તમે મને જે કીમતી મદદ આપી છે તેનોં શુભ બદલો હું કયારે આપીશ તે બાબતની આકાંક્ષા આજથીજ મારા હૃદયમાં જન્મ પામી છે.

પ્રાણુલાલ—રાજકુમાર, એ શું બોલો છો, પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરો કે લંડનમાં અભ્યાસ કરતાં બંધાએલી સાધારણ મિત્રતાં આજના પરિચયે જે ગાંઢ બની છે. તો તે મિત્રતા દિનપ્રતિદિન વૃદ્ધી પાંમી અંહોનીશ જામો

કામી રહે. બાકી મિત્ર, પૈસા તો આજ છે, કાલે નથી.

રાજકુમાર—તે કહેવું તમારૂં સત્ય છે પણ આપ જાણતા હશો કે પવિત્ર મિત્રતાના સંબંધમાં પૈસાનો વહેવાર રાખવો એ ભવિષ્યમાં મિત્રતામાં મ્હોટી ખલેલ પહોંચાડનારી અને શત્રુતાનો ભાવ પ્રાપ્ત કરાવનારી એક અગ્રેસર બાબત છે.

પ્રાણલાલ—એ વ્યાજબી છે, પણ તે કોને માટે છે કે ખોટી મિત્રતાનો મ્હોટો ડોળ બતાવી-ધનવાન મિત્ર પાસેથી દગલબાજીથી ધન લુટી લેવા પ્રયત્ત કરનાર—અનહદ ખોટી ખુશામત કરી જુઠી રીતે પોતાની ગરીબાઇ અથવા તો પૈસા હરણ કરવાનાં કારણો જાહેર કરી અનેક દાવપેચમાં રમી ધનવાન મીત્રને છેતરવા જનાર ના લાયક અને નીમક હરામ મિત્રને માટે છે. બાકી ખૈરા વખતે-સંકટ સમયે-પોતાના હાથમાં લાખો રૂપીઆની દોલત હોય તોપણ પોતાના પવિત્ર મિત્ર-

ને માટે તે લાખોની દોલતને લાત મારી પોતાના મિત્રને મદદ આપે તેજ મિત્ર-રત્ન વિરલ ગણાય છે. બાકીતો સર્વ જમાનાના અને નામના, નાહક જીભને બોજો આપતા ભાડુતી મિત્ર ગણાય છે. અને હું તેવા નાલાયક નામના ભાડુતી અને ખુશામતીઆ મિત્રને ધિકારૂં છું.

રાજકુમાર—શાહબાશ મિત્ર પ્રાણલાલ, તમારા જેવા પ્રમાણીક મિત્રના ગાઢ પરિચયથી હું અત્યારે ભાગ્યશાળી થયો હોઉં એમ માનું છું પવિત્ર મિત્રતાનું અભિમાન રાખનાર પ્રાણલાલને હું જયારે અત્યારના સમયનો પુરેપુરો બદલો આપું તોજ રાજ્યનગ્રના રાજાનો પુત્ર રાજસિંહ ગણાઉ.

પ્રાણલાલ—હું પણ તમારા જેવા રાજવંશી છતાં વફાદાર મિત્રના સંબંધથી ભાગ્યશાળી થયો માંનું છું. અને જગતનિયંતા પ્રત્યે પ્રાર્થના કરૂં છું કે જગતમાં સર્વ સ્થળે આપના જેવા વફાદાર મિત્રની વૃદ્ધી પામી,

ખુશામતીઆ મિત્રનો નાશ થજો.

રાજકુમાર—ઠીક સાહેબ હવે હું જઇશ.

પ્રાણલાલ—અરે એમ તે જવાય, ભોજન તૈયાર થાય છે.

રાજ કુમાર—ના, હું જમીનેજ આવ્યો છું. આવતી સહવારે તો મારે રાજ્યનગર જવાનું છે અને ત્યાંથી પહેલી તારીખે તો (ફેમીલી) સહિત અહિં આવવાનું છે.

પ્રાણલાલ—પણ જમતાં કેટલી વાર લાગશે.

રાજ કુમાર—નહીં મિત્ર, આગ્રહ ન કરો. કારણ કે મારે સાડા સાતની અંદર તો ગવરનરને બંગલે જવાનું છે.

પ્રાણલાલ—પણ તમે જમ્યા વિનાના જાઓ એ તો મહેરબ્યાજબી ગણાય.

રાજ કુમાર—મિત્ર પ્રાણલાલ, પવિત્ર મિત્રતાના સંબંધમાં કાંઈ વ્યાજબી ગહેરવ્યાજબી

હોતુંજ નથી. વળી પહેલી તારીખ પછી તો આપણે હમેશા મળશું.

(એટલામાં ભટ ચાહના બે પ્યાલા લાવે છે.]

પ્રાણલાલ—ઠીક જેવી આપની ઇચ્છા, પણ આ અમારા ભટે લાવેલી અલ્પ પ્રસાદી સ્વીકારો.

(ભટના હાથમાંથી ચાહનો પ્યાલો લઇ રાજ કુમારના હાથમાં આપે છે.)

રાજ કુમાર—(પ્યાલો લેતે લેતે] વળી પ્રાણલાલ આ શું તસ્દી લીધી ?

પ્રાણલાલ—વળી ફરજ બજાવા જતાં તસ્દી ગણાતી હશે?

ભટ—(બીજો પ્યાલો પ્રાણલાલ સામે ધરીને) લ્યો શેઠ.

પ્રાણલાલ—ભટ મેં તો હમણાજ ચાહ પીધો છે.

રાજ કુમાર—પ્રાણલાલ એ શું બોલો છો ? તમારે ઘેર હું ચાહ પીઉં અને તમે નકામા બેસો, એ શું વ્યાજબી ગણાય ?

[હાસ્યના રૂપમાં.]

પ્રાણલાલ—હા, બરાબર છે. અવિવેક માફ કરજો

રાજ કુમાર—શાહબાશ પ્રાણલાલ, તમે પણ આનંદી જણાઓ છો.

[બન્ને જણે ચા પીઇ રહ્યા પછી રામો પાનની પટી આપે છે તે રાજકુમાર તથા પ્રાણલાલે વહેંચી લીધા. પછી ભટ તથા રામો અંદર જાય છે. અને રાજકુમાર ઉભો થઇને હાથ લાંબો કરી)

રાજકુમાર— [ઉભા થઇને] Well Mr. Pranlal, I will Go now.

[shaking hands]

પ્રાણલાલ—(ઉભા થઇને) Alright, thank you, Have favour.

રાજકુમાર-Thank you, Good bye Mr. Pranlal

(જાય છે.)

પ્રાણલાલ—[બેસીને] રામા, ભટને પુછી તપાસ કર કે રસોઇને કેટલી વાર છે.

રામો—હોઈ શેઠ. (અંદરથી આવીને પાછો જાય છે]

[પ્રાણુલાલ એક પુસ્તક ઉઘાડી દ્રષ્ટી ફેરવેછે તેવામાં રામો અંદરથી આવીને.]

રામો—શેઠ, રસોઈલા હજુન પાઉ કલાકચા ટાઈમ આહે.

પ્રાણુલાલ—વારૂ.

(રામો જાય છે. પ્રાણુલાલ ચોપડી વાંચે છે એવામાં લક્ષ્મી આવે છે. અને બ્હીતી અને ધ્રુજતી એક બાજુ ઉભી રહી પ્રાણુલાલની સાથે વાત કરવા જીભ ઉપર હીમ્મતનો બોજો મુકે છે તેટલામાં પ્રાણુલાલની દ્રષ્ટિ ચોપડી માંથી દુર થઇ એકાએક લક્ષ્મી પર પડે છે અને એકદમ ઉભો થઇ તાજુબ થતો—પણુ ગભરાએલા આવેશમાં.)

પ્રાણુલાલ—અરે આ કોણુ, લક્ષ્મી? અત્યારે રાત્રીના અંધકાર ટાઇમે તમે અહીં કયાંથી.

લક્ષ્મી—આપને મળવા.

પ્રાણુ.—મળવાનું કારણુ? શું તમારે ત્યાં ગોર આવ્યો નથી?

લક્ષ્મી—ગોર તો સહુવારે આવ્યો હતો.

પ્રાણ.—પછી.

લક્ષ્મી—પાંચ હજાર સુધી મારા પીતાએ વેવિશાળ સ્વીકાર્યું નહીં.

પ્રાણ.—ત્યારે? !

લક્ષ્મી—છ હજારની માંગણી કરી.

પ્રાણ—[ઉશ્કેરાએલા ચેહેરે ગોર તરફ ગુસ્સે થતો. છ હજાર આપવા ગોરે કેમ ન કબુલ કર્યાં.

લક્ષ્મી—તે હું શું જાણું?

પ્રાણ—ગોર પણ મ્હોટો મુર્ખ જણાય છે. આવી બાબત બનવા છતાં હજુ સુધી મને મળવા પણ આવ્યો નથી. પણ તમને ભૈયાએ દરવાજામાં દાખલ કરતાં રોકયાં નહીં.?

લક્ષ્મી—ભૈયો નિદ્રામાં ઝોંકાં ખાતો હતો તેટલી વારમાં નજર ચુકાવી દાકરો ચઢી આવી.

પ્રાણ.—તમને બંગલો આજ છે તે ક્યાંથી ખબર?

લક્ષ્મી—બાજુના મકાનમાં રહેતી એક વૃદ્ધ ડોશીએ બતાવ્યો.

પ્રાણ—ઠીક ત્યારે તમે જાઓ. હું હમણાંજ ગોરને બોલાવું છું અને તમારે ત્યાં અત્યારેને અત્યારે મોકલું છું

લક્ષ્મી—મ્હોટી કૃપા.

પ્રાણ—તમે મનમાં જરાપણ ગભરાશો નહીં. તમારો પીતા તમારે માટે જેટલા રૂપીઆ માંગશે તેટલા આપવા તમારી સાથે વચનથી બંધાએલો પ્રાણલાલ તૈયાર છે.

લક્ષ્મી—(હર્ષઘેલી થતી) આહા? આ ઉપકારનો બદલો હું ક્યારે આપીશ ?

પ્રાણ.—પરમાત્મા વખત આપે ત્યારે, પણ લક્ષ્મી, હવે તમે એકલાં કેવી રીતે જશો. તમોને તમારે ઘરે પહોંચાડવા ગાડી મોકલાવત પણ

તમારો ભાઈ કીશોર વીગેરે કોઈ જાણી જાય તો ખાનગી કામમાં વિઘ્ન પડવા સંભવ રહે

લક્ષ્મી—ના શેઠ, ગાડીનું કંઈ પણ કામ નથી. વિઘ્ન પડવા કારણ સંભવીત કરવુંજ નહીં. એ તો હું જેવી રીતે આવી તેવી રીતે તેજ રસ્તે થઈ ઘરે પહોંચી જઈશ

પ્રાણ—પણ રસ્તામાં તમને કોઈ બદમાશ માણશની બ્હીક તો નહીં લાગે?

લક્ષ્મી—શેઠ એ શું બોલો છો? બદમાશ હોય અથવા તો બદમાશનો દેવ હોય તોપણ શુદ્ધ અંતઃકરણથી શિયળ વ્રૃત સાચવનાર સ્વછંદી અને તેજસ્વી સ્રીઓ પાસે તેઓ એક પથ્થર અને શુન્ય સમાન છે.

પ્રાણ—શાહબાશ શાહબાશ, રે લક્ષ્મી, ત્હારી પવિત્ર બુધ્ધી અને વજ્ર શક્તિને, તોપણ ચાલો મારા વૃધ્ધ વિશ્વાસુ ભયાને તમારે ત્યાં પહોંચાડી જવા ભલામણ કરૂં છું.

(લક્ષ્મી કંઇ પોતાના અંતરના વિચારમાં ગરકાવ બને છે જાણી)

પ્રાણ—કેમ લક્ષ્મી શું વિચારમાં પડ્યા.

લક્ષ્મી—(શરમાઇ જતી) ના કંઈ નહીં.

પ્રાણ—કેમ કંઈ નહીં. હમણાં તમને જે વિચાર આવ્યો હતો તે મને સત્ય રીતે જણાવો.

લક્ષ્મી—ના શેઠ કંઈ નહીં.

પ્રાણ—લક્ષ્મી હું તમને મારા સોગન આપીને કહું છું કે હમણાં તમને જે વિચાર આવ્યો હતો તે સત્યતાથી જણાવો.

લક્ષ્મી—ના મારા વ્હાલા પ્રાણ તમે સોગન ન ખાઓ.

પ્રાણ—ત્યારે તમે સત્ય રીતે ખુલાસો કરો.

લક્ષ્મ—ખુલાસામાં એજ કે જવાને માટે શરીરે પ્રયાણ કર્યું એટલે હૃદય બળે અહીંથી જવાની ના પાડી.

પ્રાણ—અરે લક્ષ્મી તમે આશું બોલો છો, મર્યાદા
રહિત ખુલાસો કરવા જતાં તમને અપ્રમાણીક
ભરેલી શર્મ પ્રાપ્ત થતી નથી?

લક્ષ્મી—ના પ્રાણ, સોગન ભરેલા પ્રાણના પ્રશ્નનો ખરો
ખુલાસો કરવા જતાં લક્ષ્મીને અપ્રમાણીકપણું
અને શર્મ પ્રાપ્ત થાયજ નહીં.

પ્રાણ—વારૂ પણ તમારા હૃદય બળે તમારા શરીર
ને અટકાયત કરવાનું કારણ?

લક્ષ્મી—અદ્રઢ અને અવિશ્વાસ.

પ્રાણ—શી બાબતનો

લક્ષ્મી—વેવીશાળ બાબતનો

પ્રાણ—અરે લક્ષ્મી, તમે આ શું બોલો છો? હજુ
પણ તમને અદ્રઢતા અને અવિશ્વાસ
છે, તો લ્યો? [પોતાના હાથમાંની વીંટી કાઢતો)
મારા વિશ્વાસના બદલામાં મારે પહેરવાની
આઠ હજારની હીરાની વીંટી તમોને

પ્રેઝંટ Present કરૂં છું (લક્ષ્મીની આંગળીમાં પ્રાણલાલ વીંટી પહેરાવે છે તેમાં)
(આસ્તેથી ધીમે ધીમે સુખ, શાન્તિ અને સંતોષના આનંદ સાગરમાં ડુબી જતી હોય તેવા હર્ષમાં]

લક્ષ્મી—પ્રેઝંટ કરેલી અમુલ્ય ભેટ માન સહીત સ્વીકારૂં છું.
[લક્ષ્મીના હાથમાંની અઢી આનાની હીરાની વીંટી કહાઢી લઇ પ્રાણલાલ પોતાની આંગળીમાં પહેરીને]

પ્રાણ—કેમ લક્ષ્મી, હવે તમારા હૃદયને પુછી જુઓ કે અદ્રઢ અને અવિશ્વાસને સ્થાનકે શાન્તી થઈ ?

લક્ષ્મી—[અત્યંત શાન્તીથી] હા હવે સમ્પુર્ણ રીતે શાન્તી થઈ

પ્રાણ—ઠીક ચાલો હું ભૈયાને તમારી સાથે મોકલું છુ એટલે ભાડુત ગાડીમાં તમારા રહેવાના ઘર નજદીક મુકી જશે.

લક્ષ્મી—અત્યંત કૃપા હો. ચાલો [બન્ને અંદર જાયછે]—
[અંદરથી પ્રાણલાલ તથા ગોર એક સાથે આવીને]

પ્રાણ—[અજાણ્યો હોય તેવા રૂપમાં] કેમ ગોર, કામ ફતેહમંદ કરીને આવ્યા?

ગોર—ના શેઠ.

પ્રાણ—ના થવાનો સબબ

ગોર—કન્યાના બાપે છ હજારની માગણી કરી

પ્રાણ—ત્યારે તમે આપવા કેમ ન કબુલ કર્યું?

ગોર—આપનો ચોકસ પાંચ હજાર સુધીનો ઓરડર હતો તેથી

પ્રાણ—ધનનો વ્યય કરી પ્રાણલાલ કંઇ કારણ સર તાકીદે વેવીશાળ કરતો હશે તે વિચાર નહોતો આવ્યો?

ગોર—ના સાહેબ, ઠબકો મળશે તે વીચાર આવ્યો હતો.

પ્રાણલાલ-બરાબર છે. તે માનવું તમારૂં ગહેરવ્યાજબી નથી. પણ તે વેવીશાળ બીજે કયાંઈ ન થઈ જાય. તે કાળજી રાખવાની તમારે જરૂર હતી.

ગોર—શેઠ, તે કાળજી રાખીનેજ આવ્યો છું.

પ્રાણલાલ—કેવી રીતે

ગોર—અડતાલીશ કલાકની મુદત સુધીમાં છ હજાર સુધી એ કન્યા બારીસ્ટરને વરે એમ કન્યાના બાપનો બાપદાદાનો કોલ લઇ નકી કરી આવ્યો છું.

પ્રાણલાલ—શાહુબાશ તો તો, તમે એક મ્હોટું બારીસ્ટરનું કામ કર્યું ગણાય.

ગોર—બારીસ્ટરના ગોર થઈને બારીસ્ટરની ગરજ સારીએ તેમાં નવાઇ શું છે.

પ્રાણલાલ—હા એતો વ્યાજબી છે પણ હવે તમે અહીથી અત્યારેને અત્યારે સિધા ત્યાંજ

જાઓ. અને લક્ષ્મીનો પીતા કદાચ દશ હજાર. કરતાં પણ વધારે રકમ માગે તો પણ તમે વેવીશાળ કરીનેજ આવજો.

ગોર—હા, શેઠ, એ મારૂં કામ. હવે જુઓકે કેમ પાછો આવું છું

[ગોર જાય છે તેવામાં સામેથી કીશોર ઉતાવળો ઉતાવળો આવે છે]

કીશોર—શેઠ આ તાર આવ્યો છે.

પ્રાણુલાલ—[ગભરાતો ગભરાતો] શું તાર! કયારે કાનો આવ્યો? [તાર ફોડીને વાંચે છે]

ગોર—[જતો અટકીને] વળી આ રંગમાં ભંગ શો?

Arriving Grant Road with Dewan Saheb· of Rajnagar, at 7 morning wednesday I have visited Dewan Saheb and now won't go to Rameshwar Khimdas

[પ્રાણુલાલ તાર મનમાં વાંચી રહ્યા પછી અંતરમાં જખમકારક ઉંડો નિશ્વાસ મુકતો કીશોર તરફ પોતાનો હાથ લંબાવીને]

પ્રાણુલાલ--લ્યો કીશોર તાર ફાઈલમાં મુકો.

કીશોર--(તાર હાથમાં લઇને) શું સમાચાર છે.

પ્રાણુલાલ—થોંટથી મ્હોઢું રાતું રાખે તેવા રૂપમાં હસ્તે ચહેરે] એ તો પીતાજી આવતી કાલે સહવારે પધારવાના છે.

કીશોર—તે તો રામેશ્વર જવાના હતા તે.

પ્રાણુલાલ--હા રામેશ્વર જવાના હતા પણ દ્વારકામાં રાજ્યનગ્રના દીવાન સાહેબની અચાનક મુલાકાત થવાથી ત્યાં જવાનું મોકુફ રાખી દીવાન સાહેબ સહિત સવારે ગ્રાન્ટરોડ ઉતરશે. માટે સવારના છ વાગ્યાની અંદર બે ઘોડાની બગી તથા મોટર તૈયાર રહે તેમ કોચમાનને હમણાં ફરમાવો અને દીવાન સાહેબને સ્ટેશનપર માન આપવાને ફુલ તોરા જોશે માટે અત્યારેજ બનાવી તૈયાર રાખવા માળીને ઓડર કરો.

કીશોર—બહુ સારૂં, જેવુ. આપનું ફરમાન. [જાય છે,

ગોર--લ્યો શેઠ હું જાઉ છું, અને હમણાંજ વેશવાળ કરીને વધાઈના સમાચાર લાવું છું.

પ્રાણલાલ— સબુર કરો મહારાજ, જરા શાંન્ત રહો આપે સાંભળ્યું કે પ્રાતઃકાળે એટલે અત્યાર પછી તેર કલાકમાં તો પીતાજી રાજ્યનગ્રના દિવાન સહિત અત્રે પધારવાના છે. માટે પીતાજીને આવવાના ઘણા ટુંક સમયમાં એકાએક સાહસિક પગલું ભરી તેમને અસંતોષની લાગણી ઉત્પન કરાવવી તેમજ વળી તાર આવ્યા પછી જાણી જોઈનેજ પીતાજીની દરકાર રાખ્યા સિવાઈ આગળ પંગલું ભરવું એ મને વ્યાજબી લાગતું નથી કેમ ગોર મહારાજ આ બાબતમાં તમે શું મત આપો છો?

ગોર—શેઠ આ વખતનું ક્યું એ કામ. મારે એની તરવાર, સારા કામમાં ઢીલ રાખવીજ નહીં.

પ્રાણલાલ--[જરા વીચાર કરીને] પણ પીતાજી કહેશે કે મારી એક અઠવાડીઆની ગહેરહાજરી-.

માં તેમજ મારા આવવાના સમાચાર સાંભળ્યા પછી એકજ રાત્રીનાં પ્રસંગમાં આમ એકાએક ઉતાવળ કરવાનું શું કારણ હતું. તો પછી મારે શું પરિઉત્તર આપવો.

ગોર—એ વિચાર આપને કરવાનો છે.

પ્રાણુલાલ—[બ્યાજબી વિચારનો ઉમળકો આવવાથી ઠીક ગોર મહારાજ, હમણા તો તમો તમારે ઘરે જાઓ; આવતી કાલે પીતાજી આવ્યા પછી તેની સમજુતીથીજ આ કામ કરવું વધારે શ્રેય કરતા છે. માટે હમણાં તમે જાઓ. કામ પડશે તો આવતી કાલે તમને બોલાવવા માણસ મોકલીશ પણ ગોર મહારાજ અડતાલીશ કલાકની મુદતની વાત તો મજબુત પાયાપર છેના?

ગોર—હા, શેઠ તે વાતમાં જરાપણ તફાવત પડે તેમ નથી.

પ્રાણુલાલ—ઠીક મહારાજ પધારો ત્યારે, તે વાતમાં

તફાવત ન થાય તો તો પીતાજીની રાહ સફળ જીવડી ગણાશે.

ગોર—શેઠ તે બાબતમાં તમારે લેશમાત્ર પણ અંદેશો રાખવો નહી. કારણ કે કન્યાના બાપે " ફાગણ સુદ ૨ સુધી બીજે વેશવાળ કરૂં તો બે બાપનો ગણાઉ" એવી દ્રઢ ટેક સાથે મને વચન આપેલ છે માટે બીજને ગુરુ-વારના નવ વાગ્યા સુધી તો તેમાં જરાપણ ફેરફાર પડશે નહી.

પ્રાણલાલ—બહુ સારૂં ત્યારે સિધાવો.

ગોર—શેઠ હુ જાઉછુ.

પ્રાણલાલ—હા. જાઓ પણ ગોર મહારાજ કદાચ આવતી કાલે ઘરમેળે વેવિશાળનું કામ પતી જાય તો તમારી મહેનતની દક્ષણા હું ખાનગી રીતે આપીશ તે બાબતમાં તમારે નશ્ચીંત રહેવું.

ગોર—[જતો જતો] એ તો શેઠ આપનો પૂર્ણ

પ્રતાપ છે. અમારા જેવા ગરીબ માણસોપર આપના જેવા શેઠીઆની અમી દ્રષ્ટી હોય એજ અમારે મન લક્ષ્ય છે.

[ગોર જાય છે.]

પ્રાણુલાલ—(વીચાર કરે છે.)

પીતાજી આવ્યા પછી પીતાજીની સલાહ-થીજ આ કામ પાર પાડવું એ તો હજાર દરજ્જે ઉત્તમ છે પણ અત્યાર પછીના ઓગણચાલીશ કલાકના ટુંક સમયમાં આ કામ નિરવિઘ્ને પાર પાડવું એ વિશેષ જહે-મતકારક થઇ પડશે. શું પીતાજીની સમક્ષ વાતચીત કરી પીતાજીની મર્યાદા ત્રોડવી? ના, એ વાતતો તદન ગહેરવ્યાજબી ગણાય. ત્યારે પીતાજીને આંવતી કાલે તુરતમાં આ વાત કેવી રીતે કાને પહોંચાડવી. હા બરાબર, આ બાબત મામાશ્રી માર્ફત પાર પાડવી કારણકે તે હુશીઆર અને ચંચલ છે. વળી સાવકી માતુશ્રીનો ભાઈ છતાં મામા ભાણેજ નો સારો સંબંધ રાખે છે. તેમજ મુનીમની

જમ્યાએ છે એટલે પીતાજીની સાથે વાત ચીત કરવામાં ઘણીજ છુટ જોવામાં આવે છે એટલે અનેક વાતોમાં પીતાજીને સમજાવી તેનું મન સંતોષની સલાહથીજ કબુલ કરાવી મુદતની અંદર ચોક્કસ કામ પાર પાડી દેશે માટે જમ્યા પછી હમણાંજ મામાશ્રીને ઘરે જવું અને તેની પાસે આ બાબતનો ખુલાસો કરી આવતી કાલે સાંજ સુધીમાં કામ અવશ્ય પાર પડે એવી દ્રઢ ભલામણ કરવી.

[જાય છે.]

પડદો પડે છે.

પ્રવેશ છઠ્ઠો. સમાપ્ત.

પ્રવેશ સાતમો

સ્થળ—એજ બંગલામાં મુનીમને રહેવાનો ઓરડો

મુનીમ—[હાથ ઉપર હાથ પછાડી] હાય! મારૂં અપમાન, અરે બચાજી પ્રાણુલાલ, યાદ રાખજે કે આ અપમાનનું વેર શેઠ તથા મારી બહેન આવ્યા પછી હું કેવી રીતે વાળું છું— "હુકમનો અમલ કરો છો કે કેમ" પ્રાણુલાલ હુકમનો અમલ હવે કેવી રીતે થાય છે તે હું તને ટુંક સમયમાં નજરો નજર બતાવી. આપીશ—[જરા જબકીને સામે આંગળી બતાવી] અરે પણ આ સામેથી કોણુ ચાલ્યું આવે છે, અરે આતો પ્રાણુલાલજ.

[પ્રાણુલાલ આવેછે]

પ્રાણુ--કેમ મામાશ્રી શું કરો છો.

મુનીમ--પધારો, પધારો ભાઈ પ્રાણલાલ, આજે તો ગરીબ મામા પર મ્હોટી મહેરબાની કરી- ગરીબ મામાની ઓરડી પાવન કરી

પ્રાણુ—ના મામા આટલા મોટા માનને હું લાયક નથી

મુનીમ--અરે એમ હોય પ્રાણલાલ તમે તો મારા શિરછત્ર અને અન્નદાતા છો કાંઈ મારા લાયક કામ સેવા હોય તો ખુશીથી ફરમાવશો મનમાં કાંઇ પણ અંદેશો રાખવો નહીં

પ્રાણુ--હા તમારૂં કામ તો પડયું છે અને તેને માટે જ હું તમારી પાસે આવ્યો છું માટે તે કામ તમારાથી પાર પડે એવું મને દ્રઢ વચન આપો એટલે હું ખુલાસો કરૂં

મુનીમ--અરે શેઠ પ્રાણલાલ, એમાં શું મોટી વાત છે આ લ્યો વચન [પ્રાણલાલનો હાથ પોતાના એક હાથથી પકડી બીજે હાથે વચન આપતો આપતો] કદાચ માથું માંગો તો પણ ઉતારી આપવાને

આ તમારો નીમકહલાલ નોકર હાજર છે.

આણુલાલ—શાહબાશ મામાશ્રી, વફાદાર અને નિમક હલાલ નોકરની એજ રીત છે અને તેથીજ મારૂં ખાનગી કામ તમોને સોંપુ છું કે પીતાજીનો હુમણાંજ તાર આવેલો છે, સહવારે રાજ્યનગ્રના દિવાન સહિત સાત વાગતે ગ્રાન્ટરોડ ઉતરશે. મેં એક ઠેકાણે રૂ. ૬૦૦૦] રોકડા આપી મારૂં વેવીશાળ કરવું નકી કર્યું છે તેથી તમે કોઈપણ રીતે પીતાજીને સમજાવી તેના મનમાં મારા પ્રત્યેની દુઃખદાયક લાગણી પ્રાપ્ત ન થાય તેવા રૂપમાં વાતનો પ્રયોગ ઉતારી આવતી કાલે સાંજ સુધીમાં પીતાજીની સલાહ શાન્તીથી અને આનન્દની લાગણીથી ચોકશ વેવિશાળ થાય, તેવી ગોઠવણ કરવા બાબતની હું તમોને દ્રઢ ભલામણ કરવા આવ્યો છું. માટે સંસાર સુખના કહેવાતા પ્રથમ પગથીઆનો જશ મારા માટેનો તમેજ લઈ વિઘ્ન રહિત કામ પાર પાડી આપો એટલે હું આપનો મ્હોટો ઉપકાર

માનીશ, તેનો બદલો ભવિષ્યમાં કોઈ પણ વખત આ પ્રાણુલાલ આપને આપશે એમ વિશ્વાસપૂર્વક તમે ખાત્રી રાખજો.

મુનીમ—અરે પ્રાણુલાલ, એમાં તમે કામ શું સોપ્યું. એતો માખણનું ઘી બનાવવું અને શેઠને સમજાવી ગળે વાત ઉતારવી બરાબર છે. ખુશીથી આપ સિધાવો હું તમોને ખાત્રી પૂર્વક કહું છું કે તમોએ સોંપેલું કાર્ય જરૂર પાર પાડી દઇશ.

પ્રાણુલાલ—આપનો મારા પ્રત્યે મ્હોટો ઉપકાર થશે. ઠીક ત્યારે હું જઈશ.

મુનીમ—હા. પધારો તસ્દી માફ કરજો.

પ્રાણુલાલ—અરે એ શું બોલો છો મામાશ્રી ! આજે તો તસ્દીને માટે ખાસ મારે માફી માગવી જોઇએ (જાય છે

મુનીમ—(બુમપાડીને) ઓ પધારજો પ્રાણુલાલ—આહા

જેવું જોતું તું તેવુંજ વૈદે કહયું. એક રીતે તો રૂ. ૨૦૦૦) મિત્રને આપી દઈ પ્રાણલાલે દોષ કર્યો છે.અને બીજીવાત, રૂ.૬૦૦૦) વેશવાળ કરવાની છે માટે શેઠ તથા બ્હેન આવે એટલી વારમાં બન્ને વાતને જોઈન્ટ કરી મીઠું મરચું મસાલો ભભરાવી, શેઠ એકદમ ઉશ્કેરણીમાં આવી જાય તેમ બહેનને સમજાવવા પોઇન્ટ અત્યારથીંજ તૈયાર કરી રાખવો એટલે આવતી કાલેજ બચા પ્રાણલાલનો બેડોપાર થઈ જાય. "હુકમનો અમલ કરવો છે કે કેમ" ઓ પ્રાણલાલ હું ત્હારો મામો નથી પણ દુર્યોધનનું જડમુળથી ઉખેડી નાંખનાર મામો શુકુની છું.—મીઠો ઠગ છું. અંતરમાં કપટની છુરી રાખી મુખથી અમૃત શબ્દોનુ સ્વાદીષ્ટ પાન કરાવનારો કાળો નાગ થઇ ત્હને ડસવા તૈયાર થએલો ત્હારી સાવકી માનો ભાઈ હું ત્હારો મામો નથી પણ જગતની દ્રષ્ટીએ મિથ્યા મામો કહેવરાવનારો ત્હારો દુશ્મન મામો છું. વીલાયતથી આવતાં મારી આદ્રી શેઠે તને સોંપી

છે પણ હવે તે ગાદી હું કેવી રીતે મારે સ્વાધીન કરૂં છું તે તું જોઇ લેજે. બસ ચાલો આજની રાત્રી તો "હુકમનો અમલ કેવી રીતે થાય" તેનાજ વિચારમાં ગાળવી અને આવતી કાલે તો બહેનને સમજાવી હુકમનો અમલ કરી દેવો. એટલે પ્રાણુલાલનો બેડો પાર.

(જાય છે.)



પ્રવેશ આઠમો

સ્થલ—બંગલામાં બેઠકનું ભવ્ય દીવાનખાનું

તિથી—ફાગણ સુદ ૧ બુધવાર

સમય—રાત્રીના આઠ વાગ્યાનો

દેખાવમાં—રાજ્યનગ્રના દિવાનને માન આપવા મળેલી સંભાવીત ગૃહસ્થોની મિટીંગ.

[પ્રાણલાલ હાથમાં ફુલનો હાર તોરો લઇ ઉભો થઇને]

પ્રાણલાલ—આજની ઉત્સાહી અને મન રંજન કરનારી પાર્ટીમાં પ્રમુખસ્થાને બિરાજેલા મહેરબાન રાજયનગ્રના દિવાંન સાહેબે દ્વારકામાં મારા પૂજ્ય પિતાશ્રીના અલ્પ આગ્રહને અપૂર્વ માન આપી અત્રે પધારવા

. માટે મ્હોટો પરીશ્રમ લઇ અમારા તરફનો યથાસ્થિત અતિથી સત્કાર સ્વિકારી મારા પિતાશ્રીને જે મ્હોટું માન આપ્યું છે તેના બદલામાં મહેરબાન દિવાન સાહેબનો સમ્પૂર્ણ આભાર માની દ્વારકાથી અત્રે આ-વવા માટે પડેલી તસ્દીને માટે માફી ચાહી મારા પૂજ્ય પિતાશ્રી ખીમદાસ શેઠ તરફથી આ "ફુલ તોરો" પ્રેજન્ટ કરવામાં આવે છે જે મહેરબાન દીવાન સાહેબ માન્ય સહિત સ્વીકારશે એમ દ્રઢ આશા રાખું છું.

[તાળીઓનો ગગડાટ]

[પ્રાણલાલ દીવાનના ગળામાં હાર નાંખી તોરો હાથમાં આપી પોતાને સ્થાનકે બેસે છે]

દીવાન—[ઉભોથંઇને] સમસ્ત જ્ઞાતિના નગ્રશેઠ ખીમદાસ શેઠ તરફથી તેમના વિદ્વાન પુત્ર પ્રાણુલાલ ભાઇએ મ્હને મ્હોટું માન આપી આ અમુલ્ય દાયક કિમતી ચીજ પ્રેજન્ટ કરી છે તે હું અતિશય સ્નેહ પૂર્વક માન સહિત સ્વીકારૂં છું અને ખીમદાસ શેઠની વૃદ્ધા

ઘરશાની સુખની જીંદગી યશ, ગુણ, કીર્તીના ભવ્ય પ્રકાશમાં જામોકાસી રહી આધિ, વ્યાધી ઉપાધી, રહિત પોતાના એકના એક પુત્રના જીવન સુખના ઉમદા લાભ તળે ઓહોનીશ નિરગમન થાય એમ પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે શુદ્ધ અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી બેશી જવાની રજા લઉં છું.

[તાળીઓનો ગગડાટ]

(દિવાનને માન આપવાનો સમય વ્યતિત થતાં અંદરથી કીશોર મુનીમ વીગેરે પેઢીના માણશો દુધના પ્યાલા લાવે છે અને દરેકને એકેક આપી પાનની પટી વીગેરે તેમાં જોઇતાં સાહિત્યો તમામ ને પુરાં પાડયા પછી ગુલાબ જળ છાંટે છે. એટલામાં રામો આવી પ્યાલા લઇ જાય છે અને બે નાયકાઓનો નિચે પ્રમાણે ચલતીમાં નાચ ચાલે છે.)

ગાયન

(૮)

બન્ને નાયકાઓ એક સાથે.

" રસભીના રંગીલા છે નટવર કાન (૨)
" નટવર કાન, દિસે સુંદર શ્યામ(૨)—રસભીના.

પહેલી—"હું તો તમારી પ્યાસી બની છું.

બીજી—"તમે અમારા પ્રિતમ થયા છો.

બન્ને સાથે—"પ્રિતમ પ્યાસીની જોડી બની છે અપાર. (૨)
"બની છે અપાર, શોભે અપરમપાર.(૧)—રસભીના.

પહેલી—"હું તો તમારી જોગણ બની છું.

બીજી—"તમે અમારા જોગી થયા છો.
"જોગી જોગણના ભોગી, થઈ બન્યા છે. અસાર.(૨)

બન્ને સાથે—"બન્યા છે અસાર; ખારો કર્યો છે સંસાર [૨]
રસભીના.

(નાચ પૂર્ણ થયા પછી દરેક ગૃહસ્થો ઉભા થઇ શેઠ ખીમદાશને તથા દીવાનને સેકીન્ડ કરી વિદાય થયા પછી).

શેઠ—પ્રાણલાલ જાઓ નાયકાઓને ઠરાવ પ્રમાણે બક્ષીસ આપી ખુસી કરો, અને ભોજનની તાકીદે તૈયારી કરો. કારણકે દીવાન સાહેબ નવ વાગ્યાના મહેલમાં પોતાને વતન ઉપડી જવાના છે.

પ્રાણુલાલ—એટલી જવાની બહુ શું ઉતાવળ છે.

દીવાન—પ્રાણુલાલ ભાઇ, અમારા હજુર સાહેબ લંડન છે એટલે ગહેર હાજરીમાં રાજ રજળતું રેહે તેમાં દીવાનને લાંછન છે.

શેઠ—ઠીક જા પ્રાણુલાલ, તેમાં કાંઇ આગ્રહ કરવા જેવું નથી, દીવાન સાહેબે દ્વારકામાંથીજ એક દીવસ રોકાવા પ્રતિબંધ કર્યો છે. માટે જલદી ભોજનની તૈયારી કરો.

પ્રાણુલાલ—જેવી આજ્ઞા પીતાજી (પ્રાણુલાલ તથા કીશોર અંદર જાય છે) (શેઠ, દીવાન તથા મુનીમ ત્રણે બેસે છે તેમાં દીવાન ટુંક સમયનો વ્યય કરવા નિચેની સાધારણ વાત ચીત ચલાવે છે).

દીવાન—શેઠ, પ્રાણુલાલે બારીસ્ટરની પરિક્ષા કેટલી ઉમ્મરમાં પસાર કરી.

શેઠ—ઉમ્મર તો એકવીશ વર્ષ ઉપરાંત એકાદ માશ થયો હશે.

દીવાન—બહુજ નાની ઉમ્મરમાં બારોસ્ટરની પરિક્ષાનો, ઉત્તમ લાભ મેલવ્યો.

શેઠ—હા, તેને મેં નાનપણુથીજ વિલાયત મોકલ્યો હતો અને તેનું પણ લક્ષ બાળપણથીજ વિશેષ અભ્યાસ ઉપર હતું એટલેજ પોતાના તન મનનો અત્યંત ભોગ આપી he has passed his examination with honour.

દીવાન—ત્યારે તો હાઇ કોરટમાં વડા જડજની જગ્યા મેળવશે.

શેઠ—ના, તે લાઇનને તો પોતે ધિક્કારી વિદ્યાતથા કર્મને વેચવામાં બહુજ નિર્માલ્યપણું બતાવે છે.

દીવાન—ત્યારે.

શેઠ—પ્રાણુલાલના વિચારો સ્વતંત્ર પરાક્રમ અને વિદેશ ગમન તરફ વિશેષ જોવામાં આવ્યા એટલે વીલાઅતથી આવતાં બીજેજ દીવસે હાઇકોરટમાં પ્રાણુલાલનું નામ રજીસ્ટર કરાવી સર્વ

મીલ્કતનો power મારા નામનો તેને મેળવી આપી વ્યાપારનો સમસ્ત કારભાર સોંપી દઇ હું તો જાત્રા કરવા ચાલ્યો ગયો હતો. હવે એ સર્વ વહેવાર પ્રાણુલાલ ચલાવશે, હું તો જંજાળમાંથી ફારીક થયો છું.

દીવાન—ત્યારે તો પ્રાણુલાલના સ્વતંત્ર વિચારનો તમે આઘાત કર્યો.

શેઠ—તેમાં આઘાત શાનો? જો હું તેના વિચારને બર લાવવા દઉં તો પછી આ મારા એંશી લાખ જેટલો સંચય સાંચવે કોણ?

દીવાન—હા તે પણ બરોબર છે. પણ હાલના અંગ્રેજી ભણેલા સ્વતંત્ર વીચારના જુવાનીઆઓ એકદમ પોતાના પીતાના આગ્રહને આધીન થાય એમ હું માની શકતો નથી.

શેઠ—ના મને મારા પ્રાણુલાલનો સમ્પૂર્ણ ભરોસો છે, કે હું તેનાપર ગમે તેટલો બોજો મુકીશ તો તે ઝીલી લઈ પીતાની આજ્ઞાનું લેશ માત્ર પણ ઉલ્લંઘન નહીં કરે.

દીવાન—તો તો તમે પુત્ર રત્નમાં ફાવ્યા ગણાઓં.

શેઠ—હા. તે બાબતમાં તો પ્રભુની કૃપા લાગે છે.

દીવાન—પ્રાણલાલના લગ્ન તો નહીં થયાં હોય.

શેઠ—ના, લગ્નપણ કર્યાં નથી અને વેશવાળપણ હજુ કર્યું નથી.

દીવાન—એમ કેમ?

શેઠ--પ્રાણુલાલને દશવરશનો મુકી તેની માતુશ્રી has died અને પછી તુરતજ પ્રાણુલાલને વીલાયત મોકલ્યો. પાછળથી સાવકી માને તો તેના વેશવાળ સબંધી કાળજી હોયજ કયાંથી? અને મારોપણ એવોજ વીચાર હતો કે પ્રાણુલાલ વીલાયતથી આવ્યા પછીજ લગ્ન અને વેશવાળનો બંધ એક સાથે વાળીદેવો. આપણામાં કયાં મ્હોટી કન્યાનો કાળ છે.

દીવાન—ત્યારે તો શેઠ મારે ત્યાં ચૌદ વરસની કન્યા છે હું ઘણાં દીવસથી વર અને ઘર

જોઊછું છતાં પણ કયાંઇ ધ્યાન પડયું નથી. તો હવે મેહેરબાનો કરી આપજ કબુલ કરી લ્યો.

શેઠ--દીવાન સાહેબ, આ બાબત સાંભળી હું બહુજ ખુશી થાઊ છું પણ એમ છે કે હાલનો જમાનો સુધરેલો અને સંસારની બાબતમાં સ્વતંત્ર ગણાય છે. માટે છોકરાની મરજી સિવાઇ મારાથી કંઇપણ થઇ શકે નહીં. વળી અંજળ હશે તો પછી થઈ રહેશે.

દીવાન--ના શેઠ, તેમાં તમારૂં કંઇપણ ચાલે તેમ નથી. હાલનો જમાનો સુધરેલો છે પણ આપણે તો ગામઠી અને જુના જમાનાના કહેવાયે છીએ માટે મેહેરબાની કરીને મારી પુત્રીનું વેવિશાળ તમારા એકનાએક વિદ્વાન પુત્ર વેરે સ્વીકારો.

શેઠ--દીવાન સાહેબ એકદમ ઉતાવળા ન થાઓ વેશ વાલનું કામ છે કાંઇ ખાવાનું કામ નથી ?

દીવાન—શેઠ, જેમ હું દ્વારકામાંથી તમારા વચનને માન આપવા રાજ્યમાં મ્હોટી ખલેલ પહોચાડી

અત્રે આવ્યો તેમ તમારે પણ મારા વચનને
માન અવસ્ય આપવું પડશે.

શેઠ—પણ ના કોણ પાડે છે.

દીવાન—ત્યારે નાને માથે શીંગડાં ઉગાડો છો

શેઠ—દીવાન સાહેબ તમે એમ ન કરો, મનમાં ઓછું
ન લાવો હું પ્રાણુલાલની માતાની સલાહ તથા
પ્રાણલાલનો વિચાર જાણ્યા પછી તમોને
લખી મોકલીશ અને બનશે તો હું પોતે
તુમારે ત્યાં આવીશ.

દીવાન—શેઠ મારેત્યાં આવો તો મારા માથાના મુગટ
છો પણ પછી કાંઈ બને નહીં. અને કાંઈ
અવાય નહીં. મુકી વાત વીસારે પડે. તમારે
ત્યાં સાંજ પડે હજારો માગાં આવે તેમાં
કાંઈ શુદ્ધી રહે પણ નહીં. માટે કૃપા કરી
જરા મણુ હાનાકાની કર્યા શિવાય વેવીશાળ
સ્વીકારી કબુલ કરી લ્યો. એટલે મારા
મનને શાન્તી થાય.

શેઠ—પણ હુવે જમીતો લ્યો પછી. જોઇ લેવાશે.

દીવાન—ના શેઠ નકી થયા શિવાય જમવું હરામ છે.

શેઠ—અરે દીવાન સાહેબ તમેતો બહુ હઠીલા, ઉલાવળા અને સાહસિક જણાઓ છો.

દીવાન—અરે શેઠ કન્યા મોટી થઇછે. માથામાં જીવડા પડયા છે. દુઃખે તેને દાઝે તેમાં તમને શું ખબર પડે, ઘણા વખતથી તપાસ કરૂં છું પણ કોઈ વરજ ધ્યાનમાં નથી આવતો નહીંતર એટલો બધો આગ્રહ કરૂં નહીં ઈશ્વર મને આજ કામ માટે દ્વારકાંથી અહીં લઇ આવ્યો હોય એમ લાગે છે માટે શેઠ લક્ષ્મી ચાંડલો કરવા આવે છે તો મ્હોઢું ધોવા જવું નહીં એ કહેવતને કેમ ભુલી જાઓ છો.

શેઠ—એતો બધું ઠીક પણ કન્યા જોઈ નથી તેનું કેમ

દીવાન—હા તમારૂં કહેવું બરાબર છે પણ દીવાનના

હાથ નીચે કેળવાએલું કન્યા રત્ન કેવું હશે
તેનો તમે પોતેજ ખ્યાલ કરો

શેઠ—પણ કન્યા જોયા શિવાય તો મારાથી વેવીશાળ
કબુલ નહીં થઈ શકે

દીવાન—શેઠ તમારૂં કહેવું વ્યાજબી છે પણ ઢીલ
રાખ્યાથી આ જોગ વીખરાઈ જશે માટે હું
મ્હોંઢામાં આંગળી નાંખી નીરઉપાયે ખુલા-
સો કરૂં છું કે તમારો પુત્ર પ્રાણુલાલ
બારીસ્ટર થયો તો મારી પુત્રીએ મેટ્રીક
પસાર કરી છે લ્યો હવે કાંઇ પુછવું છે. જો
રૂપ રંગમાં પુછવું હોય તો તેના ખુલાસામાં
એટલુંજ કે તમારા પુત્ર પ્રાણુલાલને
મળતો જ ચ્હેરો છે માટે મહેરબાની કરીને
કબુલ કરી લ્યો.

શેઠ—ઠીક જાઓ કબુલ છે.

દીવાન—પણ શેઠ મહેરબાની કરીને ફાગણ શુદ
પાંચમનાં લગ્ન રાખવાં પડશે.

શેઠ—એતો બહુજ ઉતાવળા થશો. તેને તો ફક્ત ચારજ દહાડાની વાર છે એટલા વખતમાં ઉકેલાશે કેમ ?

દીવાન—એતો સર્વે થઇ રહેશે પૈસાને મ્હોઢે એક દીવસમાં આખી મુંબઈ ખરીદ કરવી હોય તોપણ થઈ શકે તો આશું મ્હોટી વાત છે.

શેઠ—ઠીક જેવું તમારૂં ધ્યાન, તમારૂં મન ખુશી થાય એ મારે મન કબુલ છે. વળી લગ્નના બંધનમાં પ્રાણુલાલ બંધાઇ જશે એટલે તેનું વિદેશ જવાનુ મન નાશ પામશે એ પણ મ્હારે મ્હોટો લાભ થશે. ઠીક ચાલો હવે ભેગા બેશીને જમી લઇએ. અને જમ્યા પછી કન્યાને માટે દશેક હજારનો દાગીનો કહાઢી આપું.

દીવાન—હા. ચાલો. મારે પણ જવાનો ટાઈમ થવા આવ્યો છે. વધારે ટાઈમ થશે. તો ટ્રેન ચુકી જવાશે. માટે જલદી જમી લઇએ. તમારા જેવા સારા સગાં મળ્યાં અને મારી પુત્રીને

સારૂં વર ઘર મળ્યું એજ મને અહીં આવ-
વામાં મ્હોટો લાભ થયો અને તેનો જશ
તમને મળ્યો.

શેઠ—એતો દીવાન સાહેબ. અરસ પરસ છે ના.

(એટલામાં પ્રાણુલાલ ઉતાવળો આવીને)

પ્રાણુલાલ—પીતાજી ભોજન તૈયાર છે. ભટ આપની
રાહુ જુવે છે.

શેઠ—હા ચાલો (દીવાનની આંગળી પકડીને મુનીમ તરફ
નજર કરીને) મુનીમ તમે તબેલે જઇ ગાડી
જોડાવી જલદી આવો કારણ કે હમણાજ
આંપણા વેવાઇને સ્ટેશને પહોંચાડવા જવાનુ
છે માટે અમે જમી લઇએ તેટલી વારમાં
તમે ગાડી લઇને આવો.

(શેઠ તથા દીવાન જાય છે.)

મુનીમ—બહુ શારૂ શેઠ આ ચાલ્યો (જરા ખોટી થઇને)
કેમ પ્રાણુલાલ શેઠ કંઈ સાંભળ્યું તમે.

પ્રાણુલાલ—હા. વેવાઇ એ શબ્દ નવો સંભળાણો–

મામાશ્રી એ ઓળખાણ કયા જમાનાની નીકળી

મુનીમ—પ્રાણુલાલ તમારૂં વેવીશાળ થયુ

પ્રાણુલાલ—(અજાયબ થતો એકદમ અધીરો બનીને) ક્યાં.

મુનીમ—દીવાન સાહેબની પુત્રી સાથે. ફાગણ સુદ ૫ ના લગ્ન પણ નકી થઈ ગયા.

પ્રાણુલાલ—મામાશ્રી તમે આ શું વાત કરો છો

મુનીમ—હમણાંજ નજરોનજર જોએલી તમેપણ સાંભળી કે નહીં

પ્રાણુલાલ—(ધીરે પડીને) હા. વાત તો મળે છે પણ મામાશ્રી તમે પીતાશ્રીને કંઇપણ ન સમજાવ્યા.

મુનીમ—પ્રાણુલાલ ભાઈ—પીતાજીને ઘણા સમજાવ્યા ઘણાં મનાવ્યા ઘણાં દાખલાઓ આપ્યા મારી બ્હેને પણ વચમાં પડી ઘણી મહે-

નત કરી પણ સમજે તેને સમજાવે ના, ન સમજે તેને શું સમજાવે.

પ્રાણુલાલ—મારાં માતુશ્રીએ સમજાવ્યા છતાં પણ પીતાજીએ ચોખી ના પાડી

મુનીમ—ના શેઠ, ચોખ્ખી ના નહીં પણ મેલી ના પાડી

પ્રાણુલાલ—મામાશ્રી મહેલી નાનો તમે શું અર્થ કરોછો.

મુનીમ—અર્થ તો એજ કે પ્રાણુલાલ હજુ છોકરૂછે. તેને શું ખબર પડે. આમ છ હજાર રૂપીઆ કેમ અપાય, છ હજાર કયા ઝાડના પાકેછે.

પ્રાણુલાલ—શું મારા કરતાં પીતાજીએ છ હજાર વધારે વ્હાલા ગણ્યા?

મુનીમ—હા એમજ થયું ના. ઠીક પ્રાણુલાલ હું ગાડી જોડાવવા જાઊછું પછી મળીશ

પ્રાણુલાલ—હા જાઓ.

મુનીમ—(સ્વગત જતોજતો) માર તોપ કોણ પુછેછે, ઉબાડીયું મુકી દીધુ એટલે પોતાની મેળેજ સળગીને થાશે ભડકો અને ઘી હોમવા

હુમણાંજ બહેનને ઇશારો કરી દઊછું એટલે બચ્ચા પ્રાણુલાલનો બેડો પાર.

પ્રાણુલાલ—આહા! આ મેં શું સાંભળ્યુ. હું શું જોઊછુ? થોડીક વારમાં કેટલો બધો તફાવત નજરે પડેછે, શું. લક્ષ્મીની વાત નિષ્ફળ નિવડી, શું પરમ પવિત્ર વ્હાલી હૃદય લક્ષ્મી હવે નહીં મળે? (પોતાના મગજ ઉપર અસહ્ય બોજો પડવાથી એક ખુરશીપર બેસી જાયછે અને તે બોજાને અંતરની જ્ઞાન શક્તિથી એકદમ ઓછો કરી નાંખી તદન સ્વસ્થ ચીતથી)
અહા! પરમાત્માની કેવી પ્રબળ કળા છે કે જે કળાનો પાર કોઇ પણ મનુષ્યો પામી શકતા નથી. "અંજળ હોય તોજ કોઇ પણ કાર્ય સિદ્ધ થઇ શકે છે. લેણ દેણનો સબંધ હોય તોજ લઇ દઇ શકાય છે" એ પુરાની કહેવતો આજના બનાવ ને સાક્ષી આપે છે. ઠીક! (નિશ્વાસ) વૃદ્ધ પીતાએ જે કર્યું તે માનં સહીત શિર ચઢાવવું એજ સુજ્ઞ પુત્રોનો પવિત્ર ધર્મ છે માટે શોક તજી દેવો (ઉભો થઇને) અને મેઘની

સમાન રાહુ જોનારી લક્ષ્મીને મળી આપેલા વિશ્વાસનો સંબંધ તોડી દેવો. પીતાજી દીવાનને સ્ટેશન ઉપર પહોંચાડી આવે તેટલી વારમાં કોઇ પણ ન જાણે તેવી રીતે ઘરમાંથી નીકળી જઈ ચાલતે ચાલતે તેના રહેવાના ઘર આગળ આડી અવળી પુછ-પરછ કરતાં મળવાનો જોગ બની આવે તો મળી ફકત મીનીટ બે મીનીટની મુલાકાત માં તેના મનમાં ઉત્પન થતા તરંગોને નાબુદ કરી પાછો તુરતજ ચાલ્યો આવું. અને ત્યાંથી આવીને જ જમવાનું રાખું [જતે જતે

દોહરો.

"મન ધારે કે હું કરૂં. કરવા વાળો કોય.
"આદર્યાં અધવચ રહે. હરી કરે તે હોય.

(જાય છે)

પડદો પડે છે.

પ્રવેશ આઠમો સમાપ્ત.



પડદા રૂપે પ્રવેશ નવમો.

સ્થળ.

મુંબઈમાં એલફીસ્ટન પરેલ રોડથી તે કોલાબા સુધીના મધ્ય ભાગ પર એક પહાડ જેવા મ્હોટા મકાનમાં ભાડુત તરીકે રહેતા જગા દેદીના બે ઓરડામાં અંદરના ન્હાના ઓરડામાં સમીસાંજથી ભોજન પ્રસાદી તૈયાર કરવાની
" પ્રવૃતીમાં વખતનો વ્યય કરતી એક સેકન્ડને એક વર્ષ
" જેટલું લેખતી—અનેક અવનવા વિચારોમાં ડુબતી—તરતી—ગો-
" થાંખાતી—પોતાના ભાગ્યને સદ્‌ભાગ્ય માનતી તોપણ પોતાના
" પ્રિતમ તરફથી હજુ સુધી સુખ સૃષ્ટીના રચાણનો આરંભ થયો
" નથી જાણી પોતાના કપાળપર હાથ પછાડતી—પોતાના દુર્ભાગ્યને
" ધીટકારતીપોતાના—માત પીતાને ધિકકારતી—પવિત્ર બન્ધુની સ્મૃતિ
" લાવી તેને ક્ષણે ક્ષણે યાદ કરતી—હૃદયમાં શોકસરિતાનો પ્રવાહ

" ચલાવતાં—વડીલ બ્હેનની દુઃખ દાયક સ્થિતીનું ભાન થતાં
" છાને ખુણે ચક્ષુમાંથી અશ્રુ ખાળતી તો પણ માતપિતા સન્મુખ
" થોટ• મારી મોઢું રાતું રાખતી—માતપીતા જમી રહ્યા પછી,
" પોતાને અત્યારે જમવાનું નથી અને જમવા બેસતા ભાવે
" તેમ પણ નથી એવો દૃઢ નિશ્ચય છતાં પણ અન્ન દેવતાનું
" અપમાન કરવું ગહેરવ્યાજબી લાગતા તેનો સાધારણ સત્કાર
" કરી—જળદેવને મ્હોટું માન આપી—ગ્રહસંસારનું સમગ્ર કાર્ય
" સમ્પુર્ણ કરી રહ્યા પછી-પોતાની માતા એક ન્હાનું ગામડું
" સમાઇ જાય તેવડા મ્હોટા મકાનની ચાલીમાં રહેતી અનેક
" સ્ત્રીઓના ટોળામાં—ગામ, પરગામના. જ્ઞાતી પરજ્ઞાતીના
" માણસોની ખોટી ખોદણી. નાહક નિંદા કરવામાં અત્યંત
" પ્રાપ્ત થતા પાપમાં ભાગ લેવા મિશ્રણ થએલી જોઇ.
" પોતાનો અંતર વિચાર સિદ્ધ થશે એવી સત્ય કલ્પનાથી
" હરખાતી પીતાને પણ ગહેરહાજર જોઇ આનંદ સાગરમાં ડુબી-
" જતી રાત્રીના સાડા આઠનો અમલ થઇ ગયો જાણી
" પોતાના અંતરના દૃઢ વિચારને સાધારણ મંદ પાડતી તોપણ
" અપુર્વ દૃઢતાના પરિબળથી " કદાચ માતપીતા શરીરના ટુકડા
" કરી નાખે તોપણ બહેતર છે ". એ સહન ન થઇ શકે
" એવા દુર્લભકારક મહા વિકટ વાકયને અનહદ અનુમોદન
" આપતી—પોતાના શરીરપર કપડા •ઘણાંજ મહેલાં છે એ
" વિચારને આ સમયમાં તિરસ્કારતી, મળેલા અમુલ્ય સમયને
" સ્નેહ પુર્વક સ્વીકારતી—બ્હીતી—ધ્રજતી. પોતાના શરીરની

" આસપાસ ચારે બાજુએ દ્રષ્ટી કરતી. પોતાના નીર્બળ મનને
" પોતાના તનબળથી હરાવી હીમ્મત રૂપી વાહનને તૈયાર કરી દાદરાનું
" એક પગથીયું ઉતરતાં તુરતજ એકદમ વાહન અશ્વ પર સ્વારી
" કરી મન રૂપી ચાબુકનો માર મારતી સપાટાબંધ પૃથ્વી કાપતી
" Prineess street પર આવતાં ડુંગરા જેવડા મકાનો
" જોઇ ભયંકરતાંને અનુભવતી "આ મકાનો મારા શરીર
" પર નમી પડી મારા પર પડશે તો મારી મનની ઇચ્છા મનમાં
' રહી જશે " એવો વિચાર ઉત્પન કરી બ્હીતી તોપણ એમ
" બનતું નથી એ પ્રમાણીક વીચારે શાન્ત થતી ત્યાંથી થોડુંક
" ચાલ્યા પછી જગતમાં માન અને અપમાનની દ્દષ્ટીએ જગત
" બત્રીશીએ ચઢતાં પહેલાં ઉઠ્ઠાની દુનીઆનો ત્યાગ by suicide
" કરનાર Mr D. D. ના હસ્તથી આરંભેલા બંધાતા
" સામસામા મકાનની કીનારી પર બાંધેલા અનેક લાકડાવાળા
" મકાનનો ભયંકર દેખાવ જોઇ હાડ માંસ વિનાના દેખાતાં
" રાક્ષસી રૂપ પુતળાં જેવો અનુભવ પામતી નીચે જોતાં
" ધરતી પર પડેલા લાંબા લાંબા લોઢાના ચાર પાટાઓ જોઇ
" "ટ્રામ હમણાં આવશે તો મારી મનની ઇચ્છા મનમાં રહી
" જશે " એ વિચારનો પુનઃજન્મ થતાં તે પાટાને એકદમ છુંદી
" નાંખી આગળ વધતાં તેવાજ બીજા ચાર લોઢાના પાટાને
" જોઇ મનમાં કંટાળો પ્રાપ્ત કરતી તેને પણ પ્રથમની જેમ
' છુંદી નાંખી આકાશ તરફ દ્દષ્ટી કરતાં " મનુષ્યના શબનું
" સ્વધામ અને તેમાં તેને બાળી નાંખી રાખ સાથે ખાખ

" કરતી. શબ સાથે સબંધ ત્રોડવા આવનાર શબના જીવતા
" સગાઓની ડરથી દુર ન્હાસતી આકાશ ભણી દોડતી વરાળ
" જોઇ. " આહા. આ સર્વને માટે છેવટે આ વખત છે." એ
" મહાન વાકયને પોતાના પવિત્ર કોમળ હૃદયમાં સ્થાન આપી
" જ્ઞાન માળની માળા જપતી પોતાના જમણાં હાથની બાજુપર
" શરીરને ફેરવી નાંખતા લાંબી દ્રષ્ટીએ કોઇ પણ માણસ
,, ન જોવામાં આવતા અનહદ ગભરાટમાં પડી જઇ.
" અહીંથી" વાલકેશ્વર ઘણુંજ દુર છે. ત્યાં હવે પછી
" મારાથી કેમ પહોંચાશે" આ બંન્ને વાકયોનો વજભાર
" પોતાને શિર ચઢાવી દઇ. આંખો મીચતી. ઉઘાડતી પોતાના
" વાહનનો વેગ વધારતી, સામેથી આવતી, અત્યત બ્હીવરાવી ફાળ
" પાડે તેવી વ્વગર ઘોડાની ભુકણુ ગાડીઓને તથા ગાડી ઘોડાઓને
" જગ્યા આપંતી ગભરાતી શરમાતી હીમ્મતથી ચાલતી પોલીસ
" સ્ટેશન આવતાં "મને પકડશે તો" એ વીચારથી અતિશય મુંજાતી
" ડરતી આ રસ્તેથી બીજે રસ્તે જતી ક્ષણે ક્ષણે રસ્તાની લાઇન બદ-
" લાવતી થોડુક દુર રહેલું ટ્રેન સ્ટેશન નજદીક આવતાં કોઇ કોઇ
" માણુસના કાળાં માથાં જોઇ પોતાના ડરને મદદ આપતાં હોય તેવા
" રૂપમાં સ્વસ્થ થઇ વધારેલા વેગમાં નજદીકમાં આવેલી ટ્રેન ફાટકની
" પોતાના શરીર જેવડી ન્હાની બારી ઉઘાડી જોવામાં આવતાં
,, તુરતજ દાખલ થઇ પોતાના બન્ને હાથની બન્ને બાજુ દષ્ટી
" ફેરવતાં કાળા આસમાન જેવાં દેખાવમાં લીલા પીળા દીવાઓ
" જોઇ રેલ ગાડી આવશે તો મારા શરીરને છુંદી નાંખશે અને.

" તેમ થવાથી "મારી મનની ઇચ્છા મનમાં રહી જશે." " એ
" વિચારનો તૃતય વખત જન્મ થતાં અત્યંત બ્હી. ન્હાશી
" પોતાના પાયવાહનને જોરથી ડરરૂપી ચાબુક મારી એકદમ ફાટકની
" બહાર આવી પડતાં ઉંચાનીચા એક સાથે જોડાએલા ત્રણ
" દીપકના દર્શનથી અને એવા અનેક દીપકના તેજથી પોતાના
" હ્રદયના ગભરાટની પૂર્ણાહુતી કરી નીશ્ચિત બની પથ્થરથી
" બાંધેલી સડકપર ચહડતાં રત્નાગર સાગરના પ્રતાપી મોજાના
" તોપ જેવા અવાજથી સાધારણ ભયંકરતા પામતી તો પણ
" તે ભયંકરતાને લેખામાં ન ગણતી પવિત્ર મોજાના અવાજથી
" પોતાના કર્ણને પવિત્ર થયામાનતી વિશાળી સાગરના દુરથી દર્શન
" કરી નેત્રને તૃપ્ત કરતી કરતી ચાલતી સડકપર બેસવાને ગોઠવેલા
" એકેક મીનીટે મીનીટે આવતા અનેક બાકડાઓને જોતાં પાયને
' અદ્ભૂત થાકની વિશ્રાંતી લેવાનો લોભ લાગ્યો જાણી ઘડીકમાં
" પાયપર ચીડાતી ઘડીકમાં અત્યંત પરિશ્રમપર રહેમ આણતાં
" પ્રાચીન કાળમાં ઉડતી ઉડણ પાવડીની સ્મૃતિ કરી પોતાને માટે
" આ વખતે હાજર હોય તો પોતાના મનને સ્થાનકે ત્વરિત પહોંચી
" શકાય અને સ્વર્ગીય આનંદનો અનુભવ અનુભવાય"
" એ. દેવતાઇ કલ્પનાના ઉમળકામાં મોહાન્ધ બનતી પણ પાર
" નહી પડે જાણી નિરાશ થતી લાંબે લાંબે કોઇ કોઇ સ્ત્રી
" પુરૂષના જોડા નજરે પડતાં પોતાને માટે સથવારો છે જાણી
" ખુશી થતી અને તેવો પ્રત્યક્ષ અલૌકીક અનુભવ પોતાને
" માટે હવે પછી ટુક સમયમાં છે એ વિચારમાં અનહદ આનન્દ

" પામતી હર્ષમાં ઘેલી બનતી. આકાશનો ચંદ્ર થોડાક સમય
" પહેલાં શાન્ત થતાં બાકી રહેલા તારાઓના દર્શનથી કૃતાર્થ
" થતી, પૃથ્વી માતા સરસ તથા નિરસ દરેક પ્રાણીઓને સ્વાર્થ
" રહિત બની એકજ દ્રષ્ટીથી અવલોકન કરી પોતાની પીઠપર
" ચાલવા માર્ગ આપે છે જાણી તેને ધન્યવાદ આપતી, ઉંચું
" નિચું ચારે બાજુપર પોતાના મુખને પળે પળે શોભાવતી.
" પોતાના પવિત્ર અંતરના દ્રઢતા પામેલા હિમ્મતવાહનને
" હદઉપરાંત શાહબાશી આપતી. આકાશમાના દેવતાઓ અને
" પૃથ્વીપરના તમામ માણસો મારી પવિત્ર અંતઃકરણની વજ્ર
" શકિત અને તેની દ્દઢ હીંમ્મત પાસે તેઓ સર્વ તુચ્છ સમાન
" છે એવા અભીમાનમાં મશહુર બનનાર. એક લક્ષાધિપતિના
" વિદ્વાન અને સર્વ ગુણ સંપન્ન પામતા બાળકને વરી પોતાનો
" દુખમય સંસાર સર્વત્ર બાબતથી સુખમય કરવાની સુવર્ણ
" અભિલાષા રાખનાર, "**મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા**" એ ઉતમ
" કહેવતને પાર પાડવા જીવના જોખમે દીવસના જાગૃત
" અવસ્થામાં તેમજ રાત્રીના ઉંઘતા સ્વપનમાં મળી ચોવીસ
" કલાક પ્રવૃત રહેનાર ચૌદ વર્ષની કુવારી બાળાના સુકોમળ
" હસ્તામુખમાંથી નિચેના શબ્દો બહાર પડયા.

લક્ષ્મી—હૃદય ટેકના પરિબળે કરી ઘેરથી બાબુલનાથ
સુધી તો પહોંચી આવી. હવે અહીંથી
પ્રાણલાલનો બંગલો તો નજીકમાં આવ્યો છે

પણ નવ વાગતાનો સમય થવા આવ્યો છે, જેથી કરીને પ્રાણલાલ જાગતા હશે કે સુઈ ગયા હશે તેની એક કલ્પના છે અને ઘરે માતપીતા મારા માટે શું વિચાર કરતા હશે એ પણ એક મ્હોટી મ્હોકાંણ છે. હવે ગમે તેમ થાય. પ્રાણલાલને મળી ઘરે પહોંચતાં કદાચ માતપીતા શરીરના ટુકડે ટુકડા કરી નાંખે લાકડીનો વજ્ર માર મારી શરીરને શબ તુલ્ય બનાવી મુકે તો તે સહન કરી વેઠીશ પણ હાથમાં આવેલો હીરો કદીપણ નહી ગુમાવીશ. અરે પણ સામેથી પ્રાણલાલ જેવું કોણ ચાલ્યું આવે છે. અરે એતો કોઈ બીજું હશે મારા ભાગ્યનો ભુપતી પ્રાણલાલ પગે શામાટે ચાલે.

(પ્રાણલાલ ઉતાવળો ચાલતો સામેથી આવીને)

પ્રાણલાલ—કેમ લક્ષ્મી તું રસ્તામાં એકલી કેમ ? ક્યાં જાય છે?

લક્ષ્મી—હું તમારે ત્યાંજ આવતી હતી.

પ્રાણલાલ—(સ્વગત) હાય! હવે હું લક્ષ્મીને શું જવાબ આપીશ.

લક્ષ્મી—કેમ પ્રાણલાલ, શું વીચારમાં પડયા. મનમાં કંઇપણ શંકા લાવવા જેવું નથી. આજે આખો દિવસ તમારા ગોરની રાહ જોઇ. પણ કોઇ નહીં આવવાથી સહવારના નવ વાગતે મુદત પુરી થાય છે. એટલે યાદી આપવાને હું તમારે ત્યાંજ આવતી હતી.

પ્રાણલાલ—(ઘણુજ આસ્તેથી નિશ્વાસ મુકતો,) લક્ષ્મી, હું ત્હારે માટે શંકા લાવતો નથી.

લક્ષ્મી—ત્યારે શું વિચારમાં પડયા હતા.

પ્રાણલાલ—(બોલતે બોલતે થોથવાઈ જતાં) હા ! હૃદય, દરવાજાની ચાવી ખોવાઈ ગઈ હતી તે જરા શોધતો હતો.

લક્ષ્મી—એટલે શું.

પ્રાણલાલ—(સ્વગત ગભરાઇ જઇ) અરે આ હું શું બોલુ છું. ખરેખર મારૂં ચીત ભ્રમિત થયું છે.

લક્ષ્મી—કેમ પ્રાણુલાલ કાંઈ પરિઉત્તર ન આપ્યો.

પ્રાણુલાલ—(હીમ્મતથી) લક્ષ્મી શું પરિઉત્તર આપું. પરિ ઉત્તરમાં એજ છે કે હું ત્હારી બાબતમાં નિષ્ફળ નિવડયો છું. અને મારી બાબતમાં ફતેહમંદ થયો છું.

લક્ષ્મી—અધીરી બનતી] શું મ્હારી અને તમારી બાબત જુદી છે.

પ્રાણુલાલ—ના અંતરથી જુદી નથી. પણ પ્રારબ્ધે જુદી કરી છે.

લક્ષ્મી—પ્રાણુલાલ, તમે આ શું બોલો છો? તમારો બોલવાનો ભાવાર્થ હું કંઈપણ સમજી શકતી નથી.

પ્રાણ—તું નથી સમજતી તો લે તને સમજાવું છું કે ત્હારા શુદ્ધ અંતઃકરણની અપૂર્વ મહેનત તદન નિષ્ફળ નિવડી છે. અને ત્હારા મનના

માનેલા પતિ પ્રાણુલાલનું ભાગ્ય બીજી સાથે જોડાઇ ગયું છે.

લક્ષ્મી—પ્રાણુલાલ, તમે આ વાત શું સત્ય કહો છો.?

પ્રાણુ—હા, લક્ષ્મી સત્ય કહું છું કે હાથમાં આવેલું રત્ન ખોવાઇ ગયું છે. મ્હોડે ચહુઢેલો અમૃતનો પ્યાલો પીતે પીતે ઢોલાઇ ગયો છે.

લક્ષ્મી—પ્રાણુલાલ, પ્રાણુલાલ, તમારા મર્મદાયક શબ્દોનો અર્થ હું કંઇપણ સમજી શકતો નથી. માટે કૃપા કરી સ્પષ્ટ રીતે ખુલાસો કરો મારૂં મન બહુજ ગભરાય છે, મુંઝાય છે.

પ્રાણુ—લક્ષ્મી સ્પષ્ટ ખુલાસામાં એજ કે આ પ્રાણુલાલનું વેવિસાળ આજે બીજે ઠેકાણે થઇ ચુક્યું છે.

લક્ષ્મી—એ કદી પણ બનવા જોગ હોયજ નહી. મ્હારો અને તમારો અચાનક મેળાપ થઇ ગયો છે. એટલે તમે કન્યારત્ન તરીકે કંઇપણ પરિક્ષા કરતા જણાઓ છો. માટે મારા

વ્હાલા પ્રાણુલાલ વૃથા પ્રપંચ છોડી દયો.
આ દુર્ભાગ્ય લક્ષ્મીનુ ભાગ્ય, લક્ષ્મીના
ભાગ્યના ભુપતી પ્રાણુલાલ સાથે 'જલદી
જોડી દયો.

પ્રાણ.--લક્ષ્મી, તું મારૂં કહેવું સત્ય નહીં માને.

લક્ષ્મી—પ્રાણુલાલ સત્ય કેમ માની શકાય. જે માણુસ
પોતાના વિશ્વાસના બદલામાં આઠ હજારની
અમુલ્ય હીરાની વીંટી પ્રેજંટ કરે. તે માણુશ
લક્ષ્મીનું વેવિશાળ કેમ બરતરફ કરે.

પ્રાણ.--મારી વ્હાલી લક્ષ્મી. હું પરમાત્માના સોગન
ખાઇને કહું છું કે મારા પીતાશ્રીએ રાજ્ય
નગ્રના દીવાનની પુત્રી સાથે આજેજ જાત્રાથો
આવી હમણાંજ વેવિશાળ કબુલ કર્યું છે.
અને તેથી કરી હું તને મળવાને માટેજ
ત્હારે ત્યાં ગોથાં ખાવા આવતો હતો.

લક્ષ્મી-અરે! આ 'હું' શું સાંભળું છું.?

[પથ્થરથી બાંધેલી સડકપર પથ્થરની માફક
લક્ષ્મીનું આખું શરીર એક સેકન્ડમાં પછડાઇ

પડે છે અને પાસે ઉભેલો પ્રાણલાલ નવીન સૃષ્ટીનો અનુભવ પામતો ગભરાતો, ચમકાતો.]

પ્રાણલાલ—શું લક્ષ્મી બેભાન થઈ?? સરીઆમ રસ્તાપર લક્ષ્મી મુર્છા પામી, આહા! આ અત્યારનો ભયાનક બનાવ કોઇ જતું આવતું મનુષ્ય જોશે તો મ્હારા અને લક્ષ્મીના સબંધમાં શું કલ્પના કરશે. માટે હુવે લક્ષ્મીને જાગૃત અવસ્થામાં જલદી લાવું (લક્ષ્મીના શરીરને અડવા જતાં અટકીને) અરે આ હું શું કરૂં છું. કુદરત તરફથી જે વસ્તુનો સ્પર્શ કરવાનો મને લેશમાત્ર પણ અધિકાર નથી, તો તે વસ્તુનો સ્પર્ષ કરી કુદરતનો દોષવાન બની મારા દેહને અશુદ્ધ બનાવું! ના ના તે કદીપણ મારાથી નહીં બની શકે. ત્યારે શું લક્ષ્મીને અત્યારની જેવી ને તેવી સ્થીતીમાંમુકી ચાલ્યું જવું. હા—ચાલ્યું જવું. દેહને શુદ્ધ રાખવાને માટે ચાલ્યું જવું. (વળી થોડો વીચાર કર્યા પછી) નહીં. નહીં. લક્ષ્મીને કઢંગી સ્થીતીમાં મુકી નહીં જવું. આપેલા વિશ્વાસના

બદલામાં વિશ્વાસઘાતી કદીપણ નહીં થવું.

[ઉચું જોઇને]

હે! સુર્ય, ચંદ્ર, આકાશમાંના તારાઓ, હું અત્યારે ધર્મ સંકટને સમયે. લક્ષ્મીને સાવધાન કરવાને માટે, મારા આપેલા વિશ્વાસમાંથી અરસ પરસ બન્નેને મુકત થવાને માટે પારકીસ્ત્રી નિરદોષ અસ્વસ્થ થએલી અબળા પર આ મારો દુષ્ટ હાથ લગાડી મારા દેહને અપવિત્ર બનાવું છું. તો હે દેવો, તમો મારા શુદ્ધ અંતઃકરણની સાબીતી પરમકૃપાળુ પરમાત્માના પવિત્ર દરબારમાં પહોંચાડજો. (નિચું જોઇને) હે પવિત્ર ધરતી માતા, ત્હારી વજ્ર પીઠપર સારા અને નરસા, લાખો અને કરોડો માણસો હમેંશા વિદાય થાય છે. અંને તે દરેકને તેના પાપ અને પુન્યના પ્રમાણમાં તું સત્ય ન્યાય આપી રહી છો. તો હે પરમ પવિત્ર ધરતી માતા, તેજ મનુષ્ય માંહેલા આ ત્હારા નિર્દોષ બાળક પ્રાણ અને લક્ષ્મી છે. તો તેના સાચા પવિત્રપણાની સાક્ષી તું

ઈશ્વરના દરબારમાં પહોંચાડી ત્હારા બાળ-કોની રક્ષા કરજે. (પ્રાણલાલ ગોઠણભર બેસીને પોતાના બે હાથથી લક્ષ્મીનું માથું ઉચકી પોતાના ગોઠણપર મુકી રૂમાલવતી લક્ષ્મીના આંખમાંથી ટપકતાં આંસુ લુહી નાંખ્યા મુર્છીત બનેલી લક્ષ્મીના મુખમાંથી નીકળતાં ફીણ તદ્દન સાફ કરી.ને]

પ્રાણ.—લક્ષ્મી—લક્ષ્મી, સાવધ થાઓ જુઓ. આ સરીયામ રસ્તો છે. કોઈપણ આ બનાવ જોશે તો આપણી બન્નેની કીર્તીમાં મ્હોટું કલંક પહોંચશે.—શું નહી જાગો? જાગો લક્ષ્મી! જાગો. [લક્ષ્મીના અસ્વસ્થ ચિત્તવાળા મુખમાંથી અત્યંત શાન્તીની સીમાએ નિચેના અક્ષરો બહાર પડી પ્રાણલાલના કાનને વિંધે છે.]

લક્ષ્મી—"અગ્નીને જળ શાન્ત કરે છે. પણ જળ પોતેજ અગ્નીરૂપ થાય તો પછી શું? [આ મર્મ દાયક મ્હેણું પ્રાણલાલના હૃદયને નવોજ ચમત્કાર બતાવે છે.]

પ્રાણ.—શાહબાશ સલુણી સુંદરી શાહબાશ, અસ્વસ્થ સ્વપ્નમાં પણ કેવો નિર્મળ ઉચ્ચાર બોલે

છે. પિતારૂપી અગ્ની સાથે હું જળરૂપી અગ્ની બની મિશ્રણુ થઇ ગયો. હા, બરાબર છે. જો હું મિશ્રણુ ન થયો હત તો વ્હાલી ત્હારી આ દશા કદી પણ ન થાત. સત્ય છે. લક્ષ્મી ત્હારૂં મર્મ વચન સત્ય છે. આહા! વિશુદ્ધ પ્રેમની અબળાને માટે કેટલું ભયંકર વિપરિત પરિણામ આવ્યું છે. સત્યતાની સરળ દોરીપર ચાલનાર શુરવીર અબળા અત્યારે કેટલી જોખમની જીંદગીમાં આવી રહી છે. (પોતાને માથે એક હાથ મુકીને) આ સર્વ પાપ હે! પ્રાણુલાલ, ત્હારે શિર છે. (પ્રાણુલાલની ચક્ષુમાંથી અશ્રુનો વરસાદ વરસે છે અને તે વરસાદ લક્ષ્મીના શરીરપર પડે છે એટલામાં થોડીવાર પછી દરમાંથી ફુંફાડા મારતી સાપણુ બહાર નિકળે તેવા રૂપમાં ક્રોધી આવેશમાં લક્ષ્મી એકદમ ઉભી થઇને).

લક્ષ્મી—ઓ પ્રાણુલાલ પ્રાણુલાલ, તમે તો આજે મારી અમર આશાનું સત્યાનાશ વાળી નાંખ્યું છે. અરે તમે તો મ્હારી જીવન સુખની ઇચ્છાને પાયમાલ કરી નાંખી છે.

તમારે આવું કરવું હતું તો આશા આપી વિશ્વાસઘાતી નહોતું બનવું. અરે તમારા હાથમાં લાખો રૂપીઆનું સાધન છતાં તમે મારી બાબતમાં નિષ્ફળ નિવડયાં છો તમારા હાથમાં લાખોનો સંચય છતાં તમે કંઈ-પણ યત્ન કરી શકયા નહીં. ધિકકાર છે, તમારી સદ્‌ભાગી કહેવાતી જીંદગાનીને. લ્યો લ્યો. આ મારા હાથની ચુડીયુ અને બંગડી તમે પહેરો. અને તમારા માથાનું છત્ર મારે શિર મુકો અને પછી લાખો રૂપી-આનું સાધન આપી અને જુઓ કે મારા જેવી રંક અબળાઓ દુનીઆમાં દુઃખી કેમ રહે છે. ઓ પ્રભુ! પ્રભુ! ત્હારા દરબારમાં આ શું અન્યાય છે. અમે ત્હારૂં શું બગાડયું છે કે અમારી જીંદગી માથે પાણી ફેરવ-વા મથી રહયો છો. અમે કયા પ્રકારની હત્યા કરી ત્હારા અપરાધી બન્યા છીએ કે અમારી જીંદગીને બગાડી અમોને હેરાન હેરાન કરી મુકે છે. અરે જેને તેં લાખો રૂપીઆના સાધનો આપ્યાં છે, તે બાયલાઓ

અમારે માટે કંઇપણ યત્ન કરી શકતા નથી. તો પછી અમારા જેવા:–" નિર્ધનતાના અન્ધકારમાં અથડાતાં હજારો રત્નોને" શા માટે મૂઢ માર મારી રીબાવે છે. આહા! આ હું શું બોલું છું તેનું મને જરાપણ ભાન નથી. મ્હારૂં ચિત્ત અત્યારે ઠેકાણે કેમ નથી. ઓ પ્રાણુલાલ, પ્રાણુલાલ! મારા અત્યારના બોલવાપર દ્રષ્ટી કરશો નહીં, મારા અંતરના બળાપાના ઉદ્દગાર સાંભળી દુઃખ લગાડશો નહીં. તમે મારા છત્ર છો. શિરના મુગટમણી છો. તમે દોષપાત્ર નથી. પણ મારૂં ભાગ્ય દોષ પાત્ર છે. માટે તમે તમારે ઘરે જાઓ. ઇશ્વરે આપેલી કન્યાને પરણી સુખી થાઓ અને મારી અત્યારની સ્થીતીના મારા મુખમાંથી નિકળેલા બે કડવા બોલને માટે તેમજ મારા માટે આપને પડેલી નાહક તસ્દીને માટે હું આપને પગે પડીને કહું છું કે તેને માટે મને માફી આપો.

(પ્રાણુલાલના પગ પાસે નમી પડી પોતાની

ચક્ષુમાંથી અશ્રુનો પ્રવાહ પાણીના પુર માફક ચલાવતી ધરતીપર એકજ દ્રષ્ટીથી ધ્યાન ધરતી આખી દુનીઆનો બોજો શિરપર લેતી બાળા રૂદન કરે છે. તે જોઇ પ્રાણુલાલ શિકારી કેશરી સિંહની માફક ગર્જના કરતો આખા સંસારને પોતાના પગતળે કચરી નાંખતો પોતાના હાથ ઉંચા નીચા કરતો નિચે પ્રમાણે બોલે છે.)

પ્રાણ.—અરે કન્યા વિક્રયની ક્રુરતા! અત્યાર સુધી ફંકત જે હું કાનેજ સાંભળતો હતો, અનેક ગ્રંથોમાં તમજ વર્તમાનપત્રો દ્વારા વાંચતો હતો, પૃથક પૃથક સ્થળે દરેક સભાઓમાં વકતાઓના લેકચર તરીકે અવલોકન કરતો હતો, તે મહાન અનર્થ દાયકઃ—"કન્યાવિક્રય નામની ક્રૂરતા" કુમળી બાળાઓના સુખનું સત્યાનાશં વાળનારી તેના પવિત્ર અંતઃકરણનું લોહી પીનારી કન્યાવિક્રય રૂપી ઘાતકી છુરીનો માર હું આંજે પ્રત્યક્ષ નજરોનજર અનુભવું છું. અરે કન્યાવિક્રયના કરનારાઓ બાળાઓના કસાઇ માતપિતાઓ, તમોને તમારા બચ્ચાંઓપર જરા પણ પ્યાર નથી?

અરે ! તમારી કુમળી બાળાઓ પર તમોને જરા પણ દયા નથી" આવતી કે, તેની આખી જીંદગીને પાયમાલ કરીનાંખી તેની સુવર્ણમય મનની અભિલાષાઓને માટી સાથે માટી બનાવી દઇ તેના વેચાણ તરીકે લીધેલા લોહીના પૈસાથી સુખ માણવા ઇચ્છો છો. અરે નીચ હરામી પાપીઓ ! બાળકીના પૈસા પર આધાર રાખી બેઠેલા નપુંશકો જો તમારામાં તમારૂં પેટ ભરવાની સતા ન હોય, તમો પુરૂષ વર્ગના કહેવાતા છતાં તમોને કમાવાની શકિત ન હોય તો તમારૂં પાપી પેટ કાળમીંઢ પથ્થર સાથે અફળાવી ફોડી નાંખો. જો તમારૂં પાપી પેટ ફોડી નાંખવાની તમારી હીમ્મત ન ચાલતી હોય તો દુનીઆમાં કોઇની ગુલામગીરી કરો. મજુરી કરો ભીક્ષા માગીને પેટ ભરો. અને તેમ કરતાં તમોને લજ્જા આવતી હોય તો છેવટે પશુઓ જે ઘાસ ખાય છે તે જંગલમાં જઈ વગર મહેનતથી મળતું ઘાસ ખાઇને પેટ ભરો પણ તમારા પેટમાંથી

ઉત્પન થએલી બાળકીઓ, કે જે ગરીબડી ગાય કરતાં પણ વધારે ગરીબ લેખાય છે તેને કસાઈ તરીકે જીવતી મારી નાંખી તેનાં લોહી ન પીઓ, ન પીઓ! (જરા શાન્ત થઇને પોતાના પગ પાસે રૂદન કરતી લક્ષ્મી તરફ દ્દસ્ટી કરી)અહા! કન્યા વિક્રયના અન્ધકારમાં અથડાતી અને રીબાતી કન્યાઓ, આ દુઃખને પ્રાપ્ત થતી હશે, અરે તેને જન્મ આપનાર તેના માતપીતાને તેનો જરાપણ વિચાર નહીં થતો હોય? અરે વિચાર થતો હોય તો આવાં દુષ્યકૃત કૃત્યો કરે શામાટે? (વળી પ્રથમ સ્વરૂપમાં આવી જઇને) અરે અધર્મી નફ્ટ નિર્લજ કન્યા વિક્રયના કર્તાઓ, તમો તમારી બાળકીઓને હુંડી તરીકે લેખો તેના પૈસા વસુલ કરવા ઇચ્છો છો પણ અરે ઇશ્વરનો ડર રાખી તે દુષ્ટ ઇચ્છા તજી દયો. અને દીકરીઓના આશીરવાદ લઈ સુખમાં જીંદગી ગુજારો. જો તે દુષ્ટ ઇચ્છા નહીં તજો, વગર મહેનતથી મળતું નાણું નહીં જતું કરો તો યાદ રાખજો કે એ હરામી

પૈસાથી તમારા હકનો પૈસો પણ ધૂળ સાથે ધૂળ થશે. અને. તમો વાંઝીઆં થઇ જઈ તમારી જીવતી જીંદગીમાં જીવડા પડશે. અને તે દુઃખથી ભરેલા જીવડા તમોને રોમે રોમે પ્રગટી નીકળશે. અને તેમાંથી જો તમો બચી જશો તો મરતી વખતે તમોને ખાપણ પણ નહીં મળે અને ખાપણ મળવાનું સાધન મળી જશે પણ તેથી કરીને પરમ કૃપાળુ પરમાત્માના પવિત્ર દરાબારના દરવજામાં તમોને ઉભા રહેવાની જગ્યા નહીં મળે. અને કદાચ તમારી અવગતી અને દુષ્ટ જીવને દરવાજા બહાર ઉભા રહેવાની જગ્યા મળશે, તો છેવટમાં મહાન ભયંકર દેખાતી નર્કની ઉંડી ખાઇમાં કે જેની અંદર તમારી દશાને પામેલા હજારો. લાખો અને કરોડો કીડાઓ ખદબદતા હશે. તેમાં તમોને બળાત્કાર કરી હોમી દેશે. માટે હજુ બચાય તો બચો. અને ઇશ્વર તરફથી મોંઘામાં મોંઘી કીમ્મતે મળેલો મનુષ્ય અવતાર સુધારી સફળ કરો.'

(એટલું બોલવામા થાક ચડવાથી થાકી જઇ વાંકોવળી લક્ષ્મીનો એક હાથ પકડી તેને પોતાના હાથનાં જોરથી ઉભી કરી.)

લક્ષ્મી. લક્ષ્મી રૂદન ન કર. હીમ્મત રાખી હુશીઆર થા. ત્હારી કંચન માફક લેખાતી કાયા સાથે મારો સદ્‌ભાગ્ય લેખાતો દેહ જોડું છું. અને ત્હારી સાથે આજથી જીંદગી પર્યંતનો સુખ દુઃખનો ભાગીદાર થાઉં છું. અને "ઇશ્વર આજ્ઞા અને સત્ય પ્રતિજ્ઞા" ના સોગન ખાઇને વચન આપું છઉં કે. પોતાના ડાબા હાથથી પકડેલા. લક્ષ્મીના જમણા હાથપર પોતાનો જમણો હાથ પછાડી તાળી આપી વચન આપે છે.)

ત્હારો પીતા ત્હારા માટે કદાચ બે લાખ રૂપીઆ માગશે તોપણ મારા માતુશ્રીએ ખાસ મારા નામથી બેંકમાં રાખેલા મારા સ્વતંત્ર અધિકારના બે લાખ રૂપીઆ ઉપાડી ત્હારા ઘાતકી પીતાનું પાપી પેટ ભરીશ. અને પહેલી તું અને પછીજ મારા પીતાએ કબુલ કરેલી કન્યાને વરીશ. (લક્ષ્મીનો હાથ છોડી દઇ પોતે લક્ષ્મીથી છુટો થાય છે)

લક્ષ્મી—પ્રાણુલાલ, પ્રાણુલાલ, હવે હું ગભરાઉં છું. મારૂં મન બહુજ મુંજાય છે. ઉભું રહેવાને માટે હવે પગમાં શકતી નથી. હવે મને અત્યારે કોઇનો આધાર નથી. સાચો આધાર એક તમારોજ છે. હું તમને પ્રભુ ગણું-ઈશ્વર ગણું.-નાથ ગણું-પતિ ગણું જે ગણું તે તમેજ છો. માટે હવે છેલ્લી વખતે આપને વિજ્ઞપ્તિપરૂપે જણાવું છું કે હવે પછી આ બાબતમાં વિઘ્ન પડશે તો પછી આવતી કાલે સહવારે મારો પીતા જો મારૂં વેવિશાળ બીજે કરશે તો હું મારા પાપી પીતાનું પેટ ભરવામાં જોઈતા નાણાં માટે કબુલ થઈશ. અને મારા હરામી પીતાની આબરૂ બાળવવાને ખાતર મને જ્યાં પરણાવશે તેની સાથે પરણી પરણાનાર પાપીનું ઘર ખાલી કરાવીશ. અને સંસાર સુખના પહેલેજ દીવસે હું ગળે ફાંસો ખાઇને મરીશ અને તે સ્ત્રી હત્યાનું પાપ તમારે શિર ચઢાવીશ.

પ્રાણ.—કબુલ છે, કબુલ છે, લક્ષ્મી, કબુલ છે. એકવાર નહીં. પણ સ્ત્રી હત્યાનું પાપ કરોડો વાર કબુલ છે હું હમણાંજ ઘરે જાઉં છું. અને મારા અધિકારના બે લાખ રૂપીઆ બેંક-માંથી ઉપાડવા તજવીજ કરૂં છું. અને તેમાંથી ત્હારો પીતા ત્હારા માટે જેટલા રૂપીઆ માંગશે તેટલા આપી ત્હારી સાથે સંબંધ જોડું છું. માટે જા અને નીશ્ચીંત બની સ્વસ્થ થા. ઘરે જતે જતે ઉદ્વેગતા-નું વાદળ વીખરાવી દે. અને ઘરે પહોંચ્યા પછી આનન્દનો વરસાદ વરસાવી દે. અને આજથી આ ત્હારા પ્રાણલાલને ત્હારા ભવીષ્યનો પતિ માની લે.

લક્ષ્મી—ઠીક હવે હું જાઉં છું. અને પરાર્થ અંતઃ-કરણના પ્રાણલાલને મારા ભવીષ્યનો પતિ માનું છું. અને હવે છેલ્લામાં છેલ્લી એટ-લીજ વિનંતી કરૂં છું કેઃ—

ગાયન.

[૯]

રાગ—સૌભાગ્ય સુંદરીના ખેલમાં
મારા તનમાં મનમાં ભર્યો છે......)

" મુજને મનથી તનથી ધનથી બચાવી
બળતામાંથી ઉગારો.
" રંક અબળાની દુઃખણી સ્થીતીને વીચારી
દુઃખના સાગરમાંથી તારો. મુજને.
" પ્રિતેથી પરણીને પ્રિતીનો પ્યાલો
પીઓ અને તમે પાઓ.
" રંક અબળાની અરજ સ્વિકારો.

પ્રાણ—" શાન્તીથી લક્ષ્મી સિધાવો.

લક્ષ્મી— મુજને.

[લક્ષ્મી જુદી પડી વિદાય થાય છે પાછળથી]

પ્રાણ.—આહા–હું અહીં શા માટે આવ્યો હતો અને શું કરીને જાઊં છું. તેનો મને જરાપણ

ખ્યાલ નથી પહોંચતો. ખરેખર મારૂં ચિત કંઈકિ અંશે અસ્વસ્થ થયું હોય એમ જણાય છે. અસ્વસ્થ ચિત હવે ક્યાં ગોથાં ખાશે તેની કંઈપણ કલ્પના થઈ શકતી નથી. શું માતાએ મારા નામથી મુકેલા બે લાખ રૂપીઆ બેંકમાંથી ઉપાડી લેવા. તે રૂપીઆથી લક્ષ્મીને પરણવું, પીતા સાથે વેર બાંધી તેનાથી જુદું પડવું, પીતાના દુશ્મન તરીકે જગતમાં લેખાવું, પીતાના હાથથી કમાવેલા મારા શ્રેયને માટે માતાએ બેંકમાં મુકાવેલા રૂપીઆ પીતાને શત્રુ તરીકે દેખાડવા. નહીં. નહીં. પ્રાણુલાલ એ કદી ત્હારાથી નહીં બની શકે જે પૈસા જગતમાં પોતાની સ્વકમાણી સિવાઇનો હરામી ગણાય છે તો તે પૈસા તાબે કરી પીતાના પૈસાથીજ પીતાનો દુશ્મન બની આ બે દીવસ દેખાતા સુખમય સંસારમાં એશ્વર્ય અને સુખ ભોગવવાની અભિલાષા રાખું તો પછી મારા જેવો તુચ્છ બુદ્ધીનો અને કૃતઘ્ની પુત્ર બીજો કોણ ગણવો. ત્યારે

હવે શું કરવું. વ્હાલી લક્ષ્મીને મેળવવા માટે શું ઉપાય લેવો. હા. બરોબર. ઠીક ઉપાય સુજ્યો. અહીંથી ઘરે જતાં તુરતજ પીતાની મુલાકાત લેવી. અને શરમ છોડી નમ્ર પણે મારી અને લક્ષ્મીની થએલી બાબત વિદિત કરવી અને પછી પીતાને અનેક દ્રષ્ટાંતો સહિત સમજાવી તેનું મન વ્યાજબી રીતે કબુલ કરાવી તેની સમજુતીની શ્રેણીથીજ કબુલ કરેલુ વેવિશાળ રદ કરાવી લક્ષ્મી સાથેના વેવિશાળનું નકી કરાવવું એટલે સર્વ બાબત સાહસિક વિઘ્ન રહિત સિદ્ધ થશે અને મારૂં અંતઃકરણ પણ પીતાપર શ્રદ્ધા રાખવામાં પૂર્ણ સાક્ષી આપે છે કે કરોડ સુધીની દૌલતનું ઉગ્ર છત્ર ધરાવનાર પીતા પોતાના એકના એક પુત્રને માટે છ હજારનો ખર્ચ કરવામાં કદીપણ નિરાશ નહીં બને હવે. અહીંથી બંગલે જઇ

પીતાજીની સમક્ષ સર્વ બાબત નિવેદન કરૂં અને પછી પીતાજીની રાજીખુશીથીજ વ્હાલી લક્ષ્મીને પરણી સુખી થાઉં. [જાયછે.]

પડદો પડે છે.

પ્રવેશ નવમો સમાપ્ત.



પ્રવેશ દશમો.

સ્થળ. પડદા રૂપે શેઠનો એકાંત હોલ.

(અંદરથી શેઠ તથા મુનીમ આવે છે અનેરામો એક ખુરશીલાવે છે નેતે પર શેઠ બેસીને)

શેઠ—[જરા ઉશ્કેરાએલા સ્હેરે] કેમ મુનીમ તું પ્રાણ-
લાલની બાબતમાં શું જાણે છે.

મુનીમ—[સમય આવ્યો સાખી લેવા પોતાના શરીરને ધ્રુજાવવાનો ખોટો ડોળ કરતો]
નાં શેઠ હું કંઈપણ જાણતો નથી.

શેઠ—(ઉભા થઇને)
મુનીમ વાત ન છુપાવ છાબડે ઢાંકયો સુરજ કદીપણ રહેતો નથી. મેં ત્હારી બ્હેન પાસેથી પ્રાણલાલની કેટલીક બાબત હમણાંજ જાણી

છે. અને ત્હારી બ્હેનના કહેવા પ્રમાણે પ્રાણલાલની બાબતનો વધારે ખુલાસો ત્હારી પાસેથી જાણવા ઈચ્છું છું. માટે તું જે જાણતો હોય તેનો સત્ય રીતે મારી પાસે ખુલાસો કર

મુનીમ—[શેઠને ઉત્પન થએલા થોડા વહેમમાં મ્હોટી વૃધ્ધી કરવા માટે ઉંડો નિશ્વાસ મુકતો]
શેઠ તે બાબતનો ખુલાસો મારી પાસે ન કરાવો.

શેઠ—મુનીમ. નિશ્વાસ મુકી દીલગીર ન થા અને તું જાણતો હો તે મારી પાસે ખુશીથી જાહેર કર.

મુનીમ—શેઠ. કહેતાં જીભ ઉપડતી નથી. અને કહેવરામાં તમોને કાંઈ લાભ પણ નથી માટે કાંઈ પુછવું જ રેહેવાદ્યો [વળી નિશ્વાસ મુકતો અરેરે—બસ—દુનિયામાં કાંઈ નથી.

શેઠ—મુનિમ ત્હારા હ્રદયનો ઉંડો નિશ્વાસ અને મ્હારા માટેની ત્હને થતી કાળજી અને દીલગીરી જોતા

પ્રાણુલાલનું સઘળું વૃતાંત સાંભળવા મારૂં મન હદઉપરાંત તલપી રહ્યું છે માટે વગર વિલંબે ખુલાસો કરી ત્હારા વૃદ્ધ શેઠના બળતાં અંતરને શાન્તી આપ

મુનીમ—શેઠ. ખુલાસો કરવા જતાં જીભ અટકે છે અને મને મ્હારે માટે કાળી ટીલીની બ્હીક રહે છે પણ હરકત નહીં તે હું કબુલ કરીશ. પણ મારી નિરદોષ બહેનના કપાળે કાળી ટીલી કદી પણ નહીં ચોડવા દઈશ. [અત્યંત શોકસાગરમાં ડુબી જવાનો આબેહુબ ચિતાર શેઠની સમક્ષ તાદૃષ્ય કરે છે]

શેઠ—મુનીમ તું શોકાતુર ન બન અને જે જાણતો હોય તેનો શાન્તીથી ખુલાસો કર.

મુનીમ—શેઠ ખુલાસો શું કરૂં. પ્રાણુલાલ તો તમારૂં સત્યાનાંશ વાળવા બેઠો છે. તમારે મન પ્રાણુલાલ છે પણ પ્રાણુલાલને મન સ્વપનામાં પણ પીતા નથી.

શેઠ—હેં. મુનીમ તું શું કહે છે.

મુનીમ—હા. શેઠ જે કહું છું તે સત્ય અને નજરે જોએલું કહું છું.

શેઠ--શું પ્રાણલાલ તને કાંઇ કહેતો હતો.

મુનીમ--અરે શેઠ કહેવા પ્રમાણે અત્યાર સુધીમાં તો તમારૂં વાટી પણ નાંખ્યુ હશે.

શેઠ--મુનીમ મુનીમ તું આ શું બોલે છે આ બાબત સાંભળતાં મારૂં મન બહુજ ગભરાય છે. મુંજાય છે ચિત ઠેકાણે રહેતું નથી માટે પ્રાણલાલની બાબતનો સર્વ ખુલાસો કરી મરણને કીનારે પહોંચેલાં પોતાના વિદ્વાન બાળકનું વૃથા મ્હોટું અભિમાન રાખનારા પ્રાણલાલના વૃદ્ધ પિતાના બળતા હૃદયને બાળી નાંખી તેને રાખ સાથે ખાખ કર.

મુનીમ—શેઠ, ગભરાટ છોડી દયો જે થવાનું હશે તે થઇ રહેશે. ભાવી મિથ્યાં નહીં થાય માટે કલ્પાંત કરવું વૃથા છે. શેઠ, ખુલાસો કરવા જતાં કાળી ટીલી તોમ્હને આવશે. પણ તે મારી

નિમકહલાલી નોકરી માટે સહન કરીશ તમે મારા બનેવી થાઓછો. વળી મને મુનીમની માનવંતી જગ્યાએ બેસારી મારા-પર આપે મ્હોટો ઉપકાર કર્યો છે જેથી કરીને મારી બ્હેનના કપાળે કાળી ટીલી ન ચોડાય એવા હેતુથી આપના ન સ્વીકારાય તેવા આગ્રહને અણછુટકે માન આપી લાચારી સાથે પ્રાણલાલની બાબતનો ખુલાસો કરૂં છું. કે તમે જે પ્રાણલાલનું વેવિશાળ કર્યું છે. તે પ્રાણલાલને બિલકુલ પ્રસન્ન નથી. તમે જ્યારે દિવાન સાહેબની સાથે જમવા જતી વખતે મને ગાડી જોડાવા જવાનું આપે ફરમાવ્યું ત્યારેજ વેવિશાળ થયાની પ્રાણલાલને ખબર પડી એટલે તુરત જ સાપની માફક ફુંફાડા મારતો જમ્યા વિનાનો બહાર ગયો છે અને મને કહેતો ગયો છે કે પીતાને મારાવતી કહેજો કે તમે મારૂં કરેલું વેવીશાળ મને કબુલ નથી. હું તે કન્યાને પરણવાનો નથી, હું તો સારા હાથથી નકી કરેલું વેવીશાળ રૂ. ૬૦૦૦)

રોકડા આપી કરવાનો છું. અને તેજ કન્યાને વંરવાનો છું. પીતા સમજી પૈસા આપશે તો ઠીક છે, નહીતર મારા માતાએ મારા નામથી મુકેલા રૂપીઆ બે લાખ બેંકમાંથી ઉપાડી લઇ તેમાંથી મારા મનથી માનેલી કન્યાને પરણીશ અને વડીલોપાર્જીત ધનમાંથી અડધો અડધ ભાગ લઈ પીતાથી જુદો થઇશ અને પીતા સલાહથી ભાગ નહીં આપે તો હાઈ કોરટમાં કેસ લડીને ભાગ લઇશ. હું બારીસ્ટર પોતે છું તો મારે વકીલ બારીસ્ટરની જરૂર નથી છતાં પણ કેટલા કાયદા જાણવા હું હમણાંજ અનુભવી બારીસ્ટરને ત્યાં જાઊ છું. શેઠ, તમે જાત્રા કરવા ગયા પછી પ્રાણુલાલે પોતાના કોઇ દોસ્તારને રૂ. ૨૦૦૦) લીટી ખાતે ગઇ કાલેજ આપ્યા છે. તે તો તમોને હજુ ખબર નથી આપની ગહેરહાજરીમાં રૂ. ૨૦૦૦) આપવાની મેં પ્રાણુલાલને ઘણીજ ના પાડી. અને સમજાવીને મેં કહયું કે શેઠની ગહેરહાજરીમાં આવી રીતે.

રૂપીઆ આપવાથી આપણે બન્ને શેઠના અપરાધી બનશું. તો શેઠ, મારા ઉપર પ્રાણલાલ એકદમ ચીડાઈ જઇને "હુકમ થાય છે તેનો અમલ કરો" એ પ્રમાણે રોફ મારી મારા હાથમાંથી નોટો ખેંચી લઇ મારૂં અપમાન કરી બે પરવારીથી રૂ. ૨૦૦૦) પોતાના દોસ્તારને આપ્યા તો લ્યો શેઠ આ પ્રમાણે પ્રાણલાલનું વૃત્તાંત છે. આભ ફાટે ત્યાં થીગડું દેવા જેવું રહેતું નથી. હવે જોઇએ તે કરો અમે તો અમારી નોકર માણસની પવિત્ર ફરજ બજાવી છે કે કોઈપણ રીતે શેઠ અને શેઠનો પુત્ર સુખી રહે.

શેઠ—અરે શું ! મારો પુત્ર પ્રાણલાલ આવા હલકા વિચારનો છે, અરે ઉછળતા અને કફેલી વિચારના છોકરા, તું તો મારી વૃદ્ધાઅવસ્થાની જીંદગીનો દાટ વાળવા બેઠો છો. મુનીમ, મારા વફાદાર મુનીમ, જા અને પ્રાણલાલ જ્યારે બહારથી આવે એટલે તુરતજ

જમ્યા વગરનો મારી પાસે અહીં હાજર કર.

મુનીમ—જેવી શેઠ, આપની આજ્ઞા

[જતો જતો સ્વગત]

[આપણે આપણી તો જાળ પાથરી દીધી છે. હવે લાગેતો તીર નહીતર થોથું તો છે જ એ બચ્ચા પ્રાણલાલ, હવે જોઉછું કે હુકમનો અમલ કેમ થાય છે અને મારી ગાદી ત્હારાથી કેમ સંભાળાય છે.

[મુનીમ જાય છે અને શેઠ એક ખુરશાપર અફસોસ કરતા વિચારમાં બેઠા છે.]

પ્રાણલાલ—[અંદરથી આવતાં અટકીને સ્વગત] શુકન તો સારાં થાયછે કે પીતાજી તદન સ્વસ્થ ચિતથી એકાન્તમાં બેઠા છે માટે હુમણાંજ શાન્તીથી સર્વ બાબતનો રૂબરૂમાં ખુલાસો કરવો.

[એટલામાં શેઠનું ધ્યાનં પ્રાણલાલ તરફ ખેંચાતાં એકદમ ઉભા થઇ મુખમાંથી મોટા ઘાંટા કહાઢી]

શેઠ—કેમ પ્રાણલાલ, અત્યારે દશ વાગે જમ્યા વિનાનો ક્યાં ગયો હતો.

[પોતાના આવા રૂવાબ ભરેલા પ્રશ્નથી એકદમ ગભરાટમાં પડી જઇ મનની વાત મનમાંજ સમાપ્ત કરી દઈ ઘણુંજ નમ્રતાથી]

પ્રાણુલાલ—જરા કામે ગયો હતો.

શેઠ—જરા કામે ગયો હતો કેમ? હું ત્હારૂં સર્વ કામ સમજી ગયો છું. તું મ્હારૂં જડ-મુળમાંથી ઉખેડી નાંખવા બેઠો છો. તે હું પુરતી રીતે જાણી ગયો છું. અરે પ્રાણુલાલ પ્રાણુલાલ, આજતો ત્હારે કંઇ મ્હારી ગરજ હોવી જોઇએ. શું ત્હને હજારો રૂપીઆ ખરચી બારીસ્ટર બનાવ્યો. તે શું કોરટ લડવાને માટે-તને લાખોની મીલકત સ્વાધીન કરી કોરટથી પાવર અપાવ્યો તે શું ત્હારા કફેલી દેસ્તારોને આપી દેવાને માટે? અરે ત્હારા બાળપણામાં અનેક સંકટો વેઠી પાણીને બદલે દુધ હાજર કરી હદ ઉપરાંત લાડ લડાવ્યા. તે અત્યારે મ્હારે વૃદ્ધાવસ્થામાં દુઃખ જોવાનેમાટે? અરે! તને દશ વરસનો મુકી ત્હારી મા . ગુજરી ગઇ

અને તેના કહેવા પ્રમાણે ત્હારા સુખને માટે દહોઢ લાખ રૂપીઆ બેંકમાં મુકયા. અરે ત્હારા નાદાનપણામાં તને કોઇપણ પ્રકારની વ્યાધી ન થાય એવા હેતુથી મેં બીજી વખત લગ્ન કર્યાં પહેલાં તને હુંશીઆર કરવા માટે વીલાયત મોકલાવ્યો તે શું આ સ્થીતી ભોગવવાને માટે—અરે દસબાર વરસથી એકના એક પુત્રનો વિયોગ ભોગવી અનેક જંજાળોમાં સંડોવાતાં લાબા વખતથી હ્રદયમાં જારી રાખેલી પુત્ર સુખ પ્રાપ્ત કરવાની ત્હારા વૃદ્ધ પીતાની ઉંચ્ચ ઇચ્છાને અરે પ્રાણુલાલ આજે તેં બાળી ભસ્મ કરી નાંખી છે—ત્હારૂં આજે મેં વેવીશાળ કર્યું અને પુત્ર આજે સારે ઠેકાણે સારો કન્યાને વર્યો જાણી મારા અંતરમાં કેટલો હર્ષ થતો હતો. તો તે હર્ષને બદલે પ્રાણુલાલ તેં આજે અગ્ની પ્રગટાવી દીધી છે. ત્હારૂં વેવિશાળ કર્યું તે ત્હારા સુખને માટે તેમાં તો મ્હારો કાંઇ સ્વાર્થ નહોતો. છતાં પણ તું છ હજાર રૂપીઆ જેવી મ્હોટી

રકમ આપી બીજી કન્યાને પરણવા તૈયાર થઈ મારૂં નાક કાપવા બેઠો છો તો તને હારા પીતાની જરાપણ શરમ નથી આવતી. તું મ્હોટો થયો. હુશીઆર ગણાણો. નાની ઉમ્મરમાં બારીસ્ટરની પરિક્ષા પસાર કરી જગતમાં વિદ્વાન લેખાણો. તો "વખાણી ખીચડી દાંતે વળગી" એ કહેવતને તેં ઉત્તેજન આપ્યું. હવે માંરે ત્હને શું કહેવું મ્હોટા છોકરાને ઠપકો આપતાં પીતા ધર્મ વીસરી જવાય છે. મારે અત્યારે ધૂળ ખાવી પડે છે. જા ત્હારૂં કાળું કર. જન્મતાં મરી ગયોહત તો અત્યારે મારે આ વ્યાધિ ભોગવવાનો વખત ન આવત–છ હજાર રૂપીઆ કમાતાં તેલ નિકળી જાય છે એ ત્હને તૈયાર પથારીપર સુનારને કયાંથી ખબર પડે. (શેઠની જીભ અટકી)
(પથ્થરના પુતળામાં આકાશમાંથી જીવ આવતાં જીવતું થઇ બોલતું થયું હોય તેવા રૂપમાં)

પ્રાણલાલ—પીતાજી થએલી ભુલને માટે ક્ષમા ચાહું છું.

શેઠ—ઠીક જા; જમી લે. અને હવે પછી ભવીષ્યમાં આવી બાબત ન બને તેને માટે સમ્પૂર્ણ કાળજી રાખી ત્હારૂં વર્તન સુધારજે.

પ્રાણુલાલ—જેવી આજ્ઞા.

(પથ્થરના પુતળામાં જીવ આવ્યાં છતાં પણ ચાલવાની શકતી નથી તો પણ પવિત્ર બાળા લક્ષ્મીના ઉત્કર્ષ સ્મરણે આપેલી શક્તિના આધારથી પ્રાણુલાલ પોતાનાં પીતાથી વિખુટો પડી પિતાના વચનને માન્ય કરવા ભોજન પ્રસાદીના હોલ તરફ સિધાવેછે).

શેઠ—(અજાયબ થતો] ઉછળતા જુવાનીઆ તેમજ અંગ્રેજી વિદ્યાના મદમાં મશહુર થએલા છોકરાને હદ ઉપરાંત કનીષ્ટ શબ્દો કહેવા છતાં એક શબ્દનો પણ પ્રતિરોધ ન કરતાં તોછડાઇ ભરેલો પ્રતિ ઉતર ન વાળ્યો અને માફી માગી પિતાની સમ્પૂર્ણ મર્યાદા જાળવી તો આ પ્રમાણે મારી મન ઇચ્છીત ઇચ્છા સિદ્ધ થઈ શકે છેકે મારો પ્રાણુલાલ પોતાના પિતાની ભક્તિમાં ફતેહમંદ નિવડવામાં નઠારા વિચારનો ત્યાગ કરી હવે પછીથી પીતાની

વૃદ્ધ જીંદગી પાળવા પરિપૂર્ણ વિચાર કરશે. [જતે જતે] હે પ્રભુ મારા એકના એક પુત્રને સારા વિચાર સુજાડી તેની તથા મારી જીંદગી સદાને માટે સુખરૂપ નિવડે. તેવા રસ્તા બતાવવા તું મ્હોટી કૃપા કરજે—ચાલ હમણાં પ્રાણલાલ જમી લે એટલે તેના ખાનગી ખંડમાં જઇ તેને શાન્તીથી સમજાવી તેના અંતરમાં દુઃખ લાગ્યુ હોય તો પીતા અને પુત્રના અરસ પરસના વાત્સલ્ય સ્નેહથી તે દુઃખનું છેદન કરી નાખું.

(જાય છે] પ્રવેશ દશમો સમાપ્ત.

પ્રવેશ અગીઆરમો

સ્થળ-પ્રાણુલાલનો ખાનગી ઓરડો.

દેખાવમાં-પ્રાણુલાલ પોતાના હાથથી લખેલો ગાયન રૂપે પત્ર વાંચતો વાંચતો પોતાના ખાનગી ઓરડામાં દાખલ થાય છે.

ગાયન.

(૧૦)

[રાગ વૈદરભી વનમાં વલવલે]

(૧)

"રોઇ રોઇ રાતી આંખડી રોઇ રોઇ લઊ છું રાજ
"શુરવીરનો કાયર બની, સફળ કરૂં છું મનનું કાજ
"સૃષ્ટીમાં કોઈ કોઈનું નથી.

(૨)

" દીલનું દુઃખડું દિલમાં. દીલવાળાને જણાય
" અવરને માહીતી શીપડે. દીલ સાથે સદા ચોળાય.
" સ્ષ્ટીમાં કોઇ કોઇનું નથી.

(૩)

" સુખ છે શેમાં જોયું નહીં. જોયો કંઇ નહીંસાર.
" જીંદગી અર્ધ એળે ગઇ. થયો સુન્ય સંસાર
" સ્રષ્ટીમાં કોઈ કોઇનું નથી.

(૪)

" કોની સુતા કોના પુત્ર છે. કોના માતને તાત
" અંત સમે જવું છે એકલું સાથે પુન્યને પાપ
" સ્રષ્ટીમાં કોઇ કોઇનું નથી.

(૫)

" પીતાનું ધન શિવ નિર્માલ્ય છે. લેવા તજી અભિલાષ
" પીતાજી આ પત્ર વાંચશો. જોશે પુત્રની વાટ.
" પુત્ર વિસારી પીતા સુખી રહો.

આ પત્ર સમ્પૂર્ણું વંચાઇ રહ્યા પછી. એક ગોળ ટેબલપર પત્રને મુકે છે અને પત્ર ઉપર પોતાના શિરનું છત્ર [એટલે] ટોપી મુકી ટેબલ પાસેના કોચ ઉપર બેસીને અનેક વિચારોને નિશ્વાસોને અંતે દ્રદય ઉભરા બહાર કહાડી નિચે પ્રમાણે વર્તન કરે છે,

ચીતાએ પુત્રને વચન રૂપી હથીઆરથી હુણ્યો- પુત્રને માટે પીતાએ નવી સૂષ્ટીનું અજવાળું કર્યું. જે પુત્રને પોતાના પૂજ્ય પીતાશ્રીના વૃદ્ધપણાની સેવા બજાવવાની ઉતમ અભિલાષા હતી. તો તે ઉત્કર્ષ અભિલાષાને પીતાએ વચનો પ્રહારથી છેદન ભેદન કરી નાંખી. "છ હજાર કમાતાં તેલ નીકળી જાય છે એ તૈયાર પથારી પર સુનારને કયાંથી ખબર હોંય. જન્મતાં મરી ગયો હત તો આ વ્યાધી ભોગવવાનો વખત ન આવત જા તારૂં કાળું કર'' વીગેરે અનેક અનીષ્ટ શબ્દો શ્રવણું કરાવી પીતાએ નિરદોશ પુત્રના પવિત્ર ગાત્રને શિથીલ બનાવ્યાં (ઉભો થઇને) અરે પીતા પીતા મારૂં કાળું કરૂં.

છું. આ મારૂં કાળું મુખ હવે તમોને બતાવવાનો નથી. અરે પીતા દુનીયામાં પુત્ર પર અમી દ્રષ્ટી રાખનારા પીતા તમારે છ હજાર બચાવવા હતા. તમારે મારા જીવન સુખની આશાદોરીને ત્રોડી નાંખવી હતી. તમારે પુત્રની સુખની જીંદગીનું નાવ ભર સમુદ્રમાં ડુબાડી નાંખવું હતું તો મને તમારા કહેવા પ્રમાણે જન્મતાં કેમ ન મારી નાંખ્યો. અરે મારી ન નાંખ્યો. તો પછી મારો ગુજરાતી અભ્યાસ પુરો થયા પછી શામાટે મને અંગ્રેજી અભ્યાસ કરાવ્યો. મેં જેટલાં વર્ષ અંગ્રેજી વિદ્યામાં ગાળ્યાં તેટલાં વર્ષ મારા ગુજરાતી વ્યાપારના સ્વતંત્ર પરાક્રમમાં કાઢ્યાં હત તો અત્યારે હું મારી સ્વ કમાણીના પરાક્રમી પરીબળથી મેળવેલી લક્ષ્મીથી હું મારી હૃદય લક્ષ્મીને પરણી કેટલો ભાગ્યશાળી થાત. પીતા. તમોને પુત્ર કરતાં છ હજાર વધારે વ્હાલા. થયા. તો જાઓ તમોને મુબારક થાઓ કેટલાએક પાપી પુત્રો પોતાના પોતાની લાખો રૂપીઆની દોલતમાં

પોતાનો પુત્ર તરિકેનો હિસો લેવાને માટે હાઇકોર્ટ લડે છે. અને કાયદા પ્રમાણે કોર્ટથી પીતાને રંજીસ કરી પોતાનો હક મેળવી. પોતે વ્યાજબી કામ કર્યું એમ જગતમાં લેખે છે તો પીતા—મારા વ્હાલા પીતા—તેમ કરવાનો તો મારો કિંચિન્તમાત્ર પણ વિચાર નહોતો છતાં પણ પુત્રનેઆ દુઃખ આપવાનું શું કારણ હતું. નીતીની દોરી પર ચાલનાર પુત્રને કટુ વચન સંભળાવવાનું શું કારણ હતું. પીતા. પીતા તમોને પુત્ર કરતાં પૈસા વધારે વ્હાલા છે તો લ્યો વડીલોપાર્જીતના ધનમાં મને કોર્ટથી પણ મળવાનો હક હું શિવનિર્માલ્ય તરિકે પત્રમાં લખી ચુકયો છું તો સાથે મારી માતાએ ફકત મારાજ સુખને માટે બેંકમાં મુકેલા દોઢલાખ રૂપીઆ તેમજ લાંબા વરસનું ચડેલું વ્યાજ એ સર્વસ્વ હું "શિવનિર્માલ્ય" લેખી તમોને સોંપી દઉં છું. અને મારી હૃદય લક્ષ્મીને પરણવાને માટે હું સાધન રહિત બની મારૂં વચન સત્ય કરવાને માટે તમારા

આત્માને શાન્તી આપવાને માટે આ સુંદર શાન્ત અને શોભીતા દેખાતા બંગલામાં હમણાંજ આપઘાત કરૂંછું. એ લક્ષ્મી ગરીબ માત પીતાને ત્યાંજન્મ પામી. અનેક સંકટો વેઠી ઉછરેલી. લક્ષ્મી. પ્રાણુલાલને પરણી ભાગ્યશાળી થવા અમર આશા રાખી શાન્ત રહી રાહ જોતી હૃદય લક્ષ્મી. તું હવે શાન્ત થા. હું તારે માટે તારા પવિત્ર પ્યારને માટે મારી દ્રઢ પ્રતિજ્ઞા સિદ્ધ કરવાને માટે છ હજારનો બચાવ કરી પીતાને શાન્તી આપવાને માટે હું હમણાંજ મરૂંછું લક્ષ્મી હું મરૂં છું પણ મરતો નથી છતાં પણ મરૂંછું. તો ચોકસ સમજજે કે આ ઉફાની અને સ્વાર્થમય દુઃખ રૂપી દુનીયાનો ત્યાગ કરી અક્ષય અને અમર ક્રીર્તીથી તરૂં છું સાથે બીજે અવતારે તનેજ વરવા. તનેજ•મારા અપ્રિતમ પ્યારની પ્યાસી બનાવવા. શાસ્ત્રના આધાર પરથી સરળ રસ્તો શોધું છું. એ પીતા ઘાતકી પીતા. અરે આ હું શું બોલું છું. મારો

પીતા ઘાતકી. નહીં. નહીં. જે પીતાએ આં દેહને જન્મ આપ્યો છે. અરે જે પીતાએ આ દેહને માટે એકવીશ વરસની ઉમરમાં અનેક સંકટો વેઠી હજારો રૂપીઆનો ખર્ચ કરી સુખ આપ્યું છે. અને અત્યારે પણ જગતની દ્રષ્ટીએ પીતાની થકીજ યશ કીર્તી અને માનની નજરે જોવાતો રહયો છું તો એવું અમુલ્ય અને અલભ્ય સુખ આપનાર મારો પીતા ઘાતકી. ખરેખર મારૂં ચિત અસ્વસ્થ થઈ ગયું છે. અરે અસ્વસ્થ ચિત તું મારા પુજ્ય પિતાશ્રીને ઘાતકી કહી દોશવાન શા માટે બને છે. મ્હારા નિશ્ચય પ્રમાણે હમણાંજ મરવું છે તો પછી પીતાને ખરાબ લેખી. પ્રભુ દરબારમાં દોષપાત્ર થઇ. જગતની દ્રષ્ટીએ શા માટે જશ અપજશનો બોજો શિરધરે છે ચાલ તારા દ્રઢ નિશ્ચય પ્રમાણે આ અવગતી આત્માને પરલોકમાં હમણાંજ પહોંચાડીદે.

(પોતાની જાકીટના ખીસાપર હાથ મુકીને)

અરે પણ ચાવી તો પેટ્રી રુમમાં રહી ગઈ છે. મરવાનું સહેલું સાધન જે પીસ્તોલ તે બંધ કબાટમાં પડી છે. તો હવે શું કરવું. બસ બસ કબાટ ફોડી નાંખવું. નહીંતર પછી આવો પ્રસંગ ફરીથી નહીં મળે.

(કબાટનો દરવાજો જોર જુલમથી ઉઘાડી નાખી અંદરથી પીસ્તોલ કહાઢી એક હાથમાં રાખીને)

દુનીઆમાં તમામ પ્રાણીઓનું લોહી પીનારી પીસતોલ આ કળીયુગ જમાનામાં ઘણા વરશે આજે તારો ખપ પડયો છે. અને તે પણ સરકાર તરફથી સરનો માનવંતો ખેતાબ મેળવનાર ભીમદાસ શેઠને ત્યાંજ. તો લે–લે–તારા માલેક ભીમદાસ શેઠના અભાગી પુત્ર પ્રાણલાલનું હૃદય વીંધી નાંખી ઘણા વરસથી ભુખી અને તરશી રહેલી પીસતોલ તું પ્રાણલાલના આખા શરીરનું લોહી પી તારી લાબાં વખતની થએલી અનહદ તૃષ્યાને તૃપ્ત કર. પીસતોલની અંદર દારૂ ભરૂં છું. સાથે સાત ગોળી જોડું છું. અને પીતાને સંતોષ આપવાને માટે પીતાની 'લાખો' રૂપીઆંની

દોલતને લાત મારી આ સ્વાર્થમય અસાર સંસારનો સંગ છોડી સુખમય પરલોકમાં જઈ વસું છું.

(કબાટ પાસે જઈને દારૂ તથા ગોળીઓ પીસ્તોલમાં ભરે છે મળવા આવેલા કીશોરના પગનો ધપકારો સાંભળતાં તૈયાર કરેલી પીસતોલને કોટના ઉપરના ખીસામાં મુકી કબાટનું બારણું કબાટ સાથે અફળાવી અને ચમકીને.)

અરે આ અવાજ ક્યાં સંભળાણો. કોણ કીશોર–તું અહીં ક્યાંથી. તું મારા ખાનગી વિચારમાં ભંગ પાડવા શા માટે આવ્યો. તું મારા ખાનગી વિચારના ટાઇમમાં ખલેલ પહોંચાડવા કોની રજાથી આવ્યો. જા પાપી દુર થા.

(કીશોરનો હાથ પકડીને)

નહીં, નહીં. તું પાપી નથી. મારા વ્હાલા કીશોર અત્યારે મારૂં ચિત અસ્વસ્થ છે. આ અસ્વસ્થ ચિત શું બોલે છે. તેનું તેને જરા પણ ભાન નથી. માટે કીશોર તું

દુઃખ લગાડીશ નહીં. કીશોર મારા મીત્ર રત્ન કીશોર હું તારી મિત્ર શેવાનો બદલો લેશ માત્ર પણ આપી શકર્યો નથી. તો તેને માટે મને માફી આપજે. મારા અસ્વસ્થ ચિતનો ખુલાસો તને પ્રાતઃકાળે મળશે.

જા અને સુખી થા.

કીશોરનો હાથ છોડી દઇ પોતે ખુરશી પર બેસે છે.)

કીશોર—મિત્રના થએલા વેશવાળની ખુશાલી ઇચ્છી. મુબારકબાદી દર્શાવવા આવ્યો હતો તો અહીં તો કંઇ નવોજ ચમત્કાર જણાય છે. મિત્રનું ચિત અત્યારે હદ ઉપરાંત અસ્વસ્થ લાગે છે, માટે હમણાં તો અહીંથી ગુપચુપ ચાલ્યું જવું અને પ્રાતઃકાળે મિત્રને મળી. તેના દુ,ખમાં ભાગીદાર થવું. (કીશોર જાય છે) (ઉભો થઇને)

પ્રાણુ—ગયો, મીત્ર કીશોર ચાલ્યો. ગયો. ઠીક થયું. મિત્રને મળવાની હૃદયમાં જે અપેક્ષા હતી

તે પણ પરમાત્માએ પરિપૂર્ણ કરી. તો હવે શા માટે વખત લગાડવો જોઈએ.

[પીસતોલ ખીસામાંથી કહાઢી એક હાથમાં રાખી કપાળ પાસેના ભેજા પાસે થોભાવી]

ઓ પ્રાણુલાલનું લોહી પીવા તલપી રહેલી પીસ તોલ તું હવે તૈયાર થા.

(વળી ભેજા પાસેથી પીસતોલ વાળો હાથ ઉપાડી લઇ બીજો હાથ હૃદયપર ઘડીક થોભાવી શાન્ત થતો સ્થીર થઇ.]

અરે પણ મારૂં મન આ સાહસિક કૃત્ય કરવાને મને કેમ ના પાડે છે. આ કૃત્ય થવાથી પીતાને મ્હોટો ગહેરલાભ થશે. એમ મને મારૂં મન ભલામણ કરે છે. શા માટે ભલામણુ કરતું હશે મારા મરવાથી મારા પીતાને શું ગહેરલાભ થશે. લાખો રૂપીઆની દોલતના માલેક મારા પીતાને મારા મરવાથી શું લાભ હાનીકારક થશે. કંઇ પણ સમજી શકાતું નથી. હા. સમજ્યો, સમજ્યો. મારા આપઘાત રીતે પીતાના બંગલામાં મરવાથી મારે માટે

સહવારે જુરી ભરાશે. અને તેમાં મારા પીતાને માથે ખોટો ખુનનો આરોપ આવશે તો મારા વ્હાલા પીતા નાહક માર્યા જશે. અને તેની અંતરની બ્હાલામાં વ્હાલી લાખો રૂપીઆની લક્ષ્મીનો ભોગી બીજો કોઈ થઇ પડશે. માટે બસ અહિંથી કોઈ જંગલમાં ચાલ્યું જવું. કોઇ અંધકાર અશરણ અરણ્યમાં જઇ આ અભાગી દેહના છુંદે છુંદા કરી નાંખવા. આ અભાગી દેહને પીતાના હાથનો અગ્ની સંસ્કાર શા માટે જોઇએ. આ અભાગી દેહને પીતાના હાથથી ક્રીયા પણ શા માટે થવી જોઇએ. આ અભાગી દેહના તો કુતરા, કાગડા, ગીધ વીગેરે જંગલના જંગલી પશુઓજ ભોગી થવા જોઇએ. માટે બસ હમણાંજ અહિંથી ચાલ્યું જવું.

[ગોળ ટેબલ પર પીતા ઉપર લખેલા પત્રને ઢાંકી દઇ શાન્ત પડેલીટોપીને એકદમ ઉપાડી પોતાના શિરપર ધરી બહાર નિકળી જવા ધારે છે. તેટલામાં છાતીનું સંરક્ષણ કરતી જાકેટપર

સોનાના લટકતા છેડા પર પોતાનો હાથ પડતાં તે છેડાને એક હાથમાં લઇને એક સ્થાનકે સ્થીર થતો]

અરે આ શું સુવર્ણ લક્ષ્મી અરે પીતા અને પુત્રમાં વિરોધ પડાવનારી, કાકા ભત્રિજા, મામા ભાણેજ, ભાઇ બહેન, સસરો, જમાઈ વીગેરે ગાઢ સંબંધોમાં ક્ષણે, ક્ષણે. મિત્રતાનો અને શત્રુતાનો સબંધ ધરાવનારી દુનીઆમાં દરેક જીવોમાં બાળથી તે વૃદ્ધ પર્યંતમાં વ્હાલામાં વ્હાલી થનારી. રાજાઓ, પ્રધાનો, અમીરો, શેઠીઆઓ તેમજ દુનીઆના કોઈ પણ ભાગમાં જેને ત્યાં સ્વપ્નામાં પણ મુલાકાત ન હોય. તેને ત્યાં અલૌકિક માનની દ્રષ્ટીથી પિછાણ કરાવનારી "**મહાદેવી માયા લક્ષ્મી**" તું મારી સાથે શા માટે આવે છે. તારે માટે તો પીતાએ પુત્રને તજ્યો, તો પછી મારી સાથે આવી પોતાની નજર પાસે મને વધારે દોશપાત્ર ઠરાવવા માંગે છે. બસ નહીં નહીં. તું મારી સાથે બિલકુલ નહીં.

[ખીસામાંથી ઘડીઆળ બહાર કાઢી સાથે

જોઇન્ટ થએલા સોનાના છેડા તથા પોતાના શરીરપરનો સુવર્ણ શણગાર, તથા રોકડ લક્ષ્મી સાંચવવાનું નાનું પાકીટ ખીસામાંથી બ્હાર કહાઢી એ સર્વને એક હાથમાં સમાવી દઇ ગોળ ટેબલપર મુકતા મુકતાં]

કુદરતના તમામ પ્રાણીઓના કપાળોને તેજસ્વી બનાવનારી આ કળીયુગ જમાનામાં પરમાત્મા કરતાં પણ દહાડ પરમાત્મા તરીકે લેખાવનારી. "માયાલક્ષ્મી" તારો અને મારો સમાગમ આજે એકત્રીશ વર્ષે સમ્પુર્ણ થાય છે. પીતાની મહેનતથી પ્રાપ્ત થએલી લક્ષ્મી. તારાપર મ્હારો લેશ માત્ર પણ અધિકાર નહોતો છતાં પણ બાલ્ય સંસારના અનુભવ વિનાના અંધકારમાં ત્હેંારો સ્પર્શ કર્યો છે. તો તેને માટે મને માફી આપજે. અને પીતાજીની અખંડ તિજોરીમાં અમર રહી પીતાના આત્માને સદા શાન્તી આપજે.

(હાથમા સમાવેલો સર્વ સામાન ગોળ ટેબલપર પડેલાપત્ર ઉપર મુકે છે એટલામાં જબકીને)

અરે પણ અહિંથી વિદેશના જંગલી જંગલમાં જવાને માટે મારી પાસે ટ્રેન ભાડાનું પણ સાધન રહ્યું નહીં. તો શું કરવું. હા બરાબર અત્યારનો કીમ્મતી સ્વાર્થ સાધવાને માટે. કરેલો નિશ્ચય પાર પાડવાને માટે. પીતાની ગેહેરહાજરીમાં પીતાના હકના દશ રૂપીઆ લઇ. પીતા પ્રત્યે હરામી બની પીતાનું કરજદાર બનવું.

(ટેબલપર પડેલી પોતાની ખીસા પાકેટમાંથી રૂપીઆ દશ ગણી હાથમાં રાખી)

પીતા હું તમારા હકના દશ રૂપીઆ સાથે લઇ જઈ મરૂં છું. જંગલમાં જઇ આત્મ-ઘાત કરૂં છું. બીજે અવતારે મારી હૃદય લક્ષ્મીને પરણવા શાસ્ત્રના પવિત્ર લેખ ઉપરથી અભિલાષ રાખું છું. અને ત્રીજે અવતારે. આ તેમારૂં દશ રૂપીઆનું કરજ ફીટાડવા પીતાના કરજમાંથી મુકત થવા પ્રભુના પવિત્ર દરબારમાં તમારે ત્યાં પશું તંરીકે અવતાર લેવા નોંધ કરાવું છું.

દશરૂપીઆ ખીસામાં નાંખીને ટેબલપર પડેલી

પોતાની ઘડીઆળ તરફ દ્રષ્ટી કરીને]
ટાઈમ બહુ થવા આવ્યો છે. પોણા અંગી-
આરની છેલ્લામાં છેલ્લી ફીક્સ પાસીંજરનો
જોગ વિખરાઇ જશે. તો મનની મનમાં
રહી જશે. માટે પીતાજી સુઇ ગયા હશે.
એટલામાં વખત મેળવી એકાએક ઉપડીજવું.
(મકાનમાંથી બહાર જતે જતે પોતાની મરહુમ
માતુશ્રીની હસ્તી છબી જોઇ અટકીને]
અરે આ કોણ મારી માતા, ઓ માતા-
માતા, તને મારૂં અઢંગી પણું જોઈ હસવું
આવે છે. અરે તને મારૂં નિર્મોહય અને
બાયલા પણું જોઈ હાસ્ય ઉત્પન થાય છે.
અરે દુષ્ટ માતા. એક બાજુ પીતા વેરી
બન્યો તો બીજી બાજુ માત્તા વેરી બની. અરે
પણ આ હું શું જોઉં છું આતો મારી વ્હાલી
માતુશ્રીની બાલ્યાવસ્થાની હંસ્તી પ્રતિમા છે.
[છબી હાથમાં લઇને એક ખુરશીપર બેસીને]
માતા માતા તું દુષ્ટ નથી પણ
મારૂં ભાગ્ય દુષ્ટ છે. તું તો પુત્રને
માટે દાજ ધરનારી. ભલુ ઇચ્છનારી પોતાની
પ્રજાને માટે હે માતા તું. સુખની છાંયા છો.
એટલુંજ નહીં પણ દુનીઆમાં તારી
પંકતીમાં લેખાતી તમામ બાળકોની દરેક

માતાઓને પેટ. આંધળી–લુલી–લંગડી બાડી બોબડી. છેવટમાં અનેક પરૂમાં ખદ બદતી કોઢણી પ્રજા જન્મી હોય તો. પણ હે માતા ત્હારી નજરે તો તેવી પ્રજા વ્હાલામાં વ્હાલી છે. અને જનમ્યા પછી પણ ભાગ્યના દોષથી માનસીક અથવા તો શારીરીક ગમે તેવી અનહદ કઢંગી સ્થીતીમાં આવી પડે તો પણ હે જગ્તજનુની–પ્રજાનો નવમાસ ભાર ઉપાડનાર. માતા તું તો ત્હારી પ્રજાને માટે અમીનું વૃક્ષ અને અમી દ્રષ્ટીનો કુંપો છે જો તું આ વખતે જગતમાં જીવતી હત તો ત્હારા પુત્ર પ્રાણલાલની અત્યારે કદી પણ આ દશા ન થાત.

(.આંખમાં જળજળીઆં ભરાય આવે છે)

[છબી .સાસું જોઇને)

માતા માતા ત્હારો પુત્ર પ્રત્યેનો વાત્સલ્ય પ્રેમ અત્યારે મારા દુઃખી દ્રદયમાં જાજ- વલ્યમાન થયો છે. ત્હારી જીવતી પ્રતિમાનું નજર સામે દર્શન થાય છે. ત્હને મળવાને માટે મારા પીતાનો દોશ ત્હારી પાસે જાહેર કરવાને માટે મારૂં મન

ત્હને ભેટવા તલપી રહ્યું છે. તો તું મને મળવા. મારૂં અંતરનું દુઃખ ટાળવા અહીં નહી આવી શકે? કયાંથી આવી શકાય. તું તો પ્રભુના દરબારમાં સદાને માટે કાયમ કેદ થઈ ગઈ છો તેથી તું તો ત્હારા પુત્રને મળવા નહીંઆવી શકે તો લે–લે–માતા હુંજ ત્હને મળવા આવું છું. ત્હારો વિશુદ્ધ પ્રેમ જોવાને માટે લાંબા વખતથી વિખુટા પડેલા માતા અને પુત્રના સુખ દુઃખની વાતો કરવાને માટે માતામારી વ્હાલી માતા હું આવતી કાલે ત્હારી પાસે જરૂર આવું છું તો તું મ્હારે માટે રહેવાને સારી સગવડતા વાળું મકાન, જમવાને માટે ઉત્તમ પ્રકારનું ભોજન–સુવાને માટે કંચન સમાન પલંગ ત્હારા બાળકને બાળક તરિકે રમવાને માટે વિવિધ પ્રકારનાં નાનાં નાનાં રમકડા તૈયાર કરી રાખજે. હું તારી પાસે આવતી કાલે જરૂર આવીશ. જરૂર આવીશ.

[ચક્ષુમાંથી અશ્રુધારા ચાલી રહી છે એટલામાં

દરવાજા બહાર ખડભડાટ થાય છે. તે સાંભળતાં છબીને ખુરશીપર મુકીને એકદમ ઉભો થઇ ગભરાએલા આવેશમાં]

અરે આ ખડભડાટ શું થાય છે. શું. પીતાજી તો નહીં આવતા હોય. જો આવી જશે તો રંગમાં ભંગ પડી જશે કરેલી યુકતી રદ થશે. માટે એકદમ અહીંથી ચાલ્યું જવું. અરે પણ મારા પાયને રક્ષણ કરનારી ચીજ [Shoes] એ તો પેંઢી રૂમમાં રહી ગઇ છે. અરે જંગલમાં મ્હારા પગમાં કાંટા વાગશે. ભલે કાંટા વાગે પીતાને સંતોષ થતો હોય તો જંગલના જંગલી કાંટા સહન કરીશ. શરીરપર અનહદ કષ્ટ વેઠી ઝુરીઝુરી મરીશ અરે પણ સામેથી દાદરો ઉતરીશ તો કોઇ સામું આવતું મળી જશે. માટે ઉપર જઈ અગાશી સાથે જોડાએલા નળના આધારથી નીચે ઉતરી પાછળના દરવાજેથી ન્હાસી જવું, છટકી જવું પણ પીતાને કાળું મુખ કદી પણ નહીં બતાવવું, નહીં બતાવવું.

[પ્રાંણુલાલ ઘર છોડી જાય છે.

[અંદરથી શેઠ શેઠાણી તથા મુનીમ આવે છે]

શેઠ—પ્રાણલાલ હમણાંજ કોઇની સાથે વાત કરતો હતો પણ જોવામાં કેમ ક્યાંઈ નથી આવતો

શેઠાણી—હ. એતો બીલાડી કે ઉંદરથી ભાંગફોડ થઇ હશે અથવા તો રાત્રીનો ભણકારો લાગ્યો હશે. તમારો પ્રાણલાલ તો સહવારે કોઇ મ્હોટા બારીસ્ટરની સાથે હાઇકોરટમાં મળશે.

શેઠ—[ચીડાઇજઇ] ચુપરે ચંડાળણી ચુપરે.
[શેઠ શેઠાણીના ગાલપર ટાહાઢા પોરનો એક તાણીને તમાચો ચોડી દેછે]

શેઠાણી—[મનમાંને મનમાં ગુગળાતી ગાલ ચોળતી આઘી ખસતી]
તેમાં મને શું છે તે હાથ ઉપાડો છો

શેઠ—ત્યારે વગર વીચારી અને વગર તપાસ કરે કેમ વાત વધારે છે તારા મનમાં પ્રાણલાલ લેખામાં નહીં હોય પણ મારે મનથી તો

મારા ભાગ્યનો આધાર મારી જીંદગીમો સાચો સાર મારૂં એકનું એક કીમ્મતી રત્ન—મારૂં અંતરનું લોહી છે.

[મુનીમ તરફ રોફ મારતા]

જો મુનીમ તપાસ કર પ્રાણુલાલ અહિંજ છે કોઇ બીજા ઓરડામાં કંઈ કામે ગયો હશે.

મુનીમ—[સ્વગત શેઠનો મગજ અત્યારે ઘણોજ તપી ગયો જણાય છે. માટે સમય વરતો સાવધાન.]

[અહીંથી તહીં જઇ આવી પ્રાણલાલને શોધવાનો ખોટો ડોળ શેઠને બતાવી. શેઠ પાસે ઉતાવળો ઉતાવળો આવીને]

શેઠ શેઠ એટલામાં કયાંઇ પણ પ્રાણુલાલ નથી.

[એટલામાં શેઠનું ધ્યાન ઓરડાના મધ્ય ભાગમાં પડેલા ગોળ ટેબલપર પડે છે અને ગભરાતે ગભરાતે.]

શેઠ—અરે પણ આ શું. પ્રાણુલાલને પહેરવાનો ઝાગીનો અહીં કેવો. તેનું ખીસાનું ઘડીઆળ કેવું. તેની પૈસા રાખવાની પાકેટ કેવી. આ લખેલો કાગળ કેવો. જો જો મુનીમ

આ કાગળમાં શું લખ્યું છે. શું પ્રાણલાલ
ન્હાસી તો નહી ગયો હોય.

[શેઠના પેટમાં ફાળ પડી]

(શેઠ ટેબલપરથી કાગળ ઉપાડી મુનીમને વાંચવા
આપે છે મુનીમ પત્ર હાથમાં લઇ]

મુનીમ—બહુ સારૂં શેઠ.

[મુનીમ ચાલુ લખાણ વાંચવાની માફક નીચેની
કવિતા વાંચે છે.]

રોઇ રોઇ રાતી આંખડી રોઈ રોઇ લઇછું રાજ
શુરવીરનો કાયર બની સફળ કરૂં છું મનનું કાજ

શેઠ—ખરેખર આ તો પ્રાણલાલના હાથનોજ કાગળ
લખેલો જણાય છે

[શેઠના હાજાં ગગડી ગયાં.)

મુનીમ—દીલનું દુઃખડું દીલમાં. દીલવાળાને જણાય
અવરને માહીતી શીપડે. દીલ સાથે સદા
ચોળાય.

શેઠ—શું. મારો પ્રાણલાલ એટલો બધો દુઃખી હશે.
મુનીમ. મુનીમ પછી શું લખ્યું તે
જલદી વાંચ.

મુનીમ—સુખ છે શેમાં જોયું નહીં. જોયો કંઈ નહીં સાર
અર્ધ જીંદગી એળે ગઈ. થયો સુન્ય સંસાર

શેઠ—શું પ્રાણુલાલની જીંદગી એળે ગઇ તેને મન સંસાર સુન્ય થઇ ગયો. મુનીમ. પછી શું લખ્યું છે.

મુનીમ—કોની સુતા કોના પુત્ર છે. કોના માતને તાત
અંત સમે જવું છે એકલું. સાથે પુન્યનેં પાપ

શેઠ—હા એ તો બરાબર છે.

[પોતાના કપાળે હાથ પછાડતા.]

અરે મારા પુત્રને માટે મેં કેવું વગર વિચાર્યું પગલું ભર્યું મુનીમ મુનીમ હવે પછી શું લખ્યું છે તે જલદી વાંચ મારૂં મન બહુજ મુંજાય છે. અરે મારા પુત્ર રત્ન પ્રાણુલાલ તું ક્યાં ચાલ્યો ગયો. તું ત્હારા વૃદ્ધ પીતાને તરછોડી કયાં ચાલતો થયો.

શેઠની ચક્ષુમાંથી અશ્રુ પ્રવાહ શરૂ થઓ.

મુનીમ—“ પીતાનું ધન શિવ નિર્માલ્ય છે
લેવા તજી અભિલાષ.

શેઠ--પીતાનું ધન શિવનિર્માલ્ય છે. લેવા અભિલાષ તજી અરે. પ્રાણલાલ પ્રાણુલાલ, ત્હારા સિવાઇ આ લાખોની અને કરોડ સુધીની દોલત કોણ ભોગવશે. મુનીમ પછી શું લખ્યું છે તે જલદી વાંચી પત્ર પુરો કર.

(શેઠની ચક્ષુમાંથી અશ્રુ પ્રવાહની વૃદ્ધી થવા માંડી)

મુનીમ—"પીતાજી આ પત્ર વાંચશે. જોશે પુત્રની લાશ.

શેઠ—હેં શું મ્હારો પુત્ર સાધારણ બાબતમાં આપઘાત કરી મરી જશે. અરે કોઇ આવો. મારો પ્રાણલાલ કયાં છે તેને શોધો, શોધો, મારી નજર સામે મારા પ્રાણલાલને જલદી લાવો. જલદી લાવો. અરે પ્રાણલાલ તું કયાં ચાલ્યો ગયો. અરે મેં અભાગીએ આ મેં શું કામ કર્યું.

(શેઠાણી તથા મુનીમ સામું જોઇને)

અરે દુષ્ટ હરામી ભાઈ બ્હેન, તમે તો આજે મારા સુખનો સુર્ય અસ્ત કર્યો છે. મારી વૃદ્ધ જીંદગીને રગદોળી નાંખી તમે આજે પાયમાલ કરી નાંખી છે, મારા

ભાગ્યના હીરાને ખોઈ નાંખ્યો છે. મારા સુખના ભંડારને સળગાવી મુકયો છે.

[શેઠ ટેબલ સાથે હર વખ્ત માથું અફળાવી ફોડે છે મુનીમ મનમાં હસે છે. શેઠાણી આનંદ ઉદ્વેગના ત્રાજવામાં સરખે ભાગે તોળાતાં શેઠને શાન્તી આપે છે. આવા કરૂણારસ ભરેલા દેખાવને નાટકના પ્રથમ અંકનો ડ્રોપસીન આસ્તે આસ્તે અદ્રશ્ય કરે છે.

પ્રાણ–લક્ષ્મી

પ્રથમ ભાગ

સમાપ્ત.



પ્રિય વાંચનાર,

પ્રાણ—લક્ષ્મી

ના પ્રથમ ભાગનું દર્શન. અને તેંનુ અંતરિક્ષ અવલોકન ત્હારા હૃદયને કંઇક અંશે પ્રિય થયું હશે તો તો હવે પછીનો સમય અને તેને રૂચતા સંજોગો જાણવા ત્હારા હૃદયમાં દ્રવતી-અત્યંત અપેક્ષા ધરાવતી ઉત્સુકતા ઉદ્દભવી હશે તો તેના સબંધના ખુલાસામાં ત્હારે જાણવાનું કે ત્હરા હૃદયમાં અપૂર્વ ઉદ્દભવેલી ઉત્સુકતાને કંઈક શાન્તી આપવાને માટે આ ભાગ સાથે બીજા તથા ત્રીજા અંકના ગાયનો જોડયાં છે તો તે તું વાંચજે વાંચી વિચાર કરજે વિચાર કરી અનેક વિચારોના વમળોમાં ત્હારા મસ્તકને ભમાવી દઇ તેમાંથી જન્મ પામતી અનેક કલ્પનાઓ અને

તે કલ્પનાઓનો સાર. સાથે ત્હારી સર્વ શકિતનો સાર. તેમજ તારા સાચા ખોટા મિત્રનો, સ્વાર્થી સગાંઓનો દુનીયામાં ફકત ઓળખાણ તરીકે દાવા રાખનારા મનુષ્યનો સમગ્ર સર્વનો તેમજ આખાબ્રહ્માંડનો સાર સાંકર્ય કરી તેમાંથી ત્હને જે સત્ય લાગે તે વ્યાજબી માની હાલ તુરતને માટે તો ત્હારા હૃદયને સમ્પુર્ણ શાન્તી આપજે. એટલામાં ઘણાજ થોડા વખતમાં એટલે અલ્પ ટુંક સમયમાં ત્હારૂં મારા પ્રત્યે રહેલું લ્હેણું ત્હારી ખરચાએલી કીમ્મતમાં મળેલા સાર સાથે તું મુંબઈમાં પ્રત્યક્ષ નાટક રૂપે નિરખીશ અથવાતો હવે પછીનું મ્હારાપર ત્હારૂં ચડેલું કરજ હું અદ્રષ્ય નાટક નોવેલ રૂપે ચુકાવીશ વાંચનાર તું પરણેલી સ્ત્રી હો. અથવા તો પુરૂષ હો. કુંવારી કન્યા હો. અથવાતો વિદ્યાર્થી હો. રંક, શ્રીમાન, અજ્ઞાન, વિદ્વાન કોઈપણ જ્ઞાતી હો. તેની સાથે મ્હારે કશો પણ સબંધ નથી પણ ત્હને આ પુસ્તકમાંથી ત્થા ત્હારી સર્ગ શકિતએ મેળવેલા શુભ સારમાંથી ત્હને ત્હારા માટે–ત્હારા કુટું.- બીઓને માટે ત્હારી જીંદગીની સાફલ્યતાને માટે કોઇ-પણ વખત કોઇપણ. પ્રમાણીક વાકયનું એક અલ્પ દ્રષ્ટાંત પણ ત્હને મદદ રૂપ થઇ પડશે તોજ લેખકના તન મનનો અનહદ ભોગ અને ત્હારી ત્થા ત્હારા વાલીઓની

કમાઇનો સાધારણ વ્યય સફળ થયો સમજાશે એજ બાકી હાલતો લેખકને માટે

લેખકના હૃદય ઉદગાર,

" અસાર સંસારના સાગરે. વૃથા ડુબતું નાવ આજે.
" દુર્ભાગ્ય કર્મના પ્રવાસે. ડુબ્યું તરતું નાવ આજે.
" સદ્ભાગ્ય ચિત્તના સંસ્કારે. વિકાર વા'માં વહેરાયો.
" સુન્ય સૃષ્ટીના અન્ધકારે. શુષ્ક શ્રમ સફળ કહેવરાયો.

ઉપરાંત.

" સોનું સમજી સંગ કર્યો. કર્મે નિવડયું કથીર.

પણ.

"શાન્તી રાખી સાંચવ્યું. નિકળ્યું કંચન હીર.

તો પણ વાંચનાર ત્હારા માટે.

" ગન્ધ ગ્રહી જે ફીર મહીં. વા'યે વહી નવ જાય.
"સ્થૂળને સુક્ષ્મ જ્ઞાનથી. દિર્ઘ દ્રષ્ટી હેવાય.
" ધ્યાન ધ્યાનને સાનમાં. સઉ સમજી શકાય.
" વિદ્વાનો મન કંઈ નહીં. અઢંગીઓ આથડાય.
" અથડાઇ અથડાય છે. ત્હોય ન આવે. પાર.
" અજ્ઞાનના અન્ધકારમાં. વિફળ ગોથાંખાય.

"અનુભવે અનુભવ મળે. એ તો સરળ મનાય.
"પરોક્ષ અનુભવ સિદ્ધ કરે. એજ મનુષ્ય ગણાય.

"બાકીતો સર્વ નામનાં. મનુષ્ય કહેવાતાં ફરે.
"સુખને દુઃખના ત્રાજવામાં. ત્રોળાતાં આયુષ્ય ચરે.
એથી વધારે શું લખવું.

મીતી. શવંત ૧૯૬૭. માશ વૈશાક શુકલ પક્ષ. અખાત્રી ચદ્રવાર.

લી. શુભેચ્છક.
લક્ષ્મીદાશ પરમાણંદ ભુતા
રાજુલાકરના સવિનય પ્રણામ.

પ્રાણ-લક્ષ્મી

નાટકનાં

બીજા અને ત્રીજા અંકનાં ગાયનો.

ગાયન

૧૧.

રાગ—શારદાવિજયના ખેલમાં હું તો પ્રેમની જોગણ.

" મમતા મુકીદે મન સ્મરણ છે ઈશ્વરી સાચું.
" ઈશ્વરી સાચું સ્મરણ મન ઈશ્વરી સાચું—મમતા.

૧

" સ્વાર્થ જગમાંહે છવાણો. સ્વાર્થનીજ સગાય.
" માત તાત સુત ભ્રાત ભગીની. સ્વાર્થમાં લપટાય.
સ્મરણ.

૨

" નામ તેનો નાશ જગમાં અમર નહીં રહે કોઈ.
" કરથી કરેલાં સકળ કૃત્યો. અચળ નિશ દિન હોય.
સ્મરણ.

૩

" વ્યર્થ જગનો છે. પ્રપંચઆ વ્યર્થ જુઠો દેહ.
" વ્યર્થ સૃષ્ટી પૃગટી કરણું વળી વ્યર્થ સર્વ. કોઈ એહ
સ્મરણ–મમતા.

ગાયન.

(૧૨)

રાગ–ત્રિયારાજના ખેલમાં લાવી લાવી લાવીરે તેને મળતો.
" આવી આવી આવી રે હું તો ભકત માટે અહીં આવી.
" લાવી લાવીલાવી રે હું તો ભકત માટે ભોજન લાવી.

૧

" ભકતને. માટે હું. અહિંઆ આવી.
" ભકતને માટે હું ભોજન લાવી.
" પીવાને માટે હું પાણી લાવી.
" સહાય થવા હું આવીરે. હું તો.

૨

" ભકત છે. મારો નિતીમાં પુરો.
" ન્યાય નીતીમાં નથી અધુરો.

" નીતી રીતીમાં પુરો શુરો.
" ભીડ ભાગવા આવી રે. હું તે.

ગાયન.

(૧૩

રાગ–કરૂણારસ દોહરા.

(૧)

" છે 'લક્ષ્મી' તુજ નામને 'પ્રાણ'નામ પ્રણામ.
" હૃદયે છેલ્લા શ્વાસમાં. છેલ્લું ત્હારૂં નાંમ.

(૨)

" ઝેરી પીસ્તોલ હાથમાં. જોઇ કંપે કાય.
" પણ તુજનું સ્મરણ થતાં. ઠરવા મળે નહીં ઠામ.

૩,

" જગમાં જીવન 'પ્રાણ' છો. હતી 'કુંવારી' બાળ.
" પણ 'લક્ષ્મી'સાધન નહીં. ચડ્યું તુજ 'દાસ'ને આળ

(૪)

" 'પ્રાણ', હતી મુજ કામની પણ નહીં આવી કામ.
" પારબ્ધે જુદાં કર્યાં. 'પ્રાણ–લક્ષ્મી'. નામ..

(૫)

" લક્ષ્મી લક્ષ્મી બોલતાં. નિકળે છેલ્લો શ્વાસ.
" 'પ્રાણ–લક્ષ્મી' મળે હવે. સકળ પ્રભુ દરબાર.

ગાયન.

(૧૪)

રાગ–ભરથરીના ખેલમાં ભેખરે ઉતારો રાજા ભરથરી

" ભાગ્ય વિનાંના ભુપતી. કદી નહીં લક્ષ્મી થવાયજી.
" કર્મ વિનાના કર્મોદય કહો કયાંથી થવાયજી.
" મોહરે છોડી દે વ્હાલી લક્ષ્મીતું.

(૨)

" સંસારમાં સુખી કોઇ નથી. દુનીઆ દુ:ખમાં રીબાયજી.
" સાચું સુખ છે સ્વર્ગમાં. જેથી જંજાળ ત્રોડાયજી.
" મોહરે છોડીદે વ્હાલી લક્ષ્મી તું

(૩)

" પ્રાંણ પ્રિતમ મુજ આધાર છો. સાચા છત્ર શિરતાજજી.

" દુઃખડું તમારૂં જોઇ આ. અંતર મ્હારૂં ચિરાયજી.
" દુઃખને તજી સુખમાં સંચરો.

(૪)

" સુખ છે શેમાં જોયું નહીં. જોવા નથી અભિલાષજી.
" સૃષ્ટીમાં કોઈ કોઈનું નથી. કોના પુત્રને તાતજી.
" મોહરે છોડીદે વ્હાલી લક્ષ્મીતું.

(૫)

" લાખ પતિના બાળક તમે. લાખ્ખોના માલેકજી.
" રંક અબળાને કારણે. વૃથા દુઃખ ખમાયજી.
" દુઃખને તજી સુખમાં સંચરો.

(૬)

„ મમતા મુકી દે વ્હાલી લક્ષ્મીતું; સંસારમાં નથી સારજી
" આશાને તૃષ્ણાના ત્રાજવાં, તેમાં મનુષ્યો ત્રોળાયજી.
" મોહરે છોડી દે વ્હાલી લક્ષ્મીતું.

(૭)

" દયાના સાગર તમે પ્રાણ છો. નિરાધારના આધારજી
" પિતાની ગાદી સંભાળીને, કરો જગનું કલ્યાણજી.
" દુઃખને તજી સુખમાં સંચરો.

(૮)

" મિથ્યા આગ્રહ લક્ષ્મી તાહુરો હૃદયે સુન્ય અન્ધકારજી
" માતા પીતાની લક્ષ્મી છે–મ્હારે શિવ નિર્માલ્યજી
" મોહરે છોડી દે વ્હાલી લક્ષ્મીતું.

ગાયન.

(૧૫)

રાગ–લેખકની કલ્પીત શકતીનો અત્યંત કરૂણારસી.

" એ દુષ્ટ પીતા દીકરી વેચીને ધન લેવાનું ધારમાં
" દઇ ડોસાને રંડાપો આપ ન કન્યાદાનમાં.

(૧)

" તને રૂવે રૂવે કીડા. પડશે.
" તારી છાતીપર જમડા ચડશે.
" ધગ ધગતે ખીલે ધાબડશે. એ દુષ્ટ.

(૨)

" આ હરામી પૈસો નહીં રહેશે
" આવાનું ઘરમાંથી ટળશે
" નખોદ જશે શ્રાપો મળશે. એ દુષ્ટ.

(૩)

" ત્હારા હાથ પગોજ પડ્યા ભાગી,
" જેથી જટ કમાણી આ જાગી
" લે પાપી હવે મૃત્યુ માગી. ઓ. દુષ્ટ.

(૪)

" વિષ પાવું હતું ગળથુલીમાં
" કે મરી નહીં શીળી ઓરીમાં
" પણ આ તો સંકટની સીમા. ઓ. દુષ્ટ.

ગાયન.

(૧૬)

રાગ–સતિ અનસુયાના ખેલમાં–આંખ વિના અંધારૂં રે. તેને મળતો.

" નામ જપીશ હું ત્હારૂં રે, રટણ કરીશ હું ત્હારૂં રે
" વૈકુંઠમાં જઇ નામ જપીશ હું ત્હારૂં.

(૧)

" પ્રાણ તું પ્રાણજ મારો, દિલથી નહીં દુર થનારો.
" દુઃખી અબળાની સાથે દુઃખી થનારોરે.–નામ જપીશ

(૨)

" લાખ પતિનો બાળક બનીને રંક અબળાનો બેલી બન્યો તું
" દુઃખીઆના દીલની દાઝ દીલે ધરનારોરે.–નામ જપીશ.

(૩)

" સ્વર્ગમાં જઇને તારી, સાક્ષી પુરીશ સારો.
" માળા જપીશ નિરંતર તારી તારીરે–નામ જપીશ.

ગાયન.

૧૭.

રાગ–જહેરીસાપમાં. દેખુંગી પ્યારે અબાકા મુખડા. તેને મળતો.
" જોઉં જઇને પ્યારાનું મુખડું.
" પ્યારાનું મુખડું, પ્યારાનું ચિતડું.
" પ્યારાનું મનડું...................... જોઉં.

૧.

" હું તો તમારી રાધા બની છુ
" તમે અમારા કૃષ્ણ થશોજી.
" રાધા કૃષ્ણ–રાધા કૃષ્ણ–ની જોડીરે—હું તો.

૨.

" હું તો તમારી સીતા બની છું.
" તમે અમારા રામ થશોજી.
" રામ સીતા-રામ સીતા-ની જોડીરે-હું તો.

૩.

" હું તો તમારી લક્ષ્મી સતિ છું.
" તમે અમારા પ્રાણ પતિ છો.
" પ્રાણ-લક્ષ્મી પ્રાણ-લક્ષ્મીની જોડીરે-હું તો.

ગાયન.

૧૮.

રાગ.

ગઝલ.

" લખ્યા જે લેખ વિધિના
" જોયા આ ખેલ કીસ્મતના,
" જોયું નાટક દુનીઆંનું
" તેનો અંત આજે આવે છે.

" સુખ જોયું ને દુઃખ જોયું
" વ્હાલી લક્ષ્મીનું સુખ ખોયું,
" તે સુખ આજ ખોવાતાં
" ફાંસીને ભોગ દેવો છે
" પિતાનો સ્નેહ મેં જોયો,
" માયાનો પ્રભાવ મેં જોયો
" ન જોયો સ્નેહ માતાનો
" તે જોવા આજ જાવું છે.
" પીતાની લક્ષ્મી સાચવતાં
" પીતાનો સ્નેહ જાળવતાં
" પીતા લક્ષ્મી રહી છે
" મેં મારી લક્ષ્મી ખોઈ છે.
" પીતાનો સ્નેહ જાળવતાં.
" પુત્ર ફરજ અદા કરતાં,
" ખોટી લક્ષ્મી રહી ગઈ છે
" ખરી લક્ષ્મી ગુમાવી છે,
" પુત્ર ફરજ અદા કરતાં
" પીતાની રાહ જોવામાં,
" ખરી લક્ષ્મી મેં ખોઈ છે
" પીતા લક્ષ્મી રહી ગઈ છે.

" ઓહો લક્ષ્મી? વ્હાલી લક્ષ્મી
" હતી મુજ ભાગ્યની લક્ષ્મી,
" નહીં ત્યારે નહીં આજે
" થઇ તું લક્ષ્મી બીજાની.

" લક્ષ્મી તું મોહ છોડી દે
" મારો સંબંધ ત્રોડી દે.
" વિધિનું ધાર્યું વેઠી લઈ
" મળે તેને નિભાવી લે.

" મળે તેને નિભાવી લઈ
" સુખનો સાર સારી લે,
" જનારાને વિસારીને
" મળે તેને નિભાવી લે.

" ઓહો લક્ષ્મી? તું દેવી છો
" જમાનાની તું છો, દેવી

" હૃદય લક્ષ્મી તું દેવી છો
" કળીયુગની તું દેવી છો.

" દેવી નામ સ્થાપું છું
" દેવી નામ જાપું છું,
" સ્વર્ગે જઇ ત્હારૂં હું
" દેવી નામ લખાવું છું.

" લક્ષ્મી રૂદન છોડી દે
" આગ્રહ મારો સ્વિકારી લે,
" હૃદયનો ટેક ત્રોડી દઇ
" મળે તેને નિભાવી લે.

" અંતરમાં આગ લાગી છે
" બુઝાવાને નથી કોઇ,
" હતી લક્ષ્મી બુઝાવાને
" નથી ઉપાય તેનો કંઇ.

" સંસારી સંગ છોડું છું
" પીતાનો સબંધ ત્રોડું. છું,
" હૃદય લક્ષ્મી હૃદય રાખી
" સ્વર્ગે હું સિધાવું છું.

" લક્ષ્મી છે છેલ્લા તુજને પ્રણામ
" પીતા તમને છેલ્લા છે પ્રણામ,
" જગતના મિત્રો ને છે પ્રણામ
" પ્રાણના સર્વને છે પ્રણામ.

" અમીરી મેં અનુભવી છે
" ગરીબી મેં અવલોકી છે
" ન જોઈ સ્થીતી જોઇ છે
" ન જોયું જોવા જાવું છે.

ગાયન.

૧૯

રાગ -કલ્પીત.

" સુખે પ્રાણ સિધાવો મળશું હવે કૈલાસમાંરે,
" રમશું સાથે જમશું સુખ ભોગવશું આનંદથી ઉલ્લાસમાંરે,
" સથવારો થઇને સાથી બનું મુજ પ્રાણનીરે,
" દુઃખમાં શાન્તી આપી સુખડું સ્થાપી ભાગી બનુ
મુજ આધારનીરે
" આધિ વ્યાધિ ઉપાધિ રહિત બની જંજાળથીરે,
" વૈકુંઠ વાસો કરીને અક્ષયથી તરીને રહેવું અલખ સમાધીથીરે
સુખે પ્રાણ.

ગાયન.

૨૦

રાગ-લગ્ન પ્રસંગનો.

" સોનાની અંબાડીને રૂપાનો ધર્યો શણગાર
" તેવા વાહનપર ચડ્યા શ્રી લક્ષ્મીના ભરથાર.
" દુષ્ટ સસરો. શોધીને છોડાવી કુંવારો બાળ
" પ્રિતેંથી ઉર પરખીને પરણ્યા લક્ષ્મી નાર.

" દુર્લભ દુઃખડાં વેઠીને મેળવી મનહર નાર.
" યશ ગુણ કીર્તી પામીને સફળ રહો સંસાર.
" સુખ વૈભવ તમે ભોગવો ભોગવો લક્ષ્મીનાર
" પ્રાણ લક્ષ્મીનું જોડલું અમર રહો તમ દ્વાર.

ગાયન.

(૨૧]

રાગ—ત્રિયારાજમાં મારા ભાગ્યતણો નહીં પાર' મહીલા
થાશે મારી પ્યારી.

" મારા ભાગ્યતણી બલીહારી થયા સ્હાય વિશ્વધારી.
" મોંઘી કિમતે પ્રાણ થયા છે, પ્રાણપતિ મારા.
" અનહદ સંકટની સીમાએ. બન્યા પ્રિતમ પ્યારા—મારા.
" દુષ્ટ પિતાના પંજામાંથી છુટીને હું આવી.
" મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા., એ કહેવતમાં હું ફાવી—મારા.
" કન્યા વિક્રયના કર્તાની સુતાને સમજાવું.
" મારા માફક કરવા માટે કદી નહીં મુંઝાવું.—મારા.

ગાયન.

(૨૨)

રાગ—બિલ્વ મંગળના ખેલમાં

વિષયવાસ મમ માત તજીને કૃષ્ણુ ભજનનું કરવાદે.
" સરસ નિરસ સુખદુઃખ નવગણીને સંતોષ માની રહીએજી.
" તિવ્રશક્તિનો ઉત્કર્ષ કરીને પ્રૌઢ નાવથી તરીએજી.
" સકળ શિરોમણી મનહર મુર્તી નામ નારાયણ લઈએજી.
" સુવર્ણ પ્રભાતે નિજપતિની શેવા સદંતર કરીએજી.
" પૂર્ણ પ્રતાપી મન રાખીને સુખ સાગરમાં તરીએજી.
" અલક્ષ્ય ભક્તિને અખૂટ શક્તિથી પતિનું મન રિજવીએજી.
" સમગ્ર સુખમાં અનંત દુઃખમાં પતિને પ્રભુ સમ ગણીએજી.
" તો ભવ સાગરમાં તરી જઈને મહાસતિ કહેવાયેજી.

લેખક

" પ્રાણંલક્ષ્મીના પ્રથમ ભાગની પુર્ણાહુતી કરશોજી
" સિંધુ સુતાનો સેવક કહે છે કંઈક પ્રસાદી લેશોજી.

સમાપ્ત

આ લેખકે લખેલા

ત્રણ અંકી નાટકો

અત્યંત વીરરસથી ભરપુર

નામ.

૧. કૌરવ વિનાશ.

૨. બહાદુર રત્નસિંહ

૩. રામ–રાવણની લડાઈ.

હાલના જમાનાનો આબેહુબ ચીતાર બતાવનારા
બે સંસારિક ખેલો.

૪. પ્રાણ–લક્ષ્મી.

૫. પ્રાણ–લક્ષ્મીનો ગૃહસ્થાશ્રમ.

થોડાક વખતમાં છપાઈ બહાર પડશે.

મહેરબાન વૈદ્યરાજ,

કૃપાશંકર ઝીણાભાઇ અમરેલીકર.

આપના પુસ્તકમાંથો મેં એક ગાયન મારા પ્રાણ લક્ષ્મી નામના પુસ્તકમાં સમયનું સંરક્ષણ કરવા માટે દાખલ કર્યું છે તો તે બાબતમાં આપનો આભાર માનવાની તક જવા દેતો નથી.

મહેરબાનં પોંપટલાલભાઇ મહુવાકર,

આપના પુસ્તક માંહેની એક ગરબીમાંથી થોડોક ઉતારો મારા પ્રાણ લક્ષ્મી નામના પુસ્તકમાં એક ગાયનમાં દાખલ કર્યો છે જેને માટે આપનો ઉપકાર માનું છું.

શુદ્ધિ પત્રક.

પાનું ૪૬ લીટી ૧૦ [સત્ય ખુલાસો રીતે] નહીં પણ સત્ય રીતે ખુલાસો.

પાનું ૫૦ લીટી ૪ [પ્રતિઠામાં] નહીં પણ પ્રતિષ્ટામાં

પાનું ૯૦ લીટી ૧૬ (રૂ. ૫૦૦૦) નહીં પણ ૬૦૦૦.

એ સિવાઇ બીજા જે કંઇ દોષો જોવામાં આવે તે વાંચનારાઓએ દરગુજર કરવા મહેરબાની કરવી.

L. P. Bhutta.

પ્રાણ-લક્ષ્મી

ભાગ ૧.

મળવાનુ ઠેકાણુ

બારભાયા મોહલો-મુરાર ભુવન.

બીજે માળે. લેખક પાસેથી

અથવા તો

લેખકનું જ્યા મુકામ હશે ત્યાંથી

રૂ. ૧-૮-૦ કીમ્મતથી મળશે.